# સોરઠ વિશાશ્રીમાળી

SORATH VISASHRIMALI - RNI NO.: 22805/73

Vol. No. : 52 ❖ Issue : 12 ❖ Pages : 52 ❖ Mumbai ❖ December 2024 ❖ Price : Rs.8/-


## ભાઈબીજ સ્નેહ સંમેલન ૨૦૨૪ના યાદગાર સંભારણા...










## ડિસેમ્બર માસના મુખપત્રના ''સૌજન્ય દાતા''

# શ્રી ધીરજલાલ મનજી મહેતા

## (ધીરૂ બાપા)



આપણાં સમાજમાં ધીરૂબાપાના નામે જાણીતા થયેલા શ્રી ધીરજલાલ મનજી મહેતાની એક આગવી ઓળખ હતી. તેમનો જન્મ શેઠવડાળા ગામમાં તા.૨૭-૨-૧૯૨૨ના રોજ થયેલ. શરૂઆતમાં પ્રાથમિક અભ્યાસ પૂર્ણ કરી નાની ઉંમરમાં નોકરીએ લાગી ગયેલ. પહેલાં છ વર્ષ નોકરી કરી ત્યારબાદ ૬ વર્ષ દલાલી કરેલ, ત્યારબાદ અનુભવથી ઘડાયને પોતાનો કાપડનો સ્વતંત્ર ધંધો શરૂ કર્યો. જાતમહેનત, વ્યાપારી કુનેહ, વ્યવહારિકતા અને મીઠી જબાનથી ધંધાનો ખૂબ જ વિકાસ કર્યો હતો. ૨૯ વર્ષ ધંધો સંભાળી, ધંધાનું સુકાન તેમના પુત્રોને સોંપી તેઓ નિવૃત્ત થયા. સમજુ વડીલની અદાથી પુત્રો, જયેશભાઈ તથા વિરલભાઈ મોટા થતાં તેમના હાથમાં ધંધાની ધૂરા સોંપી સમાજ પ્રત્યેની જવાબદારી સંભાળી જે ત્યારે નિવૃત્ત થયેલા અનેક વડીલો માટે પ્રેરણાસ્ત્રોત સમાન છે. સ્વર્ગસ્થ પત્ની જયાબેન તથા ત્રણેય દીકરીઓ તેમની ધાર્મિક પ્રેરણા હતી.

તેઓ શાંત, સૌમ્ય અને સ્પષ્ટવક્તા હતા. ધંધાકીય નિવૃત્તિને ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિમાં પલટી નાખનાર દીર્ઘદષ્ટા બુઝુર્ગ હતા. તે વખતે ઘાટકોપરની કામાગલી, શ્રી મુનિસુવ્રત સ્વામી જૈન દેરાસરમાં પ્રવેશતા અને જમણા હાથે આવેલી ઓફિસમાં ફક્ત નજર ફેરવતા, તો એક બેઠા દડીના, ધોતિયું - ઝભ્બો પહેરેલ વ્યક્તિને બેઠેલ જોતા તો લોકોને ધીરૂબાપા જ છે તેમ સમજી જતાં. આ દેરાસરમાં જિંદગીના ચાર દાયકા સુધી કમિટી મેમ્બર, માનદ્ મંત્રી, ઉપપ્રમુખ અને પ્રમુખ પદ તેમજ ટ્રસ્ટી, મેનેજિંગ ટ્રસ્ટી વગેરે હોદ્દાઓ પર ક્રમાનુસાર રહી સેવા આપેલ હતી. ઉપરાંત આ દેરાસર હસ્તક ચાલતા ૬૦ ફૂટ રોડ, પંતનગર જૈન દેરાસર વગેરેમાં તેઓએ સેવાઓ આપેલ હતી. ધંધાકીય ક્ષેત્રમાં પણ તેઓ મુળજી જેઠા માર્કેટ મર્ચન્ટસ એસોશિયેશનમાં મંત્રી, ખજાનચી અને લવાદ કમિટીમાં સેવા આપેલ હતી. ગુરુ ભગવંતોની વૈયાવચ્ચ અને સંઘનું કાર્ય એ તેમનું જીવનધ્યેય હતું.

સમાજની અમૂલ્ય મૂડી સમાન પૂજ્ય ધીરૂબાપા કાર્તિક પૂનમ તા.૨૧-૧૧-૨૦૧૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા અને સેવાની સુગંધ ચોતરફ મુકતા ગયા. આવા સેવાભાવી મુઠ્ઠી ઉંચેરા માનવીને સમાજના કોટિ કોટિ વંદના...

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ**

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**
૪, દેવકરણ મેન્શન, બિલ્ડીંગ નં.૭, બીજે માળે,
૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨.
ફોન : ૦૨૨ - ૨૨૦૬૯૧૭૨
**સમય** : બપોરે ૧ થી સાંજે ૬ (1.00 pm to 6.00 pm)
**E-Mail:**svjainsamajmumbai2@gmail.com
data@svjainsamaj.com www.svjainsamaj.com
**તંત્રી : શ્રી રાજેન્દ્ર ઓત્તમચંદ પુનાતર - મો. ૭૦૨૧૨૦૧૨૮૦**

**સમાજની કારોબારી સમિતિ**

શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા.......................... પ્રમુખ
શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા ................ત.ભૂ.પ્રમુખ
શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા........................... ઉપપ્રમુખ
શ્રી આશિષભાઈ વિનોદરાય મહેતા.................. માનદ્‌મંત્રી
શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી............. માનદ્‌મંત્રી
શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા...................... ખજાનચી
શ્રી રાજેન્દ્રભાઈ ઓત્તમચંદ પુનાતર............... મુખપત્ર તંત્રી
શ્રી મહેશભાઈ કાંતિલાલ વોરા............................ સભ્ય
શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી.......................... સભ્ય
શ્રી જયંતભાઈ ચુનીલાલ દોશી............................ સભ્ય
શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા........................સભ્ય
શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા........................... સભ્ય
શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા.........................સભ્ય
શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા............................. સભ્ય
શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા............................. સભ્ય
શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા......................... કો-ઓપ્ટ
શ્રી પ્રવિણચંદ્ર ચીમનલાલ વોરા........................ કો-ઓપ્ટ

**Bank Details**
**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**Banker :** Bank of Baroda, M.J. Market, Mumbai - 400003.
**S.B. A/C No.** 03870100000044
**IFSC** : BARB**0**BULLIO **(fifth digit will be numerical zero),**
**MICR** : 400012047

**NAME : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**
**Banker :** Union Bank of India
Princess Street, Mumbai - 400002
**S.B.A/C.No.** 319102010054364
**IFSC** : UBIN0531910

કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે.
**Auditor :** Viren Vasa & Associates
Chartered Accountant, Mumbai

લવાજમ દરો ભારતમાં આજીવન : રૂા.૨૭૦૦/-
પરદેશમાં (ફક્ત વાર્ષિક) : USD 20 (Yearly)


**મુદ્રણ અને પોસ્ટિંગ : લક્કી પ્રિન્ટર્સ**
૪૦, મહેતા ઈન્ડ. એસ્ટેટ, લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં. ૩,
મલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૪

# સર રતન ટાટાના જીવનના મૂલ્યોને અને તેમના વિચારોને સલામ કરૂ છું....



ઉદ્યોગપતિ શ્રી રતન ટાટા ના નિધનથી સમગ્ર દેશના લોકોને આંચકા સાથે દુઃખની લાગણી થઇ છે. રતન ટાટાના નિધનથી ભારત એ માત્ર એક ઉદ્યોગપતિ જ નહીં પરંતુ એક ઉમદા વ્યક્તિને પણ ગુમાવ્યા છે. રતન ટાટા માનવતાને જ શ્રેષ્ઠ ધર્મ માનતા હતા. તેઓ દરેક ધર્મ માટે આદર ધરાવતા હતા. કારણ કે તેમનું માનવું હતું કે દરેક ધર્મ મનુષ્યને માનવતા, ઉદારતા, દયા, કરૂણા અને પરોપકારની ભાવના જ શીખવે છે. તેઆએ તેમના જીવનકાળ દરમ્યાન અત્યારે જે મુકેશ અંબાણી કે ગૌતમ અદાણીની પાસે સંપતિ છે લગબગ તેટલી રકમ દાનમાં આપી દીધી હતી. કર્મચારીઓનું હિત તેઓની પ્રાથમિકતા હતી. તેઓ પૈસા પોતાના પાસે ભેગા કરવાને બદલે જરૂરીયાતમંદો વચ્ચે વહેંચીને જીવવામાં માનતા હતા. તેઓ કહેતા કે તમારા કપડા કે દેખાવ માત્ર તમારા ટેલેન્ટને ઉજાગર નથી કરતા. કામ પ્રત્યેની નિષ્ઠા જ મનુષ્યને ઉપર લઇ જાય છે. તેઓ સાદગીમાં માનતા અને હંમેશા સાદગી ભર્યું અને કોઇપણ જાતના દંભ વગરનું જીવન જ જીવ્યા છે. આવા ઉદ્યોગપતિ કયારેક જ જન્મ લેતા હોય છે. આવા ઉદ્યોગપતિઓ દેશને કયારેક જ મળે છે. આજના ઘણાખરા ઉદ્યોગપતિ માત્ર સ્ટેટસ, દેખોડો, દંભ અને અંગત મોજશોખ માટે જ તેમજ માત્ર પોતાના પરિવારના સુખ માટે જ કમાણી કરી રહ્યાં છે. સમાજ પાસેથી મેળવેલું તેઓ સમાજને પરત કરવામાં માનતા નથી. માત્ર અને માત્ર પૈસાની ભુખ અને તે એટલી હદે કે સાત પેઢીને ચાલે તેટલું ધન ભેગું કર્યા પછી પણ સમાજને કાંઇક અર્પણ કરવાની ભાવના હોતી નથી. જેના મનમાં દયા નથી, કરૂણા નથી, માનવતા નથી, સમાજ માટે કાંઇક કરી છુટવાની ભાવના નથી તેઓ મનુષ્ય અવતારને વ્યર્થ વેડફી રહ્યાં છે એવું મારૂ માનવું છે. રતન ટાટા ના જીવન ચરિત્ર ઉપરથી ઘણું જ શીખવા જેવું છે. તેઓનું જીવન એક વૃક્ષ સમાન હતું. જેમ વૃક્ષ મનુષ્યને, પ્રાણીને પશુ-પંખીઓને ખોરાક પુરો પાડે છે, છાયડો આપી શીતળતા અર્પે છે. પ્રાણવાયુ પુરો પાડે છે તેવું જ પરોપકારી અને સાદગીભર્યું જીવન સ્વ.શ્રી સર રતન ટાટાનું હતું.

તંત્રી સ્થાને થી....



શ્રી રાજેન્દ્રભાઈ પુનાતર
મો. ૭૦૨૧૨૦૧૨૮૦
૯૩૨૩૧૪૧૫૯૫

# એક ડર - મૃત્યુ નો

**જે જન્મે છે તેનું મરણ નિશ્ચિત જ છે**

જન્મ અને મરણ એ ઇશ્વર ને આધીન છે આ સનાતન સત્ય આપણે સૌ કોઇ જાણીએ છીએ અને સમજીએ છીએ, છતાં પણ મૃત્યુ નું નામ પડતા શરીરમાં એક ન સમજાય તેવી અશાતા ઉત્પન્ન થતી હોય છે. લગભગ બધાને મૃત્યુનો ડર સતાવતો હોય છે. મૃત્યુ આવવાનું ચોક્કસ છે, પરંતુ કયારે આવશે તે ખબર નથી. તો જેનું આગમન નિશ્ચિત છે તના વિશે વિચારવાનું શું કામ ? તેના વિશે ચિંતા કરીને પણ શું લાભ થવાનો છે.

અમુક ઉંમર થતાની સાથે આ ડર લાગવાનું શરૂ થઇ જાય છે. સામાન્ય રીતે વન પ્રવેશ પછી આની શરૂઆત થઇ જતી હોય છે. સાઠી વટાવ્યા પછી આ ડર મજબૂત થઇ જતો હોય છે અને ૭૦ પછી રોજ આ વિચારો આવી જતા હોય છે કે હવે કેટલો સમય બાકી છે. કોઇપણ વ્યક્તિ પોતે જાહેરમાં ભલે કહેતી હોય કે મને મૃત્યુનો ડર નથી પરંતુ ભીતર થી તેને મોતનો ડર જરૂર સતાવતો હોય છે.

મૃત્યુ નિશ્ચિત છે તો પછી તેની ચિંતા અત્યારથી કરીને શું ફાયદો છે. આપણે આવતીકાલે આવનારી આફત કે પરિસ્થિતિ વિશે ચિંતા કરીને આપણી આજને વિષાદમય બનાવી દેતા હોઇએ છીએ. આજના સંજોગોમાં જેટલું મન ભરીને મોજથી જીવાય તેટલું જીવી લેવું જોઇએ. આ તબક્કે રાજેશ ખન્નાનો એક ડાયલોગ જરૂર યાદ આવી જાય **'બાબુ મોસાઇ, જિંદગી બડી હોની ચાહિયે લંબી નહીં'** આ જ વાત આપણા સૌના જીવનને લાગુ પડે છે. આવતીકાલની ચિંતા છોડીને મુક્ત મને જીવીને આપણી આજને ખુશીથી ભરી દેવી જોઇએ.

સામાન્ય રીતે દરેક વ્યક્તિ એવું વિચારે છે કે મારા મૃત્યુ પછી આનું શું થશે અને તેનું શું થશે અને આ ચિંતામા જીવવા જેવા દિવસોને ચિંતામાં વેડફી મારે છે. અરે ભાઇ, તમારા જવાથી કંઇ ફરક પડવાનો નથી. તમારા મૃત્યુ પછી જેનું જે થવાનું હોય તે થાય તમને શું ફરક પડવાનો છે ? તમારા મૃત્યુ પછી લોકો તમારી દિવાલ પર ટાંગેલી છબીને હાર પહેરાવે છે કે તમારા વિશે કંઇ પણ બોલે તમને શું ફરક પડવાનો છે ? આપણો એ ભ્રમ હોય છે કે મારા મરણ પછી મારા સંતાનો મારા જેવો ધંધો કે બીજુ કોઇપણ કાર્ય મારા જેવું નહીં કરી શકે. આપણે લાખ પ્રયત્નો કરીને સંતાનોના સુખ માટે પૂરતી સંપતિ મૂકીને જઇએ પરંતુ જો તેના નસીબમાં નહીં હોય તો કદાચ રસ્તા પર પણ આવી શકે છે અને સારા નસીબ હશે તો મર્સિડીઝ ગાડીમાં પણ ફરતો થઇ શકે છે.

આપણા મૃત્યુ પછી દુનિયાની કોઇ બાબતમાં આપણું કશું ચાલવાનું નથી, તો પછી જિંદગીમાં આટલા ઉધામાં શાને માટે કરવા કે લોકો આપણને મરણ પછી પણ યાદ કરે, કુટુંબીજનો માનપૂર્વક સમયાંતરે યાદ કરે. જિંદગીનું એક સનાતન સત્ય સમજી લેવાનું છે કે આપણા વગર દુનિયાનું તો શું, આપણા કુટુંબનું પણ કોઇ કામ અટકી જવાનું નથી. સમયની સાથે બધું જ ભુલાઇ જતું હોય છે, તો પછી **'આપણા પછી શું'** એવી ચિંતા કરીને આપણા જીવનની શાંતિ શું કામ અશાંતિમાં પરિવર્તિત કરવી.

જૈન ધર્મના સિદ્ધાંત પ્રમાણે સૌને સારા કે ખરાબ કરેલા કર્મોનું ફળ અચૂક મળે છે. તો પછી બધી જ ચિંતા ને એક તરફ રાખીને સત્યકાર્ય કરવા તરફ મનને વાળવું અને યથાશક્તિ કોઇને મદદરૂપ થવાનું નક્કી કરીશું. તો જરૂર આપણે આપણને લાગતા મૃત્યુના ડર થી બચી શકીશું અને જિંદગીને ખરેખર માણી શકીશું.

જીવન-ધર્મ શ્રેણી

# જીવનની બાર ધારાઓ

૭

## 'આશ્રવ ભાવના'

- મહેન્દ્ર પુનાતર

## મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિ કર્મોનું પ્રવેશદ્વાર

**આસ્રવ એટલે કર્મોનું આત્મામાં દાખલ થવું અને તેના નિમિત્તરૂપ પાપ પ્રવૃત્તિ અને પરિણામે દુઃખ અને પીડા. આ ભાવનાનું ચિંતન પાપ કરતા અટકાવે છે અને કર્મો બંધાય નહીં તેનાથી સતત જાગૃત રાખે છે. આફતને રોકવાની આ પૂર્વ તૈયારી છે.**

બાર ભાવનાઓ આકાશમાં ટમટમતા તારલા જેવી છે જે જીવનના ઘોર અંધકારમાં પ્રકાશ પાથરીને નવી દિશા ચીંધે છે. આ ભાવનાઓનું સતત ચિંતન તન અને મનને સ્વચ્છ કરે છે.

અનિત્ય ભાવનામાં આપણે એ જાણ્યું કે જગતની પ્રત્યેક વસ્તુ નાશવંત છે. અશરણ ભાવનામાં જોયું કે મનુષ્ય ગમે તેટલો શક્તિશાળી હોય, પણ કોઇનું શરણ કામ આવતું નથી. સંસાર ભાવનામાં ખ્યાલ કર્યો કે સંસાર રાગ-દ્વેષનો સંગ્રામ છે. મોહ અને આસક્તિથી આપણે બંધાયેલા છીએ, એકત્વ ભાવનામાં એકલા આવ્યા અને એકલા જવાના છીએ તેનો બોધ થયો, અન્યત્વ ભાવનામાં આપણે જોયું કે અહીં આપણું પોતાનું પણ આપણું નથી. અશુચિ ભાવનામાં ખ્યાલ કર્યો કે કોઇ વસ્તુ ગમે તેટલી સુંદર હોય પણ તેની સુંદરતા લાંબો સમય ટકતી નથી. રૂપ અને ધનનું અભિમાન નકામું છે. બધું જીર્ણ અને અશુદ્ધ થવાનું છે. હવે આપણે ભાવનાના ગહન તબક્કામાં આસ્રવ ભાવના અંગે જાણવા પ્રયાસ કરીશું.

સૌ પ્રથમ આપણે સમજીએ કે આસ્રવ એટલે શું ? આસ્રવ એટલે કર્મોનું આત્મામાં દાખલ થવું તે અને તેના નિમિત્તરૂપ પાપ પ્રવૃત્તિ અને તેના પરિણામરૂપ દુઃખ અને પીડા. આ ભાવનાનું ચિંતન આપણને પાપ પ્રવૃત્તિ કરતા અટકાવે છે અને કર્મો બંધાય નહીં તેનાથી સતત જાગૃત રાખે છે. કોઇ પણ આફત આવવાની હોય તેને રોકવાની આ પૂર્વ તૈયારી છે. રોગનો ઇલાજ નહીં, પરંતુ રોગ ન થાય તેની કાળજી લેવાની આ વાત છે.

ઇન્દ્રિય ભોગોની નશ્વરતાનું ચિંતન કરવાથી ભોગોથી બચી શકાય છે. ઇન્દ્રિય પર અંકુશ નથી રહેતો, સંયમ જળવાતો નથી ત્યારે શારીરિક અને માનસિક કષ્ટો ભોગવવા પડે છે. સ્વાદ, સ્પર્શ, ગંધ આ બાબતમાં વિષય ભોગો છે. ચામડીને સુંવાળો મુલાયમ સ્પર્શ ગમે છે. જીભને સ્વાદિષ્ટ ભોજન, નાકને સુગંધિત દ્રવ્યો અને આંખને રૂપાળા, સુંદર આકર્ષક ચહેરાઓ અને દૃશ્યો જોવા ગમે છે. કાનને પણ ગીત-સંગીત અને ખાટી-મીઠી વાતો સાંભળવાની મજા આવે છે. આ બધી ઇન્દ્રિયો સાથે મન જોડાયેલું છે. જીભ ન ખાવા જેવા પદાર્થોનો સ્વાદ માણે છે. નાકને માદક દ્રવ્યની સુગંધ ગમે છે. આંખ ન જોવાનું જુએ છે અને કાન ન સાંભળવાનું સાંભળે છે. આ પાંચે ઇન્દ્રિયો પર આપણો અંકુશ નથી. તેની વિષય તૃષ્ણા મનને બહેકાવે છે. આ અંગેની આસક્તિના કારણે કર્મોના બંધન થાય છે. મિથ્યાત્વ, અવિરતી, કષાય, પ્રમાદ, આર્તધ્યાન, રોદ્ર ધ્યાન, મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિ તેમ જ સંસાર અને દુન્યવી ચીજોનું આકર્ષણ આસ્રવનું કારણ છે. આ બધી ચીજો રાગ-દ્વેષ અને મોહ ઉભો કરે છે. આ પ્રકારની પ્રવૃત્તિમાં રત રહેવાથી કર્મો બંધાય છે.

ઘરના બારી-બારણા ખુલ્લા રાખીને સોડ તાણીને સૂઇ જઇએ તો ચોર-લૂટારુઓને અંદર ઘુસવાનો મોકો મળે છે તેવી જ રીતે પાંચે ઇન્દ્રિયોના દ્વારો ખુલ્લા મૂકી દઇએ અને તેની પર કોઇ પણ જાતનો અંકુશ અને પહેરો ન હોય તો કર્મોના ધાડાઓને આવવાનો માર્ગ મળી જશે. ઇન્દ્રિયો સામે લડવાનું નથી, પરંતુ સમજીને સંયમ દ્વારા તેના પર વિજય મેળવવાનો છે.

મન એટલે વિચારોનો સંગ્રહ, કર્મોનો સંગ્રહ, અનુભવોનો

સંગ્રહ. આપણે જે કાંઇ છીએ તે મનના કારણે છીએ. આ સંસારના રંગોને આપણે મનથી ઘૂંટીએ છીએ અને તેના રંગને ઘેરો બનાવીએ છીએ. કોઇ પણ વસ્તુ સારી કે ખરાબ નથી. તેના પ્રત્યેની આસક્તિ અને મમત્વ માણસને જંપવા દેતું નથી. માણસ આ બંધનમાં જકડાઇ જાય છે. મનથી આપણે વસ્તુને વિકૃત બનાવી નાખીએ છીએ. જીવનમાં ક્ષણે ક્ષણે પ્રલોભનો ઊભા થાય છે. માયા વારંવાર જાગે છે. ત્યાગી માણસ પણ મનને ન સંભાળે તો લપસી પડતા વાર લાગતી નથી.

શરીરની શુદ્ધિ જેમ મનની શુદ્ધિ પણ જરૂરી છે. મન જયાં સુધી સાફ ન થાય ત્યાં સુધી બહારના ઉપદ્રવો ચાલુ રહેવાના છે. 'મન મેલા તન ઉજળા' જેવી આજે પરિસ્થિતિ છે. બહારથી માણસ સુંદર દેખાતો હોય પણ મન વિકૃતિથી ભરેલું હોઇ શકે છે. કોઇના મનનો તાગ મેળવવાનું મુશ્કેલ છે. માણસ કયારે કેવા વિચારો કરતો હશે તે જાણી શકાતું નથી. વિચારોના ઘોડા દોડ્યા કરતા હાય છે. મન એક ક્ષણમાં અહીં હોય તો બીજી ક્ષણે બીજી કોઇ વસ્તુમાં લપેટાયેલું હોય છે. મન ગમે ત્યાં પોતાની જગ્યા પૂરી લે છે અને પોતાને ગમે તેવા રંગો પૂરી લે છે. મનની વ્યાકુળતાનું કારણ અંદરના વિકારો છે. મન જેવું ઇચ્છે છે તેવું જુએ છે. મન છૂટી જાય તો બધુ છૂટી જાય. લોભ, મોહ, ક્રોધ, તૃષ્ણા, લાલસા આ બધુ મનના કારણે છે. મોટા ભાગના પાપો મનથી થતા હોય છે. તેમાં પકડાવવાનો ડર નથી, જે પાપ મનમાં હોય છે તેને કર્મમાં પરિણમતા વાર લાગતી નથી.

કામના અને ઇચ્છા એ સર્વ પાપોનું મૂળ છે. કોઇને ધનની, કોઇને પદની તો કોઇને પ્રતિષ્ઠાની કામના છે. કામના કદી પૂર્ણ થતી નથી. એક ઇચ્છા પૂર્ણ થાય તો બીજી ઇચ્છા જાગે છે. તેનો કોઇ અંત નથી. મન તો અતૃપ્ત રહે છે અને અનેક કર્મો કરાવે છે. ઇચ્છાઓ અને વાસનાઓને કારણે મોટા ભાગના દુઃખો સર્જાતા હોય છે. કોઇકનું કાંઇક સારું થાય તો ઇર્ષા ઊભી થાય છે. વધુને વધુ મેળવવા માટે લોભ અને લાલચ ઊભી થાય છે. જે કાંઇ છે તે ચાલ્યું જાય તો ચિંતા અને દુઃખ ઊભું થાય છે. આ બધો મનનો ખેલ છે. મન આપણને નચાવે છે અને ન કરવાનું કરાવે છે. મનને કાબૂમાં રાખવા આપણી જાતને ઓળખવી જોઇએ અને અંતરમનમાં નિરીક્ષણ કરવું જોઇએ. કોઇ વિચારકે કહ્યું છે તેમ 'દેખો અપને આપકો, સમજો અપને આપ, અપને કો જાને બીના મીટે ન ભવ સંતાપ' મોટાભાગના પાપ કર્મો પ્રમાદ અને મૂર્ચ્છાને કારણે આવે છે. આપણે સૌ તંદ્રામાં પડેલા મનુષ્યો છીએ. આપણે જે કાંઇ કરી રહ્યા છીએ તે બેહોશી અને અજાગૃત અવસ્થામાં કરી રહ્યા છીએ. ભગવાન મહાવીરે ક્હયું છે કે 'પ્રમાદ ન કરો' તેના અર્થ છે પ્રતિક્ષણ જાગૃત રહો. વૃક્ષ જેટલું અંદર જાય છે તેટલું બહાર ઊંચું આવે છે. આપણે જેટલા અંદર ઊતરીશું એટલા બહારથી મજબૂત બની શકીશું. આંતરિક ચેતના અને જાગૃતિ વગર આત્મા પર વિજય મેળવી શકાય નહીં.

મનુષ્યે અધર્મ છોડવાની જરૂર છે. અધર્મ છૂટી જશે તો ધર્મ એનીમેળે આવી જશે... વિચારોથી, બોધથી અધર્મ છૂટી જાય છે. પણ આપણે આંખો મીંચીને બધુ કરી રહ્યા છીએ એટલે કશું શીખી શકતા નથી. જે વસ્તુ વિચારપૂર્વક સમજીને થતી નથી. તેમાં આડે રસ્તે ચડી જવાય છે અને કર્યા પછી અફસોસ થાય છે. કેટલીક વસ્તુઓ ક્ષણિક આવેશમાં થતી હોય છે ત્યારે માણસને તે શું કરી રહ્યો છે તેનું ભાન રહેતું નથી. આપણે બહારથી સાધીએ છીએ ધર્મ અને અંદર રહી જાય છે અધર્મ. માણસ જેવો છે તેવો દેખાતો નથી. બહાર અહિંસા અંદર હિંસા, બહાર અચોરી અંદર ચોરી, બહાર અપરિગ્રહ અંદર ભેગું કરવાની લાલસા, બહાર ત્યાગ અંદર રાગ, બહાર વૈરાગ્ય અને અંદર વાસના. આમ બહાર અને અંદર જુદું છે. માણસ બેવડું જીવન જીવી રહ્યો છે. જેના કારણે ધર્મને આત્મસાત થઇ શકતો નથી. અને પાપકર્મોના પોટલા બાંધી રહ્યો છે. દંભ અને દેખાવ સાચો ધર્મ નથી. ધર્મ આત્મકલ્યાણ માટે છે બીજાને બતાવવા માટે કે તેનું પ્રદર્શન કરવા માટે નથી. સાચો તપસ્વી અને ધાર્મિક માણસ બહાર દેખાય નહીં. બહાર જે બધુ દેખાય છે તે બોદુ છે.

'કરણી તેવી ભરણી' કર્મો કોઇને છોડતા નથી. કર્મનો બદલો મળ્યા વગર રહેતો નથી. ખોટું કામ કરીએ તો અંતર ડંખતું હોય છે અને વસવસો પણ રહે છે કે આમ ન કર્યું હોત તો સારું થાત એવો વિચાર પણ આવે છે. કર્મ એક વખત થઇ ગયા પછી તેને પાછું વળી શકાતું નથી. માણસ પસ્તાયા પછી પણ આવું બધું કરતો રહે છે. ભીતરના દ્વારો જયાં સુધી ખુલતા નથી ત્યાં સુધી ચેતનાની ક્ષણો સર્જાતી નથી.


મહાવીરપ્રભુને કોઇએ પૂછ્યું જિજ્ઞાસા વ્યક્ત કરી કે 'સાધક કેવી રીતે ચાલે, કેવી રીતે ઊભો રહે, કેવી રીતે સૂએ, કેવી રીતે ભોજન કરે, કેવી રીતે બોલે જેથી પાપકર્મો ન બંધાય. મહાવીર પ્રભુએ માત્ર એટલું કહ્યુંઃ સાધક વિવેકથી ચાલે, વિવેકથી ઊભો રહે, વિવેકથી ઊઠે, વિવેકથી સૂએ. વિવેકથી ભાજન કરે અને વિવેકથી બોલે તો પાપ કર્મો બંધાતા નથી. ઉઠવા બેસવાનું મૂલ્ય નથી. વિવેકનું મૂલ્ય છે. વિવેક એટલે સંયમ. વિવેકનો અર્થ છે જાગૃતિ અને હોંશ, તપ અને સંયમ માણસને ધર્મમય બનાવે છે પછી રાગદ્વેષ અને માયાના બંધનો રહેતા નથી. સ્મયકદૃષ્ટિ કેળવાય છે. સાચા-ખોટાની સમજ ઊભી થાય છે. ટાગોરની એક રચના આપણને આ અંગેનો મર્મ સમજાવે છે.

'મુજ મોહ સઘળો જે બધો
મુક્તિરૂપે સળગી ઊઠો
મુજ પ્રેમ સઘળો જે બધો
ભક્તિરૂપે વ્યાપી રહો'

આસ્રવ ભાવનાનું ચિંતન આપણને કષાયોથી-કર્મોથી જાગૃત કરે છે અને પાણી પહેલા પાળ બાંધવાનો આપણને નિર્દેશ કરે છે.

-(હવે પછી સંવર ભાવના)

# ભાવભરી શ્રધ્ધાંજલિ



જન્મ :
તા.: ૧૦-૦૫-૧૯૩૮

અરિહંત શરણ :
તા.: ૨૧-૦૬-૨૦૨૪

## સ્વ. ઝવેરીલાલ વીઠ્ઠલજી કોરડીયા (ઉમર ૮૬ વર્ષ)

મૂળ વતનઃ ખારચીયા (વાંકુના) હાલ- બોરીવલી (મુંબઇ)

આપનો સૂઝ બૂઝ અને દીર્ઘ દષ્ટિ વાળો સ્વભાવ, પરોપકાર, પ્રવૃત્તિમય, સક્રિય, લાગણીશીલ અને જીવન માં કંઇક પરિવાર, મિત્ર, કલાઇન્ટ અને સમાજ માટે કરી છૂટવાની ભાવના, આપણી આસપાસના લોકોનું ભલું અને કલ્યાણ કેમ થાય તેના સતત પ્રયાસો આપની આગવી ઓળખ દર્શાવતા હતા.
આપનો પ્રેમાળ, નિખાલસ, મિલનસાર સ્વભાવ, કુટુંબ પ્રત્યેની જવાબદારી, ધર્મ પ્રત્યેની ભાવના અને સૌના પ્રેરણા દાતા, માર્ગદર્શક એવા પિતાશ્રીની પુણ્યતિથી અમારા જીવનમાં જયોતરૂપી પ્રકાશ ફેલાવતો રહેશે.

**પ્રભુ આપના આત્માને પરમશાંતિ અર્પે એવી હૃદયપૂર્વક પ્રાર્થના...**

**પુત્ર તથા પુત્રવધુઓ** : મીના યોગેશ કોરડીયા તથા **પૌત્ર** : અભય
સોનલ નિલેશ કોરડીયા તથા **પૌત્ર** : તારણ
પૂજા કમલેશ કોરડીયા તથા **પૌત્ર** : કૃણાલ અને **પૌત્રી** : કેલી
**પુત્રી** : પ્રીતિ નિતીનકુમાર
**દોહીત્ર** : કેવીન - **દોહીત્રી** : આશ્વી
સમસ્ત કોરડીયા પરિવારનાં વંદન

| | | |
|---|---|---|
| યોગેશભાઈ કોરડીયા | નિલેશભાઈ કોરડીયા | કમલેશભાઈ કોરડીયા |
| મો.: ૯૮૩૩૯૪૪૮૫૮ | મો.: ૯૮૨૧૩૬૬૬૮૦ | મો.: ૯૮૨૦૪૮૯૪૯૦ |

# વ્યક્તિવિશેષ મુમુક્ષુ શારદાબેન વોરા

**શાંતિલાલ પોપટલાલ વોરા (પાનેલી મોટી)**

સૌથી પહેલાં એક સ્પટીકરણ કે આ લેખ લખવાનું પ્રયોજન અને કારણ શું ?

શારદાબેન શાંતિભાઈ વોરા (જન્મ રંગૂન ૨૩/૦૩/૧૯૨૯, દેહવિલય : અમદાવાદ ૨૭/૦૨/૧૯૯૭) ખરા અર્થમાં મુમુક્ષુ હતાં. તેમની પ્રતિભાને યથાર્થપણે સમજી શક્યું હોય એવાં કેટલાક લોકોમાંની એક હું છું. સામાન્ય રીતે પતિ, પોતાની પત્ની અંગે કંઇ વિશેષ લખે, તે યોગ્ય ન ગણાય. પરંતુ હું એમના જીવનનો ૫૧ વર્ષનો સાક્ષી રહ્યો છું. એટલે મેં આ લખવાની હિંમત કરી છે.

એમના જીવનના બે વિભાગ કરીએ, તો એક હતો લૌકિક-સાંસારિક અને બીજો આધ્યાત્મિક. એમના બાળપણમાં બારથી ચૌદ વર્ષની ઉંમરમાં નાના ભાઇ-ભાંડુઓને જગાડવા, નવડાવવા, ધોવડાવવા, તૈયાર કરીને નિશાળે મોકલવા. એ બધી જવાબદારી તેમણે ઉપાડી લીધી હતી. અઢાર વર્ષની ઉંમરે તો એમના લગ્ન થઇ ગયેલાં. તે અગાઉ જ ઘરકામમાં ઘણો અનુભવ પ્રાપ્ત થયો હતો. એટલે સાસરિયામાં સંયુક્ત કુટુંબ હોવા છતાં બહુ સરળતાપૂર્વક એડજસ્ટ થઇ ગયેલાં. લગ્ન પહેલાં મેટ્રિકમાં હતાં. પણ મેટ્રિકની પરીક્ષા આપી ન શક્યાં એટલે ભણતરમાં નોન મેટ્રિક પણ ઘરકામમાં પાવરધાં હતાં. હું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, ભણતરમાં અમારે મોટો ગેપ હોવા છતાં સમજણના મામલે એ આગળ. એમની સમજણ, સમજદારી અને સંયુક્ત કુટુંબમાં ભળવાની આવડત. આ બધાને લક્ષમાં લેતાં હું એમની સરખામણીમાં ઘણો ઉણો ઊતરું. એક આડવાત કરી દઉં. સ્રીઓ માટે બે જિંદગી હોય છે. એક પિયરવાસની અને બીજી સાસરવાસની. પિયરમાં નાનપણથી છૂટછાટ હોય, સમતગમત, સહેલીઓ સાથે હરવું-ફરવું બધી છૂટ હોય, જયારે સાસરામાં આવે ત્યારે બીજે જ દિવસે એને એડજસ્ટ થવું પડે છે. આમ કેટલીય સ્રીઓમાં પુરુષો કરતાં સહનશક્તિ વધારે હોય તેને કારણે મને લાગે છે કે પિયર અને સાસરામાં એડજસ્ટ થતાં વાર નથી લાગતી.

શારદાબેન સાંસારિક, લૌકિક જીવનમાં આવીને જાતને ભૂલીને પરિવારમાં એવાં ભળી ગયાં, બધાના માનીતા થઇ ગયાં. મારી બાને ધાર્મિક ભાવ ઘણા હતા. ખાસ કરીને સાધુ સાધ્વીની વૈયાવચ્ચ કરવી એમને ગોચરી આપવી. જયારે અમે દાદરમાં દેરાસર પાસે રહેવા ગયા ત્યારે સાધુ. સાધ્વીજી અમારા ઘરે ગોચરી માટે આવે તો એમને પણ ઘણો આનંદ થતો. ધર્મ કરવાનો આ એક અવસર છે એમ વિચારી રાજી થાય, લગ્ન પછી મા-બાપથી અલગ રહી સ્વતંત્ર રહેવાનું મન થાય. એ દિવસોમાં મને પણ એવી નબળાઈ હતી. એક તક એવી મળી કે છાપામાં એસીસી ની જોહરખબર આવી કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની જરૂર છે. એટલે મેં અરજી કરી અને હું પસંદ થયો અને મારું પહેલું પોસ્ટીંગ એસીસી દ્વારકા ફેકટરીમાં થયું. એટલે મને થયું કે ચાલો આપણે સ્વતંત્ર રીતે રહી શકીશું. ખરેખર તો એ સ્વતંત્ર ન કહેવાય, સ્વછંદતા કહેવાય, ત્યારે બેના અર્થમાં બહુ ખ્યાલ



આવતો નહોતો, પાંચ વરસ દ્વારકામાં સારી રીતે કાઢ્યા, લેડીઝ ક્લબ હોય કે ગરબાના કાર્યક્રમ હોય એમાં એ પોતે નેતૃત્વ લેતાં અને હું મારા કામમાં એકાઉન્ટન્ટ તરીકે સફળ હતો. ત્યાં બે બાળકોનો જન્મ થયો. એક દીકરો જે હાલમાં હયાત નથી અને એક દીકરી જે હાલ અમેરીકા સ્થાયી થઇ છે. પાંચ વરસ આવી સ્વતંત્રતા કે સ્વચ્છંદતામાં રહ્યા પછી શારદાબેને એમ કહ્યું કે આ બધું આપણને શોભે નહીં. આપણા મા-બાપની સેવા કરીએ મુખ્ય ફરજ આપણી એ છે. એટલે મને કહે કે આપણને આ બધું ભલે ગમે, પણ ખરેખર આ કરવા જેવી વસ્તુ નથી. એટલે મેં હેડઓફિસ, મુંબઈ ખાતે બદલી માંગી અને મંજૂર થઇ. એટલે અમે મા-બાપની સેવા કરવા મુંબઈ પરત આવ્યા. મુંબઈમાં અગાઉ રહેતા હતા, એ જગ્યા દેરાસરની બાજુમાં હતી, પણ નાની હતી. સંયુક્ત કુટુંબમાં ભાઈ એમના પત્ની, હું અને મારાં પત્ની, મારાં બાળકો અને એમનાં બાળકોનો સમાવેશ કરવાનું અને રહેવાનું સંકડાશ પડતી હોવાથી ૧૯૫૬માં સાયનમાં રહેવા આવ્યાં. અમારા માતુશ્રીને દેરાસર અને ધર્મનું એવું વળગણ કે દેરાસરની બાજુમાં જ રહેવાની જિદ. એટલે એ આવવાની ના જ પાડતાં હતાં. એમના માટે અમે ખાર સ્ટેશન પાસે મકાન બાંધ્યું હતું, એમાં બે બ્લોક જુદા રાખેલા કે ત્યાં જઇને રહીએ. પણ એમની ના જ હતી. કે મારે દેરાસરની બાજુમાં જ જોઇએ. અંતે સાયન રહેવા આવી ગયાં. અમારે બીજે માળે રહેવાનું હતું. લિફ્ટ ન હતી. સાયનમાં રહ્યાં પછી બા-બાપુજીને થયું કે આપણાથી આ દેરાસર જવાય નહીં, બે દાદરા ચઢાય નહીં. એ અરસામાં મોટાભાઈ અમદાવાદમાં સ્થાયી થયા હતા. ત્યાં એમને બંગલો હતો, મોટરકાર હતી, દેરાસર જવા-આવવાની સગવડ હતી, એટલે મુંબઈ પછી તેમણે અમદાવાદ જવાનું નક્કી કર્યું પછી એક બનાવ એવો બન્યો કે શારદાનાં માતુશ્રી ગુલાબ બા કે જે

ચોપાટી પર રહેતાં. એક વાર તેમના ભાભી કાન્તાબેન જાત્રા કરીને આવેલાં હતાં. એટલે પૂછ્યું કે તમે આટલું બધું ફર્યા તો તમને વધારે કઇ જગ્યા ગમી? ત્યારે એમણે કહ્યું કે વવાણિયા કરીને કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રનું જન્મસ્થળ છે, ત્યાં મને બહુ મજા આવી. ત્યાર બાદ બાને એમ થયું કે મારે પણ એકવાર વવાણિયા જવું છે. ત્યાં સુધી અમારા ઘરમાં વવાણિયા વિષે કંઇ ખબર ન હતી. એટલું હતું કે શ્રીમદ્ રાજચંદ્રના જમાઇ ભગવાનદાસભાઈ રણછોડભાઈ અને મારા પિતાશ્રી કરાંચીમાં ધંધાકીય ભાગીદારીમાં હતા. શ્રીમદ્ રાજચંદ્રનો વચનામૃતના નામે ગ્રંથ છે. અમારા ઘરમાં દેવનાગરી લિપિમાં વચનામૃતના બે ભાગ હતા. એ ખાસ વાંચ્યા નહોતા, પણ એવું નિમિત્ત બન્યું કે શારદાનાં બાએ કહ્યું કે મને કોઇ વવાણિયા લઇ જાય એમ નથી, તો તું આટલુ કરી આપ કે મને વવાણિયા લઇ જા. તો શારદા કહે, હા હું ચોક્કસ આવીશ. પર્યુષણના પહેલા દિવસે તમને મૂકી જઇશ અને છેલ્લા દિવસે લેવા આવીશ. આમ પહેલી વાર વવાણિયાનો પરિચય થયો. મૂકી આવ્યાં પછી અઠવાડિયા બાદ લેવાં ગયાં, ત્યારે બે-ત્રણ દિવસ ત્યાં રહ્યાં. ત્યારે એને કોઇ નવતર અનુભૂતિ થવા લાગી કે આ શું છે, મારે આ સમજવું છે. કૃપાળુદેવ એટલે કોણ ? એટલે ત્યારે પહેલી વાર આ નિમિત્ત બનતાં એમને કૃપાળુદેવ પર શ્રદ્ધા જાગી. ત્યાં આશ્રમમાં ત્રણ બાળબ્રહ્મચારી બહેનો રહેતાં હતાં. ત્રિપુટી કહેવાતી, ભાનુબેન, મધુબેન અને ધનુબેન. એ લોકોનું ગ્રુપ હતું. પોતાના સ્વાધ્યાયમાં બીજાને આમંત્રણ ના આપે, કેમકે એ લોકો રાતદિવસ વચનામૃતનો જ સ્વાધ્યાય કરતાં હતાં. ન બહાર સ્વાધ્યાય કરે, ન બહાર હાજરી આપે. દેવદર્શન કરે. પણ મુખ્યત્વે આખો દિવસ આમાં જ પસાર થતો. આ જોઇ શારદાને થયું કે મારે પણ આ સમજવું છે. પણ મને કોણ સમજાવે ? ત્યારે સ્વાધ્યાયકાર અમૃતલાલભાઈ સ્વાધ્યાય આપતા, વવાણિયા વધારે રહે અને શેષ સમય ખંભાત પાસે વડવા રહે. જયારે જયારે સ્વાધ્યાય હાય ત્યારે ત્યારે શારદાબેન એનો લાભ લેવા વવાણિયા કે વડવા જતાં. જાય ત્યારે મહિનો બે મહિના રહેતાં. મુંબઈ હોય ત્યારે તે ઓડિયો કેસેટ સાંભળ્યા કરે, એટલે આમ ધીમે ધીમે જિજ્ઞાસા દૃઢ થઇ અને સંસાર પ્રત્યે રુચિ ઓછી થતી ચાલી, ત્યાર બાદ મારાં મારા પિતા અમદાવાદ સ્થાયી થયાં, એટલે મને કહે કે મારે વવાણિયા વધારે રહેવું છે. તો રસોઇ, વગેરેનું બીજી વ્યવસ્થાથી ચલાવી લ્યો. તો મને ત્યાં જવાનું ખાસ મન છે. શાલિની નામની એ ૧૪-૧૫ વરસની છોકરી મળી ગઇ, ન બહાર હાજરી આપે જે અમારે ત્યાંજ રહેતી અને ખાવાનું સારુ બનાવતી એટલે મને એમના ભરોસે મૂકી તે વવાણિયા વધારે રહેવા માંડ્યાં. વવાણિયામાં ધીમે ધીમે આ અમૃતલાલભાઈને લીધે સમજણ વધવા માંડી અને પછી તો એવું બન્યું કે ઘણી વાર તો રાતો રહી રડીને કાઢી કે મને કોઇ સમજાવતું નથી કે મારે આ કેમ સમજવું. તેમની આ આરતને કારણે છેવટે એ સમજણ વધતી ચાલી. તેમ પાત્રતા વધતા ત્રિપુટી બહેનોના સ્વાધ્યામાં ભળી ગયાં એટલે વચનામૃતમાં મસ્ત રહેતાં. પોતે ડાયાબિટીસના દરદી, દવાની તકલીફ પડે, વવાણિયામાં સગવડ નહીં, એટલે મે કહ્યું, તને દવા મોકલવા શું કરું ? તો કહે, મારે દવા લેવી નથી, મારી દવા વચનામૃત જ છે. એનાથી વિશેષ મારે બીજું કાંઇ વાંચવું નથી, એક વાર અમે બીજો ગ્રંથ સાથે વાંચતાં હતાં. એક અધ્યાય એકસાથે વાંચીને કહે મને આમાં રસ નથી પડતો. મને મારા બધા પ્રશ્નો નો ઉકેલ વચનામૃતમાંથી મળી જાય છે. આમાં હવે હું જોડાઇશ નહીં. આ પ્રકારે ધીમે ધીમે સંસારમાંથી રુચિ બિલકુલ ઘટી ગઇ અને વચનામુત અને સત્સંગમાં વધારે સમય કાઢવા માંડ્યા. ૧૦ વર્ષ અમે અમદાવાદ રહ્યાં, ત્યાં પણ ૮-૧૦ બહેનો દર બુધવારે ભેગા મળે અને સ્વાધ્યાય કરે. સ્વાધ્યાયકાર શારદાબેન હતાં. એક વાર એવું બન્યું, ત્યાં એની તબિયત બરાબર નહોતી એટલે મોટાભાઈના બંગલે હું જમતો અને અમે રહેતા હતાં પાલડીમાં અને પાલડી એના માટે ટીફીન આવતું. મારા નિત્યનિયમાનુસાર નવરંગપુરાના બંગલે જમી પછી પાલડી આવું. એક વાર બપોરે જમીને પાલડી ઘર પર આવ્યો, બેલ માર્યો. દરવાજો ખુલ્યો નહીં. બારણું ખોલ્યું તો ઘરમાં શારદા કયાંય દેખાય નહીં. છેલ્લે રસોડાની બાજુમાં વોશરૂમમાં જોયું. ત્યાં મેં એમને બેઠેલા જોયા. બાજુમાં જ બેનનો દેહ પડયો હતો. અડધા કલાક પહેલાં જ એમનો દેહવિલય થઇ ગયો હશે. છેલ્લે અમારે વાત પણ ના થઇ. આખરે મન સાથે સમાધાન કરી લીધું કે અંજળ હોય ત્યાં સુધી આપણી સાથે રહે છે. હવે મારે મારી રીતે જ બધું કરવું પડશે. એ હયાત હોત તો મારી ગાડી પાટા પરથી ઊતરી જાય તો— થોડીક ટકોર કરીને લાઇન પર ચડાવી દેતાં. મને કોઇક વાર ગુસ્સો આવતો તો મને સમજાવતાં. ગુસ્સો કરવાથી નુકશાન આપણનેજ છે. જેવ્યક્તિ પર ગુસ્સો કરીએ તેને કંઇ અસર નહીં થાય, એનાથી કયારેક ઉલટી અસર થાય છે.

મારે ૬૦ વર્ષ્ની ઉંમરે થઇ ગયા એટલે એ.સી.સી. માંથી નિવૃત થવાનો પ્રસંગ આવ્યો. વિદાયમાન સમારોહ માટે અમને આમંત્રણ હતું. એટલે અમે બંને એમાં ગયા અને રાતે સાડા આઠે ઘરે પણ આવ્યાં. તો મને કહે, મારી બે વિનંતી છે, તમે માનશો ? મેં કીધું કંઇક કહે તો સમજ પડે. તો કહ્યું કે હવે તમારી સાંસારીક કે ધંધાકીય જવાબદારી રહેતી નથી તો હવે બધેથી નિવૃત થઇ જાવ, તમે ૬૦ વર્ષના થયાં હવે બધેથી નિવૃત થઇ જાવ, બધી જ પ્રવૃત્તિઓથી નિવૃત્ત થઇ જાવ અને મારી સાથે વવાણિયા રહેવાનું રાખો. ત્યારે મેં કહ્યું કે મને તારા જેટલી શ્રીમદ્ પ્રત્યે શ્રધ્ધા નથી, એટલું ચોક્કસ છે કે તું જે રસ્તે છે એ રસ્તો બરાબર છે. પણ મને હજી શેરબજારમાં રસ છે, સમાજમાં હરવાફરવાનો શોખ છે, તારે ત્યાં રહેવું હોય ત્યાં સુધી રહી શકે. તને બધી સગવડ કરી આપું. મારે માટે ચિંતા કરવી નહીં એવી રીતે મોટે ભાગે વવાણિયા રહેતા કાં તો વડવા રહેતાં અને બાકીનું જીવન એમણે સંસારમાંથી મન વાળી લીધું

હતું. એમણે બાર અણુવ્રત લીધેલાં, તે વ્રત એ પાળતાં. બીજી એક આડવાત. એમનાં માતુશ્રી મુંબઈમાં ચોપાટીમાં રહેતાં હતાં અને અમે અમદાવાદમાં હતાં. ત્યારે એમના ભાઈનો ફોન આવ્યો બેનને કે તું આવી જા તો સારું. એટલે એ મુંબઈ ગયાં. શરૂઆતમાં જ બા બધી ફરિયાદ કરવા માંડી દીકરીઓ, દીકરાની વહુઓ કે દીકરાની કે કોઇ અમારું ધ્યાન રાખતા નથી. વગેરે તરત જ શારદાબેને કહ્યું કે આ સાંભળવા હું અહીં આવી નથી. જો આવી વાત કરવી હોય તો હું પાછી જતી રહીશ. હું તો સત્સંગ કરીશ તમારી જોડે. તો પંદર દિવસ સત્સંગ કર્યો, બીજી બહારની ખોટી માન્યતાઓ દૂર કરી અને પંદરમે દિવસે મધરાતે સાડાબારે બાએ માટેથી બૂમ પાડી, ''શારદા, હું જાઉં છું. નમો અરિહંતાણ...'' આટલા શબ્દો બોલીને એમનો દેહવિલય થયો. છેલ્લે છેલ્લે બાનું મૃત્યુ સુધારવામાં પણ એ નિમિત્ત બન્યાં.

શારદાબેનની જીવન ઝરમરના અન્ય પ્રસંગ. મારા પુત્ર બેજુભાઈનો દેહાંત ૫૯ વર્ષે થયો. છેલ્લા ૧૫ દિવસ હોસ્પિટલમાં જ હતાં. એક પછી એક અવયવો કીડની તથા અન્ય અવયવો ફેલ થતા ગયા. બચવાની આશા ખાસ નહોતી, એટલે નક્કી કર્યું કે એમને ધર્મ સંભળાવવો જોઇએ, આઇસીયુમાં હતા ત્યાં એમનાં પત્ની ભદ્રાબેન અને મારા દીકરી બંને હતા. હોસ્પિટલમાં બન્ને ૨૪ કલાક રહેતાં. તો ત્યાં ધર્મ સંભળાવવાનું નક્કી કર્યું. નવકાર મંત્ર, વગેરે બોલતાં. પણ એની કંઇ અસર જણાતી નહીં. આખું શરીર નિશ્ચેતન લાગે. ગ્રાફમાં શ્વાસોચ્છવાસ ચાલું છે, એમ દેખાયા કરે, છેલ્લે દિવસે એવું બન્યું કે બેનને સૂઝયું કે ચાલો આત્મસિદ્ધિ શાસ્ત્ર ગાઇ સંભળાવીએ, એક પછી એક ગાથાનો જાપ ચાલુ કર્યો. દસેક ગાથા સાંભળી હશે ત્યાં બૈજુના શરીમાં થોડો સળવળાટ થયો, તેની આંખમાંથી દડદડ આંસુ પડવા માંડયા, એટલે થયું કે એને ચેતન આવ્યું છે. એટલે આત્મસિદ્ધિ શાસ્ત્રની ગાથા વાંચવાનું સતત ચાલુ જ રાખ્યું અને છેલ્લે જયારે દેહવિલય થયો ત્યારે આત્મસિદ્ધિ શાસ્ત્રનું વાંચન પૂરું થયું. એ બતાવે છે કે બૈજુને શ્રીમદ્ રાજચંદ્ર પ્રત્યે કેટલી શ્રદ્ધા હતી.

બૈજુભાઇના વિયોગ પછી એના પત્ની ભદ્રાબેનને અધ્યાત્મમાં શ્રદ્ધા વધતી ચાલી અને તેઓ પણ નિયમિત આત્મસિદ્ધિ શાસ્ત્રની ગાથાઓ મનમાં ગણગણતાં, આચાર-વિચારમાં લાવતાં થયાં. તેમને આખા દિવસમાં ઘરકામની ફરજ અદા કરી, સ્વાધ્યાય કરતાં, એ સિવાય કશું નહીં, એવો ભાવ સ્થાયી થતો ગયો. કુટુંબમાં સહુને શ્રીમદ્ કૃપાળુદેવની ઘણી શ્રદ્ધા હતી, એમાંય વિશેષ અમારા બધા ભાણેજો તથા અમારા બેનશ્રી રાજકોટમાં સ્થાયી થયા હતા.

તારાબેનને તત્ત્વજ્ઞાનનો બહુખ્યાલ ન આવે. પરંતુ સવારના ઉઠીને રાજકોટમાં તેઓ આત્મસિદ્ધિ ગાંતા અને ''સહજાત્મ સ્વરૂપ પરમ ગુરુ'' મંત્રનો જાપ કરતા. એનો મોટો ગુણ એ હતો કે તે પોતાની સમતા સુપેરે જાળવી રાખતાં. સંયોગો પ્રતિકુળ હોય ત્યારે સમતા રાખે અને પ્રતિકુળમાંથી અનુકૂળ સંજોગો આવે એ જાતનું વર્તન રાખતાં. એમનાં પાંચે બાળકોમાં એ શ્રદ્ધા ઊતરી છે અને શ્રીમદ્‌ના ઉપદેશને અનુસર છે. રાજકોટમાં જ્ઞાનમંદિરની પ્રતિષ્ઠા પછી તેઓ તેનો વધુ લાભ લેવા લાગ્યાં.

અમારો પરિવાર આમ સુધારક ગણાય. પરંતુ, એક બાબતે થોડા રૂઢિચુસ્ત, લાજ કાઢવાની જૂની પરંપરા ઘરમાં જળવાઇ રહી હતી. મારા લગ્ન વખતે પણ લાજ કાઢીને જ લગ્ન થયા હતા. પરંતુ પરિવામાં કૃપાળુદેવ પ્રતિ શ્રદ્ધા વધી ત્યાર બાદ ખાસ કરીને અમારા પિતાજીને અને શારદાને રુચિ વધી પછી મારા પિતાજી શારદાને તે બાબતે અનુમોદના આપતા. પરિણામે ઘરમાંથી લાજ કાઢવાની પ્રણાલી કયારે જતી રહી, તેની ખબર પણ ન રહી. સત્સંગ કરવામાં પણ બંને છૂટથી વાત કરી શકતાં. અને પિતાજી તેમને એમ કહેતા, ''તમે જે રસ્તે છો એ જ રસ્તો યોગ્ય છે.'' વવાણિયામાં રહેવા માટે નવા બ્લોક બંધાતા હતા. તે અંગે અનુમોદના આપતાં કહેલું કે ત્યાં બ્લોક રૂા.૩૫,૦૦૦ નો થાય, તે રકમ હું આપું છું. ત્યાં જેટલું રહેવાય એટલું રહેવાનું. બાકી માલિકી આપણી ના કહેવાય. ફક્ત બ્લોક વાપરવાની છૂટ. આ રીતે બધાના સપોર્ટથી આખા કુટુંબમાં શ્રીમદ્ રાજચંદ્ર કૃપાળુદેવનો પ્રભાવ વધતો ચાલ્યો. શારદાબેન જયારે વવાણિયા જાય તો મુંબઈથી અમદાવાદ અને રાજકોટ થઇને જવાતું. એમ જ કરતા, ત્યારે અમારા બેન, એમને સંગાથ આપે. સાથે આવે વવાણિયા સાથે રહે. ધીમે ધીમે બેનના કુટુંબની શ્રદ્ધા પણ વધવા માંડી.

છેલ્લે શારદાબેનને એટલો બધો ઝુરાપો હતો કે મને કેમ સ્મયકદર્શન હજી થયું નથી? છેલ્લે તો બસ એક રટણ કે મારે બીજો જન્મ લેવો નથી. આ બાબતે મારે સાક્ષી થવું છે, મારો આત્મા એકલો આવ્યો છે ને એકલો જવાનો છે, તો પછી મારે મારું આ ભવમાં થાય એટલું કરી લેવું. મારે બીજો જન્મ લેવો નથી, એટલી દ્રઢતા, એટલી મકમતા! અને એને માટે પોતે બધી જાતના રોગ-દ્વેષ છોડયા. ચાર કષાયો છોડયા. વર્તનમાં ખાસો ફરક પડી ગયો. ખાવાપીવામાં પાંચ વસ્તુ જ.

બાહ્યત્યાગ પાંચ વસ્તુથી વધુ નહીં. અંતર્ત્યાગ તો ખરો જ. એમ કરતાં તેમનું આખું જીવન કૃપાળુદેવના ચિંધ્યા માર્ગે જીવતાં થયાં. એમની જે જે આજ્ઞા છે, તેનું ધાકડેધાકડ પાલન કરવા લાગ્યાં. મેં આવી કોઇ અન્ય વ્યક્તિ જોઇ નથી, મારા અનુભવમાં કે જેનો હું સાક્ષી હોઉં. છેલ્લે તેમને એક જ બાબતે ચિંતા હતી કે બીજો જન્મ લેવો નથી. કૃપાળુ દેવે કહ્યું હતું એક ભવ પછી અમે મોક્ષે જવાના છીએ. એ પ્રકારે મને શારદાબેન બાબતે લાગે છે કે વધારેમાં વધારે ૧૫ ભવમાં તેને મોક્ષ મળશે એમ મને પ્રતીત થાય છે.

બીજાઓને અધ્યાત્મક જીવનમાંથી પ્રેરણા મળે એ આશયથી આ લેખ લખવા મને વિચાર આવ્યો. સર્વે જીવોને મારા મિચ્છામિ દુક્કડમ્.

## ભાવભરી શ્રદ્ધાંજલી



જન્મ :
તા.: ૧૫-૧૦-૧૯૨૮

અરિહંત શરણ :
તા.: ૦૮-૧૨-૨૦૧૭

# સ્વ. શ્રી નટવરલાલ જીવાલાલ ઠક્કર

**વતન - રાણપુર ભેંસાણ / બોરીવલી**

આપનો મિલનસાર અને પરોપકારી સ્વભાવ, ઉદારતા,
કાર્યકુશળતા અને કુટુંબ પ્રેમ સદા અમારા હૃદયમાં રહેશે.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવંગત આત્માને પરમશાંતિ આપે,
આપની ખોટ અમોને કાયમ રહેશે.
સમગ્ર પરિવાર પર આપના આશીર્વાદ કાયમ રહે એજ અભ્યર્થના
શ્રી જીવાલાલ બબજીભાઈ ઠક્કર પરિવાર

| | | |
|---|---|---|
| **પત્ની** | : | ગં.સ્વ. મુકતાબેન |
| **પુત્ર-પુત્રવધુ** | : | સ્વ.વિરેશ-મીના, મહેશ-નયના |
| **દીકરી-જમાઈ** | : | સુધા પરેશકુમાર વારીયા, હર્ષા શૈલેષકુમાર વોરા |
| **ભાઈ** | : | સ્વ. પ્રવીણચંદ્ર જીવાલાલ ઠક્કર |
| **ભાઈના પત્ની** | : | જયશ્રીબેન |
| **પૌત્ર-પૌત્રવધૂ** | : | નિકુંજ - અ.સૌ. વૈશાલી |
| **પૌત્રી-જમાઈ** | : | મેઘના સૌરભકુમાર દોશી, સોનાલી તેજશકુમાર શાહ<br>શ્વેતા કલ્પેશકુમાર કોરડિયા અને એકતા પાર્શ્વકુમાર શાહ<br>ઉર્વી ભૌમિક વોરા અને કુનાંશ |
| **દોહિત્રી** | : | અમી કલ્પેશકુમાર શાહ, હાર્દિક, ભૌમિક અને કુનાંશ |
| **પ્રદોહિત્ર** | : | ખેવના, વિહા અને કવીર |
| **પ્રપૌત્રી** | : | આશ્વી |

**શ્રી જીવાલાલ બબજીભાઈ ઠક્કર પરિવારના જય જિનેન્દ્ર**

**મો. : ૯૮૨૧૨૨૧૮૮૯**

Kayami - December

# પાપ કરવું અને થવા દેવું બંનેમાં માણસ દોષિત

## એક બાજુ ચોરી અને બીજી બાજુ દાન કરવાથી હિસાબ સરભર થઇ શકે નહીં.

– મહેન્દ્ર પુનાતર

જીવન રહસ્યપૂર્ણ છે. કયારે શું થશે તેની ખબર નથી. સમય અને સંજોગોની સાથે બધું બદલાતું રહે છે. જીવનની બે બાજુઓ છે. એક એનું વિધાયકરૂપ અને બીજું નિષેધકરૂપ એક હકારાત્મક છે, બીજું નકારાત્મક. એક સક્રિય છે. બીજુ નિષ્ક્રિય. આ બે પહેલું પર જીવનચક્ર ચાલ્યા કરે છે. જીવનમાં આપણે જે કાંઇ છીએ અને જે કાંઇ કરી છીએ તેમાં આ બંનેનું પ્રદાન છે. પાપ અને પુણ્ય પણ આ બે બાબતો પર આધારિત છે. પાપ અને પુણ્ય કેટલીક વખત સીધી રીતે તો કેટલીક વખત આડકતરી રીતે થતા હોય છે. સક્રિય રહીને અથવા નિષ્ક્રિય રહીને, કરવાનું છે તે નહીં કરીને અથવા તો નહીં કરવાનું કરીને માણસ પુણ્ય અને પાપનું પોટલું બાંધતો હોય છે.

સાધારણ રીતે આપણે માનીએ છીએ કે પાપ અને પુણ્ય સક્રિય રીતે થઇ શકે છે. આપણે કાંઇક કરીએ છીએ તેમાંથી નિર્માણ થાય છે. કશું નહીં કરવાથી પણ પાપ કે પુણ્યા થઇ શકે છે. તે વાત આપણી સમજમાં ઊતરતી નથી. કોઇ માણસ લૂંટાઇ રહ્યો છે, કોઇ પર જુલ્મ થઇ રહ્યો છે. કોઇ જીવને મારી નાખવા કોઇ તૈયાર થયું છે અને આપણે ઊભા ઊભા જોયા કરીએ અને તેને અટકાવવા માટે કશું કરતા નથી તો તે પાપ થઇ ગયું. નકારાત્મકરૂપથી નિષ્ક્રિય રહીને આપણે પાપમાં ભાગીદાર થઇ ગયા. જે ઘટના આપણે રોકી શકતા હતી તે રોકી નહીં. કોઇ જીવને બચાવી શકતા હતા પણ તેમ કર્યું નહીં. આપણે ભલે પાપ કર્યું ન હોય પણ પાપ થવા દીધું તો આપણે તેના માટે દોષિત છીએ. નિષ્ક્રિય રહીને પણ કર્મો બંધાતા હોય છે.

પાપ આપણે પોતે કરીએ કે બીજાને કરવા દઇએ એમાં કશો ફરક પડતો નથી. દુનિયામાં પાપ કરવાવાળા માણસો વધારે નથી, પરંતુ નિષ્ક્રિય રહીને પાપ કરવા દેવાવાળા માણસો વધારે છે. જેને કારણે પાપ અને દુષ્કૃત્યો વધ્યા છે. પાપ કરવું અને થવા દેવું બંનેમાં માણસ જવાબદાર છે.

આ સંસારમાં સર્વે જીવો પોતાનાં કર્મોથી દુઃખી છે. સારું કે ખરાબ જેવાં કર્મો હોય તેવું ભોગવવું પડે છે. પાપ અને પુણ્યનો હિસાબ સરળ છે. તેમાં દરેકે એકલા ભોગવવાનું હોય છે. તેમાં કોઇ ભાગ પડાવી શકતું નથી. માતા-પિતા, ભાઈ-બહેન કે કુટુંબીજનો કોઇ આમાં સહાયભૂત થઇ શકતું નથી. કર્મો કર્તાની પાછળ હોય છે. બીજી કોઇની પાછળ નહીં.

કોઇ પણ માણસ દુઃખી છે તો પોતાના કારણે છે, પરંતુ દરેક જણ માને છે કે તે બીજાના કારણે દુઃખી થઇ રહ્યો છે. હું મારા કારણે દુઃખી છું એવું સત્ય માણસ સમજે તો જીવનમાં ધરમૂળનું પરિવર્તન ઊભું થાય છે. આવી સમજ એ ધર્મના મંદિરમાં પ્રવેશનું પ્રથમ સોપાન છે. કોઇ આપણને ગાળો આપે. કોઇ આપણું અપમાન કરે ત્યારે આપણને દુઃખ થાય છે. આપણી ધારણા અને અપેક્ષાથી વિપરિત કંઇ પણ થાય તો તે દુઃખમય બને છે. માનની અપેક્ષા હોય અને ન મળે તો અપમાન લાગે છે. કોઇ પ્રશંસા અને વખાણ કરશે એવી ધારણા હોય અને ટીકા સહન કરવી પડે તો આકરું લાગે છે. પરિગ્રહ હોય, વસ્તુ સાથે બંધાયેલા હોઇએ અને તે વસ્તુ છીનવાઇ જાય તો દુઃખ લાગે છે. જેટલી માનની આકાંક્ષા એટલી અપમાનની સંભાવના. જેટલી પક્કડ અને આસક્તિ વધારે તેટલું દુઃખ વધારે. મારું કાંઇ નથી, કશું સાથે લાવ્યો નથી અને કશું સાથે લઇ જવાનો નથી એવું જ્ઞાન પરિગ્રહમાંથી મુક્તિ અપાવે છે. પ્રાપ્તિ અને અભાવ બંનેમાં જે આનંદ માણી શકે છે તેને કશું વિચલિત કરી શકતું નથી. આવો ભાવ હોય તો સામેથી આપવાનું મન થાય. આ અંગેની એક દૃષ્ટાંતકથા પ્રેરક છે...

એક ફકીરના ઘરમાં ચોર આવી ચડ્યો. રાતનો સમય હતો. ફકીર તો ચટ્ટાઇ પર ધાબળો ઓઢીને પડ્યા હતો. ચોરે ચારે

બાજુ ફાંફાં માર્યા પણ કશું હાથ લાગ્યું નહી. ચોરને પણ ખબર નહીં કે આ ફકીરનું ઘર છે. નહીંતર અહીં આવવાની હિંમત કરત નહીં.

ફકીર ધાબળામાં પડ્યો પડ્યો આ બધુ જોઇ રહ્યો હતો. તેને થયું ઘરમાં કશું નથી. આ ચોરને ખાલી હાથે પાછા જવું પડશે, એટલે તે પડખું ફરીને ધાબળામાં થી બહાર નીકળી ગયો. જેથી ચોર સહેલાઇથી ધાબળાને ઉઠાવી શકે.

ચોરને પણ નવાઇ લાગી ઘરમાં કશું નથી અને આ માણસ આટલી ઠંડી છે છતાં ધાબળો દૂર કરીને કેમ ઊંઘી રહ્યો છે. તેને થયું ઘરમાંથી ભલે કાંઇ ન મળ્યું પણ આ ધાબળો ઉઠાવવાની સારી તક છે. પણ તે અટકી ગયો તેના મનમાં કરુણા ઊભી થઇ આવી કંગાલિયત જોઇને તેને ચોરી કરાવાનું મન થયું નહીં. તે ઘરમાંથી બહાર જઇ રહ્યો હતો. ત્યારે ફકીરે તેને અટકાવીને કહ્યું, 'ભાઈ આ ધાબળો લેતો જા. મને તેની કાંઇ જરૂર નથી. તું કાંઇક મળશે એવી અપેક્ષાથી આવ્યો હતો અને ખાલી હાથે જશે તો મને દુઃખ થશે.

ચોર તો સ્તબ્ધ થઇ ગયો તેણે આવો માણસ કદી જોયો નહોતો. તે ફકીરના પગમાં પડી ગયો. તેનું હૃદય પરિવર્તન થઇ ગયું અને હવે પછી ચોરી નહીં કરવાની પ્રતિજ્ઞા લીધી.

કાંઇ પણ સારું કરીએ ત્યારે તેનો પ્રભાવ પણ સારો પડે છે. ચોરી કે એવી બીજી ઘટનાઓ બને છે ત્યારે આપણને દુઃખ થાય છે પણ ચોરને ચોરી કેમ કરવી પડી તેનો વિચાર થતો નથી. કોઇની ગરીબી અને દારુણ અવસ્થા જોઇને મનમાં થોડો વસવસો ઊભો થાય છે, પણ કરુણા ઊભી થતી નથી. હાથ લાંબો થતો નથી. મહાવીર કહે છે, 'સંસારમાં સૌ કોઇ પ્રાણીઓ પોતાના કારણે અને પોતાના કર્મોથી દુઃખી છે. સુખ કે દુઃક કોઇ આપી શકતું નથી. કર્મોનું આ ફળ છે જેવું કરીએ તેવું ભોગવવું પડે છે.

કેટલાક માણસો વિચારે છે એક ખરાબ કર્મ થઇ ગયું તો એક સારું કર્મ કરી નાખીએ જેથી ખરાબ કર્મ કપાઇ જાય, પરંતુ એવું બનવાનું નથી. સારું કર્મ ખરાબ કર્મને કાપી શકતું નથી. બંનેના હિસાબ જુદા છે. સારું હોય તો સારું અને ખરાબ હોય તો ખરાબ એ દરેકે એકલા ભોગવવાનું હોય છે. અહીં ચોરી કરો અને ત્યાં દાન આપી દો એટલે મામલો પતી જતો નથી.

માણસ સારા અને ખરાબનું મિશ્રણ છે એટલે જીવનમાં વિરોધાભાસ જોવા મળે છે. સારા કર્મો સુખ આપે છે અને ખરાબ કર્મો દુઃખ. સારું અને ખરાબ બંને છૂટી જાય ત્યારે મુક્તિનો માર્ગ મોકળો બને છે.

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ -મુંબઈ**

**આર્થિક સહાય કોર્પસ ખાતે**

રૂા. ૫૦૦૦૦/- રક્ષીત ધીરજલાલ કોરડીયા તરફથી શ્રી હિંમતલાલ અંદરજી કોરડીયા ના આત્મશ્રેયાર્થે ભેટ

**આર્થિક સહાય માસીક તિથી યોજના કોર્પસ ખાતે**

રૂા.૧૦૦૦૦૦/- શ્રી ગિરધરલાલ જીવનલાલ વોરા પરિવાર તરફથી સ્વ. સમજુબેન ગિરધરલાલ વોરાની ૩૩મી પુણ્યિતથીએ ભેટ

**આર્થિક સહાય ખાતે**

રૂા. ૫૦૦/- શ્રી મહેશભાઈ શાંતિલાલ ધોળકીયા તરફથી સુપુત્રી ચી.જીલના લગ્ન પ્રસંગે ભેટ

## કવિતા

જિંદગીમાં ભલે સફળ ન બને,
પણ તું સાચવજે કે વમળ ન બને.
કેવી પીડા હશે હૃદય ભીતર,
લોહી અમથુંય આમ જળ ન બને.
હું બધી યાદો ભૂલવા માંગુ,
કયાંક દ્રશ્યો ફરી પ્રબળ ન બને.
ઝાડ ટેકો કરે, ખબર છે કેમ ?
એક વેલો કદી સબળ ન બને.
રોજ સૂંઘે હવા ગુલાબોને,
કંટકો તે છતાં ચપળ ન બને.

-સંકલન

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળની ભેટ નીચે લખેલ બેંક ખાતામાં જમા કરશોજી.**

Name : **Shri Sorath Visa Shrimali Subhechhak Mitra Mandal.**

Banker : **Bank of India**

Bullion Exchange Branch : **Mumbai**

A/c. No. : **000810100006108**

IFCI Code : **BKID0000008**

80/G : AACTS 1446 GF 20214 dt. 28-05-21

(આપની મોકલેલી રકમની દરેક વિગત, મોકલનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર શ્રી વિનોદભાઈ મહેતાને મોબાઈલ નં. ૯૮૩૩૫૦૦૫૦૮ માં વોટસએપ ઉપર મોકલી આપવા વિનંતી.

# ૩૩ મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



જન્મ :
તા.: ૧૫-૧૧-૧૯૨૧

અરિહંત શરણ :
તા.: ૧-૧૨-૧૯૯૧

## સ્વ. શ્રીમતી સમજુબેન ગીરધરલાલ વોરા

આપની ચિરઃવિદાયને ૩૩ વર્ષ પૂરાં થયા, અમારા પ્રત્યે સદાય પ્રેમ અને સ્નેહની અખૂટ ધારા વરસાવીને સંસ્કારરૂપી અમીનું સિંચન કરનાર અમારા પરમપૂજ્ય માતુશ્રીને અમો નતમસ્તકે હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. અમારી સુખદુઃખની પ્રત્યેક પળોમાં તેમની પ્રેરણા અને આશીર્વાદ વરસતાં રહે અને પ્રભુ તેમના આત્માને પરમશાંતિ આપે એવી પ્રાર્થના

**શ્રી ગીરધરલાલ જીવનભાઈ વોરા પરિવાર**

**પુત્રો :** શશિકાંત, દિનેશ, પ્રદીપ, જીતેન્દ્ર, મનોજ, અશ્વિન

**પુત્રવધુ :** સ્વ. ચંદ્રિકા, જ્યોતિ, બીના, નીલિમા–સ્વ.સોનલ, ભારતી, ચેતના

**પુત્રી :** મંજુલા - **જમાઈ :** દીપકભાઈ

**પૌત્રો :** કેજલ, કૌશલ, અંકુર, શ્રેણિક, ધર્મીલ

**પૌત્રવધૂ :** સપના, પૂજા, રૂચી, ધરા, નિરાલી

**પૌત્રી :** કવિતા, પુનિતા, તોરલ, પ્રણાલી, રિદ્ધિ, માનસી, તન્વી

**જમાઈ :** જગદીપ, રાજેન, ઉમંગ, વિશાલ, નિશાંત, મિતલ, હર્ષ

**દોહિત્ર :** દર્શન - **દોહિત્રવધૂ :** અમી

**દોહિત્રી :** નિરાલી અને હેલી - **દોહિત્રી જમાઈ :** જીજ્ઞેશ અને તુષાર

**પ્રપૌત્ર :** હેત, સૌમિલ, જશ, યશ, દેવ, શ્રેહાન, વિવાન, રિયાન

**પ્રપૌત્રી :** હિત્વી, હેતાંશી, વંશિકા, નવ્યા, હુતી, શનાયા, નાયરા, અહાના

**શ્રી જીવનભાઈ લક્ષ્મીચંદ વોરા પરિવાર**

૨૪૩ / ૬ વર્ધમાન, સાયન (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૨૨.

Kayami - December

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈ
Shri Sorath Visasrimali Jain Samaj Mumbai

શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય
૪, દેવકરણ મેન્શન, બિલ્ડીંગ નં.૭, બીજે માળે, ૨૪, વિઠ્ઠલદાસ રોડ,
મુંબઈ - ૪૦૦૦૦૨.ફોન : ૦૨૨ - ૨૨૦૬૯૧૭૨ સમય બપોરે ૧ થી સાંજે ૬ (1.00 pm to 6.00 pm)
E-Mail:svjainsamajmumbai2@gmail.com • www.svjainsamaj.com


Cancelled

તારીખ: ૧૬-૧૨-૨૦૨૪

માનનીય સભ્યશ્રી,

**ત્રિવાર્ષિક સામાન્ય સભા**

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈના સભ્યોની ત્રીવાર્ષિક સામાન્ય સભા નીચે જણાવેલ કામકાજ માટે **શનિવાર તા.૧૧.૦૧.૨૦૨૫** ના સાંજે ૪.૦૦ કલાકે મળશે તો સહુ સભ્યોને સમયસર પધારવા વિનંતી.

**કાર્યસૂચિ**

**૧) ગત ૧૭.૧૨.૨૦૨૧ ની મિનિટસ પસાર કરવી.**

**૨) વર્ષ ૨૦૨૧-૨૨, ૨૨-૨૩ અને ૨૩-૨૪ ના ઓડીટેડ હિસાબો રજૂ કરી પસાર કરવા.**

**૩) વર્ષ ૨૪-૨૫, ૨૫-૨૬ તથા ૨૬-૨૭ એમ ત્રણ વર્ષ માટે ઓડિટરની નિમણૂક તથા મહેનતાણું નક્કી કરવું.**

**૪) આવતા ત્રણ વર્ષ માટે નવી કારોબારીની રચના કરવી.**

**૫) પ્રમુખશ્રીની મંજૂરીથી જે રજૂ થાય તે.**

Cancelled

**લી. શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈ વતી,**
શ્રી આશિષ વી. મહેતા
શ્રી પરિમલ એમ. શ્રીમાણી
**માનદ્ મંત્રીઓ.**

**સ્થળ :** મુંબઈ ટેક્ષટાઇલ મર્ચન્ટસ મહાજન.
૨૫૦, શેખ મેમણ સ્ટ્રીટ, મુળજી જેઠા માર્કેટ, મુંબઈ - ૪૦૦૦૦૨.

**સમય:** સાંજે ૪.૦૦ કલાકે

**નોંધ:** ત્રણ વર્ષના ઓડિટ થયેલા હિસાબો જોવા માટે તા.૦૬.૦૧.૨૫ તથા તા.૦૭.૦૧.૨૫ ના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ વા. સુધી સમાજની ઓફિસમાં રાખવામાં આવશે.

**તા.ક.** કોરમને અભાવે મુલતવી રહેલ સભા અડધો કલાક પછી તેજ સ્થળે તેજ કામકાજ માટે ફરીથી મળશે જે માટે કોરમની જરૂરીયાત રહેશે નહીં. સભામાં હાજર રહેનાર સમાજના સભ્ય હોવા જરૂરી છે.

**અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે.**

Cancelled




Scanned with OKEN Scanner

# એણે પોતાનાં શૃંગાર અને સુંદરતા સમ વાળ જ ભણતર માટે કુરબાન કરી દીધા !

- આરતી રામાણી ''એન્જલ'' બેંગલોર

શિક્ષણ હર પળે જરૂરી છે ચાહે તે સ્ત્રી માટે હોય કે પુરુષ માટે, પોતાની પ્રગતિ માટે હોય, પરિવારની પ્રગતિ માટે હોય કે પછી દેશની પ્રગતિ માટે. પુરૂષોને તો જેટલું ભણતર મેળવવું હોય તેટલું મેળવવામાં પરિવાર અને દુનિયા સાથ આપે છે, પરંતુ દીકરીઓને કેટલી છૂટ અને સાથ આપવામાં આવે છે? સરકાર પણ 'બેટી બચાઓ બેટી પઢાઓ' ઝુંબેશ ચલાવી રહી છે, પરંતુ એ કેટલે અંશે સાર્થક થઇ રહી છે?

મનુષ્ય જીવન નિર્વાહ માટે કંઇને કંઇ કરતો રહે છે, પરંતુ એ માટે જરૂરી છે શિક્ષણ. મનુષ્ય શિક્ષિત હશે તો એ એક રોજગારી ગુમાવ્યા બાદ પણ બીજી રોજગારી આસાનીથી મેળવી શકશે. આપણે હવે અહીં ચર્ચામાં ઉતરીશું કે ''અમારાં ગામમાં તો ફલાણી ફલાણી વ્યક્તિ અંગૂઠાછાપ છે, સહી કરતાં પણ નથી આવડતી છતાં એ મોટી મોટી ફૅક્ટરી ચલાવે છે.''

પહેલી વાતઃ જો એ વ્યક્તિ શિક્ષિત હોત તો એ પોતે ફૅક્ટરી ના ચલાવત અલબત્ત, ફૅક્ટરી જ એનાથી ચાલતી હોત.

બીજી વાતઃ શું એ વ્યક્તિ પોતે બેફિકર થઇને પોતાનું કાર્ય કરી શકતી હશે ખરાં? એને હંમેશાં મનમાં કોઇ પણ ફોર્મ કે ચેક પર સહી કરતાં પહેલાં કેટલો ડર મનમાં રહેતો હશે છે કે જે ફોર્મ પર સહી કરવા જઇ રહી છે વાસ્તવમાં તેમાં શું હશે? ચેક પર સહી કરાવીને પોતાનો મેનેજર કોઇ દગો તો નહીં કરી રહ્યો હોય ને? અરે! એ પોતાનાં સગા દીકરા પર પણ ભરોસો નથી મૂકી શકતી, પરંતુ જો એ શિક્ષિત હોય તો પરિસ્થિતિ જ કંઇક એલગ થઇ જાય. એ પોતે દરેક ફોર્મ વાંચી શકે અને હિસાબો પણ વ્યવસ્થિત તપાસી શકે જેથી એને મનમાં ભય ના વાસ કરે.

શિક્ષણ દરેક તબક્કે દરેક માટે ખૂબ જરૂરી છે ચાહે એ સ્ત્રી હોય કે પૂરુષ. હવે તો પશુઓ અને પ્રાણીઓને પણ શિક્ષિત કરવામાં આવી રહ્યા છે બેશક અક્ષરો દ્વારા નહીં અને તાલીમ આપવામાં આરી રહી છે કે કેવીરીતે એને ખાવું, કયાં જઇને પોટી કરવી, ઘરમાં આમતેમ રેડબફેડ ના કરવું, માલિકને બટકા ન ભરવા, માલિક સાથે કેવી રીતે વર્તવું, માલિક બહાર ચક્કર મરાવા લઇ જાય તો કેવી રીતે વર્તવું વગેરે જેવી અનેક તાલીમ એને આપવામાં આવી રહી છે. પશુઓ માટે તો આ તાલીમ જ એક શિક્ષણ કહી શકાય. આવી રીતે તાલીમ લીધેલાં પશુ કે પ્રાણી માલિકને હાની નથી પહોંચાડતા, પરંતુ આપણે તો માણસ છીએ ને! જયાં જરૂરી હોય ત્યાં જ બધું કાર્ય કરાવીએ. સ્ત્રી માટે શિક્ષણ કેટલું જરૂરી છે એ બધાં જાણે જ છતાં એને વધુ ભણાવવાની વાત આવે તો બધાં પગ પાછા કરી લે છે! ''શા માટે?'' જયારે એમને એવું પૂછવામાં આવે તો એનો એક જ જવાબ હોય છે કે ''સ્ત્રીઓ વધુ ભણશે તો પગભર થઇ જશે પછી કાં તો એ લગ્ન જ નહીં કરે અને કાં તો જો એ લગ્ન કરશે તો પણ સાસરીમાં રહીને ઘરકામ કરવાની ચોખ્ખી ના પાડી દેશે અને નોકરી જ કરવાનું કરશે.'' ભલા માણસ, એ નોકરી કરશે તો કોના માટે? લગ્ન પહેલાં પણ પોતાનાં અને પોતાના પરિવાર માટે જ અને લગ્ન બાદ પણ પોતાનાં અને પોતાના પરિવાર માટે જ તો પછી એમાં ખોટું શું છે? આવી મોંઘવારીમાં ઘરમાં પાંચ વ્યક્તિમાંથી એક વ્યક્તિ કમાતી હોય તો શું ઘર ચાલે ખરાં? બધાનાં શોખ પૂરા થઇ શકે ખરાં? અહીં વાત શિક્ષણની કરી રહ્યા છીએ તો તે તરફ આગળ વધીએ. સરકારે 'બેટી બચાઓ બેટી પઢાઓ' ખૂબ સુંદર ઝુંબેશ ચલાવી છે. બેટી એક અંશે, ભલે સંપૂર્ણ નહીં, પરંતુ બચી તો રહી છે જયારે બેટી પઢાઓ કેટલે અંશે લાગુ થઇ રહ્યું છે? મોટા શહેરોમાં તો દીકરીઓ હવે પોતાની રીતે જ ભણતર તરફ આગળ વધવા લાગી છે, પરંતુ નાનાં શહેરોમાં દીકરીઓને ભણાવવા કરતાં એમનાં લગ્નની વધુ ચિંતા માતાપિતા કરતા હોય છે! જો એ ભણશે નહીં તો ચાલશે, પણ જેવા ૧૮ વર્ષ થયા કે કરી દો હાથ એનાં પીળા! એ પીળા હાથ ખરેખર, જીવનભર દીકરીને ધૂંધવતા રહે છે. ત્યારે એને પસ્તાવો થાય છે કે કાશ! પોતે પણ ભણી હોત!

ખાન સરથી આપણે બધાં વાકેફ છીએ. 'કોન બનેગા કરોડપતિ' માં જયારે તેઓ આવ્યા હતા ત્યારે એમણે હૃદય કંપાવતી એક ઘટનાની વાત કરી હતી. એમને ત્યાં કલાસીસમાં એક દીકરી આવી. એનાં આખાં માથામાંથી રેઝર વડે વાળ કઢાયેલા હતા! જયારે ખાન સરે દીકરીને પૂછ્યું કે તારું માથું આમ કેમ છે ત્યારે દીકરીએ જે જવાબ આપ્યો એ આપણને

- અનુસંધાન પાના નં-૩૬

## શ્રદ્ધાંજલી



# સ્વ. શ્રીમતી જશવંતીબેન પ્રતાપરાય મહેતા

**સ્વર્ગવાસ : તા.૧૫-૧૨-૧૯૮૭**

## સ્વ. પ્રતાપરાય માણેકચંદ મહેતા, વતન કોલકી, હાલ બેંગલોરના ધર્મપત્ની

## સરળ સ્વભાવ, સૌ પ્રત્યે સ્નેહ, પારકાંને પોતાના બનાવવાની તત્પરતા પરિવાર પ્રત્યેની વિશેષ લાગણી અને સદાય હસતો ચહેરો અમે ક્યારે પણ નહિ ભૂલી શકીએ

**પુત્રો** : તનસુખભાઈ, વીરુભાઈ, બિપીનભાઈ, હિતેન્દ્રભાઈ
**પુત્રવધૂ** : નિરુપાબહેન, કોકિલાબહેન, મીનાબહેન, સ્વ.જ્યોતિબેન
**પુત્રી** : ચંદ્રિકાબહેન **જમાઈ** : દિલીપકુમાર
**પૌત્રૌ** : સચિન, કલ્પેશ **પૌત્રવધૂ** : રચનાબહેન, દિનાબહેન
**પૌત્રી** : મીતા, નિકીતા, રોશની, રચના, સ્વ.રિદ્ધિ, વિધિ, ભક્તિ
**જમાઈ** : ભાવિન, હેમલ, જીનેશ, સમીક, જીગર, વિવેક
**પ્રપૌત્ર** : દિવ **પ્રપૌત્રી** : મીશિકા, આરોહી

**પિયરપક્ષે જૂનાગઢ નિવાસી પોપટલાલ દુર્લભજી દોશીના સુપુત્રી**

**માતા** : સ્વ.સમરતબેન
**ભાઈ** : સ્વ.પ્રવીણકુમાર
**ભાભી** : પુષ્પાબહેન
**બહેન** : લિલમબહેન, સ્વ.રશ્મિલાબહેન
**બનેવી** : સુરેશકુમાર, લલિતકુમાર

Kayami - December

# શિશુ અવસ્થામાં બાળકોને ઓળખીએ...

-ડો. અશોક પટેલ (વાસણા-અમદાવાદ

બાળક પ્રાથમિક શાળામાં આવે તે પૂર્વે બાલમંદિરમાં અભ્યાસ કરાવવામાં આવે છે. એ વખતે તેની ઉંમર પાંચ વર્ષથી ઓછી હોય છે. અહીં આપણે પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોની વિશેષતાઓ વિશે વાત કરીશું. આવા બાળકોની અવસ્થાને આપણે શિશુ અવસ્થા તરીકે ઓળખીશું. જેથી શિક્ષકો અને માબાપ તે પ્રમાણે બાળકનું ઘડતર કરી શકે.

આ અવસ્થામાં બાળકની ઉંમર પાંચ કે છ વર્ષથી ઓછી હોય છે. આ અવસ્થા દરમિયાન બાળકોનો શારીરિક વિકાસ ખૂબ જ ઝડપથી થતો હોય છે અને સાંવેગિક તેમજ માનસિક વિકાસનો પ્રારંભ થતો હોય છે. આ ઉપરાંત તેનો સામાજિક વિકાસ પણ આ ઉંમરે સામાન્ય રીતે થતો હોય છે.

આ અવસ્થાના બાળકોનું મન ખૂબ જ ચંચળ હોય છે. જેથી તે વાત કરતાં કરતા પણ કયાંય ફંટાઇ જાય છે. તેને એકની એક પ્રવૃત્તિ ગમતી નથી. માટે જ નાના બાળકોને એક સાથે અનેક રમકડાં રમવા આપશો તો તે થોડા જ સમયમાં બધાં જ રમકડાં રમીને એક બાજુ ફેંકી દેશે. માટે જ નાના બાળકોને એક પછી એક રમકડાં રમવા આપશો તો વધુ સમય સુધી તેઓ રોકાયેલા રહે છે. આ અવસ્થાના બાળકોનું સંપૂર્ણ વર્તન તેમની જરૂરિયાત સંતોષવા માટે જ હોય છે. માટે જ તેમને ચોકલેટ આપશો તો તેઓ લઇ લેશે, પણ પાછી માંગતા તે પરત આપશે નહીં. તેમને તમારી પાસે બોલાવવા તેમની ગમતી વસ્તુ લઇ લસો તો તે તરત જ રડવા લાગે છે. કારણકે તેમને પોતાની વસ્તુ બીજાને આપવી ગમતું હોતું નથી. આ અવસ્થાના બાળકો વધારે પ્રમાણમાં કલ્પનાશીલ હોય છે. તેઓને પરીની વાર્તા કે અન્ય ભૂતપ્રેતની વાર્તા સાંભળવી ખૂબ જ ગમે છે. તેઓને કલ્પના વિહાર કરવો ગમે છે. તેમની દુનિયા અલગ પ્રકારની હોય છે.

નાની ઉંમરના બાળકો વાતાવરણ સાથે ઝડપથી અનુકુળતા સાધી શકતા નથી. માટે જ તેઓ ઝડપથી બિમાર પડે છે, એટલું જ નહીં આ ઉંમરના બાળકોને કોઇનો સહવાસ જોઇએ જ છે. તેઓને એકલા ઘરમાં મૂકીને બહાર જશો તો તેઓ રડવા લાગશે. કારણકે તેઓ જે તે વાતાવરણ પ્રમાણે અનુકૂળ થયા હોતા નથી. તેઓમાં સારાસાર કે નિર્ણયશક્તિનો અભાવ હોય છે. તેઓ પોતાને ગમતું જ કરતા હોય છે. અન્ય પર તેમના વર્તનની શું અસર થશે તેનો વિચાર કરવાની શક્તિ તેમનામાં હોતી નથી. તેઓ જાતે કોઇ નિર્ણય લઇ શકતા નથી. તેમને તો તેમના મમ્મી-પપ્પા કહે તે જ તેમની દુનિયા હોય છે.

આ ઉંમરના બાળકોમાં પ્રબળ અનુકરણ શક્તિ હોય છે.બાળકો બોલતા શીખે છે તે પણ તેમના ઘરના સભ્યોનું સાંભળીને જ બોલે છે. તેઓ જાતે કોઇ નિર્ણય લેવા શક્તિમાન ન હોવાથી બીજાનું જોઇને વર્તન કરે છે. તેઓ કઇ બાબત સાચી કે સારી છે તે નક્કી કરી શકતા નથી. તેઓ બીજાનું જોઇને કે સાંભળીને જ પોતાનું વર્તન કરે છે. માટે જ કોઇ બાળક સારું છે કે ખરાબ છે તેમ કહીએ તો તેમાં બાળકોનો કોઇજ વાંક હોતો નથી, તેને તો બીજાનું જોઇને વર્તન કરેલ હોય છે. માટે જો કોઇ વાંક કાઢવો હોય તો તેના વડિલોનો વાંક કાઢી શકાય કે તેમણે એવું તે કેવું વર્તન કર્યું કે તે જોઇને પેલું બિચારું બાળકો પણ ખોટું વર્તન કરતાં શીખ્યું. શિશુઅવસ્થાના બાળકો ભૌતિક જરૂરિયાત માટે પરાવલંબી હોય છે. તેઓને નાનામાં નાની કોઇ વસ્તુ જોઇતી હશે તો પણ તેઓ તેમના મ્મમી-પપ્પા પાસે માંગશે. જો મમ્મી-પપ્પા તેની જરૂરિયાત નહીં સંતોષે તો તે તરત જ રડવા લાગશે, જમીન પર સૂઇને આળોટવા પણ લાગે. તેને તો બસ પોતાની જરૂરિયાત પૂર્ણ કરવી છે. તેનામાં સારાનરસાનો કોઇ ભેદ હોતો નથી. તમે તેને મારશો કે વઢશો તો પણ તે પોતાની જરૂરિયાત માટે મક્કમ રહેશે. આ ઉમંરના બાળકોમાં સ્વાર્થવૃત્તિ ભરપૂર હોય છે. તમે તેની પાસેથી કોઇ વસ્તુ લઇ શકશો નહીં. તમે જ આપેલી વસ્તુ પરત માંગશો તો પણ તે નહીં આપે. આમ કરે તો આપણે તેને હઠાગ્રહી કે જબરો છે તેમ કહીએ છીએ. પણ હકીકતમાં આ તો તેનો સાહજિક સ્વભાવ છે. તેઓનું વર્તન ખૂબ જ આવેગયુક્ત હોય છે. તેઓ ખૂબ જ ઓછા સમયમાં તેમના આવેગમાં ફેરફાર કરી શકે છે. રડતું બાળક એકાએક હસવા લાગશે, કે હસતું બાળક એકાએક રડવા લાગે છે. આ ઉંમરના બાળકોમાં જિજ્ઞાસાવૃતિ ભરપૂર હોય છે. તેઆને નવી નવી વસ્તુ રમવી ગમે છે. તેમની સામે મૂકેલી વસ્તુ થોડો સમય રમીને તેઓ તોડીને તેના ભાગોનું નિરીક્ષણ કરે છે. અહીં તેમને વસ્તુ તોડવાની ઇચ્છા હોતી નથી, પણ તેમાં શું છે અને કેવું છે તે જાણવાની પ્રબળ ઇચ્છા હોય છે. આવા નાના બાળકો એકાંતપ્રિય હોય છે. તેઓને એકલા રમવાનું વધુ ગમે છે. જો એક કરતાં વધુ બાળકો સાથે રમતા હશે તો તેમની વચ્ચે અવશ્ય ઝઘડો થશે જ. કારણ કે પોતાની વસ્તુ અન્ય કોઇ લે તે તેમને ગમતું હોતું નથી. માટે જ તેઓ એકલા રમવાનું પસંદ કરે છે. બાળક આવું કરે તો તે માનસિક રીતે વિકૃત છે તેમ માનવાની જરૂર નથી.

આ અવસ્થાના બાળક પાસે આવી કોઇ અપેક્ષા રાખી શકાય. જેમકે... ચાલતાં શીખે, ખોરાક પોતાની જાતે ખાતાં શીખે, સ્પષ્ટ રીતે બોલતાં શીખે, કુદરતી હાજતો પર નિયંત્રણ રાખે, શારીરિક સમતોલન કેળવે, પોતાના કુટુંબના સભ્યો પ્રત્યે ભાવાત્મક સંબંધ સ્થાપે.

આમ ઉપરોક્ત લક્ષણો જાણ્યા પછી બાળકના અમુક લક્ષણ કે વર્તનથી મા-બાપે દુઃખી થવાની જરૂર નથી. તે લક્ષણ સાહજિક છે તેમ માનીને સ્વીકારવું જોઇએ. આવા લક્ષણો મા-બાપ જાણતા હશે તો પોતાના બાળક પાસે ખોટી અપેક્ષા નહીં રાખે અને તેના ચોક્કસ વર્તનથી તેઓ દુઃખી પણ નહીં થાય. નાના બાળકોને સમજવા જોઇએ. તેમની પસંદ, નાપસંદ જાણવી જોઇએ. તેમજ તેમના શારીરિક અને માનસિક વિકાસને ઓળખવો જોઇએ. જો આમ થશે તો દરેક મા-બાપ પોતાના બાળકનો સાચા અર્થમાં અને સાચી દિશામાં વિકાસ કરવામાં સહભાગી થઇ શકશે, નહીં તો તેના વિકાસ માટે અવરોધક પરિબળ પણ બની શકે છે.

# ભાઈબીજ સ્નેહ સંમેલન ૨૦૨૪ ના યાદગાર સંભારણા














# ભાઈબીજ સ્નેહ સંમેલન ૨૦૨૪ ના યાદગાર સંભારણા















# ભાઈબીજ સ્નેહ સંમેલન ૨૦૨૪ ના યાદગાર સંભારણા













# ભાઈબીજ સ્નેહ સંમેલન ૨૦૨૪ના યાદગાર સંભારણા

























## ''શિક્ષણ એ શક્તિશાળી સમાજની મૂલધારા છે. વિદ્યા વિના જીવન અધૂરું છે.''

## સમાજ દ્વારા રજૂ થયેલી શિક્ષણ યોજનામાં ઉદાર હાથે સહાય કરવા સમાજનાં લોકોને નમ્ર વિનંતી

કોઇ પણ સમાજનાં સર્વાંગી વિકાસ અને પ્રગતિ માટે શિક્ષણ ખૂબ જ જરૂરી છે. જેમ જેમ શિક્ષણનો વ્યાપ વધતો જશે તેમ તેમ સમાજ સમૃદ્ધ બનતો જશે. શિક્ષણના કારણે આપણી સેકન્ડ જનરેશને સમાજની કાયાને બદલી નાખી છે. આજે શિક્ષણના કારણે ઘણા કુટુંબો સમૃદ્ધ બન્યાં છે. આના કારણે મધ્યમ વર્ગના લોકો ઘણા ઊંચા આવ્યા છે. તેમના ઘણા પ્રશ્નો હલ થયા છે. આજે તેમને હાથ લાંબો કરવો પડે તેમ નથી. આ કુટુંબો સમૃદ્ધ અને સ્વાવલંબી બન્યાં છે. તેઓ હવે બીજાને મદદ કરી શકે તેવી પરિસ્થિતિમાં છે. શિક્ષણનો આ જાદુ છે. બીજાં કેટલાંક સમાજો કરતાં શિક્ષણના ક્ષેત્રમાં આપણે ઘણાં પાછળ છીએ.

જીવનના ઘડતર માટે પણ શિક્ષણ અતિ આવશ્યક છે. આપણો સમાજ આ અંગે કાર્યરત છે. શિક્ષણ આજે ઘણું મોંઘુ થયું છે. જે સામાન્ય માણસને પરવડે તેવું નથી. આવા કુટુંબોને આ માટે સહાયની જરૂરત છે. સમાજની કારોબારી સમિતી આ અંગે જાગૃત છે. સમાજ કક્ષાએ **''પરેશ સંજય અમીચંદ જીવનલાલ વોરા શૈક્ષણિક ફંડ''** યોજના ચાલુ છે. જેના અંતર્ગત મુંબઈ તથા મુંબઈની બહાર વસતા વિદ્યાર્થીઓ માટે શાળા અને કોલેજની ફી માટે સહાય આપવામાં આવે છે. કોર્પસ ફંડના વ્યાજમાંથી તથા બીજા દાતાઓના સહકારથી આ યોજના અવિરતપણે ચાલુ રહી છે. પણ હાલનાં મોંઘવારીના સમયમાં આ ફંડ ઓછું પડે છે.

આ વખતના ભાઈબીજ સંમેલનમાં સમાજનાં પ્રમુખ શ્રી કિરીટભાઈએ ઉપરોક્ત યોજના માટે એક પ્રસ્તાવ સમાજ સમક્ષ મૂક્યો છે. જે અંતર્ગત કોઇ પણ વ્યક્તિ કે પરિવાર રૂપિયા ૧૮૦૦૦ આપીને એક વિદ્યાર્થીને એક વર્ષ માટે દત્તક લઇ તેના અભ્યાસનાં ખર્ચમાં સહાયરૂપ થઇ શકે છે. ઉપરાંત કોઇ વ્યક્તિ કે પરિવાર રૂપિયા ૩,૬૦,૦૦૦ કોર્પસ ફંડમાં આપી તેનાં વ્યાજમાંથી ૨૦ વર્ષ સુધી એક વિદ્યાર્થીને દત્તક લઇ શકે છે.

આ પ્રસ્તાવને સંમેલનમાં ઉપસ્થિત લોકોનો સારો પ્રતિસાદ મળ્યો અને અંદાજે રૂપિયા સાડાબાર લાખ જેટલી રકમ ભેગી થઇ.

સંમેલનમાં હાજર રહેલાં પણ પોતાનો કિંમતી ફાળો નહીં નોંધાવી શકેલા લોકો તેમજ સંમેલનમાં હાજર નહીં રહી શકેલા ઉદાર દિલ દાતાશ્રીઓ અને સમાજ પ્રેમી લોકો માટે હજુ પણ શિક્ષણના આ યજ્ઞમાં સ્વેચ્છાએ જોડાવાની અમૂલ્ય તક છે. સમાજની કારોબારી સમિતી આપ સૌને આગ્રહભરી વિનંતી કરે છે કે આપ સૌ આપની ઇચ્છા અને ક્ષમતા પ્રમાણે આ યોજનામાં ભાગીદાર બનશો. આનાથી સમાજનાં વિદ્યાર્થીઓને તો લાભ મળશે પણ સાથોસાથ સમાજનાં વિકાસ અને ઉત્કર્ષમાં સહભાગી બનશો.

સમાજનાં પરિવારો દેશમાં જૂદાં જૂદાં સ્થળોએ અને વિદેશમાં વસેલા છે. તે દરેક સાધન સંપન્ન પરિવારોને આ અંગે ઉદાર સહાય કરવા સમાજની કારોબારી સમિતી વિનંતી કરે છે. કુટુંબમાં એક વિદ્યાર્થી આગળ વધીને ઉચ્ચ સ્થાને જશે તો આખું કુટુંબ તરી જશે. આનો અમૂલ્ય લાભ દાતાઓને મળશે. શિક્ષણ અંગેનું દાન સૌથી મોટું દાન છે.

આ યોજના અંતર્ગત આપેલ દાન ૮૦ જી હેઠળ કરમુક્ત છે. આપ સૌનો આ અંગે સહકાર મળી રહેશે એવી આશા અસ્થાને નથી.

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ-મુંબઈ**

શ્રી કીરીટકુમાર પ્રભુલાલ મહેતા (પ્રમુખ સેવક) શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા (ઉપ-પ્રમુખ)

શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી (મંત્રી) શ્રી આશિષભાઈ વિનોદરાય મહેતા (મંત્રી)

શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા (ખજાનચી)

**શૈક્ષણિક સહાય કમિટી**

શ્રી જયેશભાઈ સી. દોશી, શ્રી સંજયભાઈ ડી. મહેતા, શ્રી અતુલભાઈ ડી વસા, શ્રી આશિષભાઇ વી. મહેતા

**તેમજ સમસ્ત શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ-મુંબઈ કારોબારી કમિટી**

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈના નેજા હેઠળ
# શૈક્ષણિક ક્ષેત્રે અનુમોદનીય કાર્ય



**શ્રીમતી અચરતબેન ઝવેરચંદ વસા**



**શ્રીયુત ઝવેરચંદ જુઠાભાઈ વસા**

શ્રી ભોગીભાઈ ઝવેરચંદ વસા તેમજ શ્રીમતી અન્સુયાબેન ભોગીભાઈ વસા પરિવાર સંચાલિત ટ્રસ્ટ ''શેઠ ઝવેરચંદ જુઠાભાઇ વસા મેમોરીયલ ટ્રસ્ટ'' સાયન મુંબઈ દ્વારા ધોરણ ૧૦માં ૮૫ ટકા કરતા વધારે માર્કસ સાથે પાસ થયેલ પ્રથમ ૧૦ વિદ્યાર્થીઓ દરેકને રૂપિયા ૧૦,૦૦૦/- તેમજ ધોરણ ૧૨માં ૮૫ ટકા કરતાં વધારે માર્કસ સાથે પાસ થયેલ પ્રથમ ૧૦ વિદ્યાર્થી દરેકને રૂપિયા ૧૨,૦૦૦/- જેવી માતબર રકમ શિષ્યવૃત્તિ રૂપે આપીને સમાજના ભાઈબીજ સ્નેહ સંમેલનના પ્રસંગમાં ઉત્કૃષ્ટ બહુમાન કરવામાં આવ્યું હતું.

આ અમૂલ્ય બહુમાન સમાજના વિદ્યાર્થીઓને ભણવામાં વધારે ચીવટ રાખીને તેનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવાની પ્રેરણા આપે છે.

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ ''શેઠ ઝવેરચંદ જુઠાભાઇ વસા મેમોરીયલ ટ્રસ્ટ'' સાયન મુંબઈ ના ટ્રસ્ટી શ્રી ભોગીભાઈ ઝવેરચંદ વસા તેમજ શ્રીમતી અન્સુયાબેન ભોગીભાઇ વસા પરિવારની અંતરથી અનુમોદના કરે છે અને સમાજના નેજા હેઠળ ભવિષ્યમાં પણ આવા અનુમોદનીય કાર્ય કરતા રહે તેવી સમાજના કારોબારી કમિટી તરફથી તેમને શુભેચ્છા આપવામાં આવે છે.



**શ્રીમતી અન્સુયાબેન ભોગીભાઈ વસા**



**શ્રી ભોગીભાઈ ઝવેરચંદ વસા**

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજના ઝળહળતા સિતારાઓ

## ધોરણ ૧૦માં ૮૫ ટકા કરતા વધારે માર્કસ સાથે પાસ થયેલ પ્રથમ ૧૦ વિદ્યાર્થીઓ



યશ વિકલ્પ વસા
૯૯.૨૦%



જૈનમ હર્ષિપ વોરા
૯૭.૮૦%



સૃષ્ટિ નિલેશ દોશી
૯૬.૮૦%




પ્રીત સચિન પારેખ
૯૬.૨૦%



રાહિલ ભાવિન શાહ
૯૪.૬૦%



જીલ હિમાંશુ કોરડીયા
૯૩.૪૦%




ભવ્યલ અંતિમ શેઠ
૯૨.૨૦%



દીયાન ભાવેશ ભીમાણી
૯૧%



આગમ નિલેશ શાહ
૮૯.૨૦%



જૈનિલ નરેશ માજની
૮૮.૮૦%

## ધોરણ ૧૨માં ૮૫ ટકા કરતા વધારે માર્કસ સાથે પાસ થયેલ પ્રથમ ૧૦ વિદ્યાર્થીઓ



ધાર્મિક ધર્મેશ કોરડીયા
૯૫.૬૭%



કેવન મિતેષ રામાણી
૯૫.૪૦%



સ્વરા રુહીલ સંઘવી
૯૫.૧૭%



રિયા મલય સંઘવી
૯૩.૧૭%



ક્રિશ અભય પારેશ
૯૨%



દેવાંશી કેતન મહેતા
૮૯.૩૩%




ખુશ ભદ્રેશ ખાખરા
૮૬.૩૩%



માનસી રિતેશ મહેતા
૮૫.૫૦%



જશ રોહિત શેઠ
૮૫.૫૦%



રુચિત મેહુલ વોરા
૮૫%

# Sheth Devkaran Mulji Saurashtra Vishashrimali Jain Boarding
# શેઠ દેવકરણ મુળજી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન બોર્ડીંગ

RAJKOT TRUST REGD NO : A - 368

Vora Bhavan "Mehta Trust Building",
Airport Road, B/h. Mahakaleshwar Temple
Rajkot - 360 007. Mo. +91 6354619719
E-mail : devkaranmuljijainhostel@gmail.com

Managing Trustee
Shri Paresh Sheth
Mob.: + 91 99207 87842

Mumbai C/o.:
909 - Filix Tower, 9th floor, LBS Road,
Opp. Asian Paints, Bhandup West,
Mumbai - 400 078

માનનીય સભ્ય શ્રી,
જય જિનેન્દ્ર

તા. ૧૯-૧૦-૨૦૨૪ નાં રોજ ગુજરાતી કલબ માટુંગા-મુંબઈ ખાતે યોજાયેલી સર્વ સાધારણ સભામાં બોર્ડિંગ ના ડોનર ટ્રસ્ટી તથા ઉદારદિલ દાતા માનનીય શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા પરિવાર તરફથી નવા ભવન માટે આવેલ મુખ્ય ડોનર તરીકે રૂા. ૭,૦૦,૦૦,૦૦૦/- (રૂા. સાત કરોડ) ની ઓફર નો સ્વીકાર કરવામાં આવ્યો હતો, તેમજ શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા તરફથી ડોનેશન નાં ટોકન સ્વરૂપે રૂા. ૫૪,૦૦,૦૦૦/- (રૂા. ચોપન લાખ) નો ચેક મેનેજીંગ ટ્રસ્ટી, શ્રી પરેશભાઈ શેઠને અર્પણ કરવામાં આવ્યો હતો જેનું અમો બોર્ડિંગ નું સમગ્ર ટ્રસ્ટી મંડળદ્વારા સ્વાગત કરીએ છીએ તેમજ શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા નાં પરિવાર ની ભુરી ભુરી અનુમોદના કરીએ છીએ.

તેમજ બોર્ડિંગની વાર્ષિક સાધારણ સભામાં ઉપસ્થિત તમામ સભ્યો દ્વારા શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા તથા શ્રીમતી હર્ષાબેન મહેશભાઈ સાવડીયા ને તાળીઓનાં ગડગડાટ થી વધાવી લેવામાં આવ્યા હતા.

આપણા સમાજના ઇતિહાસમાં સોરઠ સમાજનાં ભામાશા પૂ. શ્રી દેવકરણ મુળજી સંઘવી બાદ શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા પરિવારની ઉદારદિલી ઉપર ઘણા બધા સભ્યો ની આંખમાંથી હર્ષનાં આસું છલકાઈ ગયા હતા.

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજના ઉદારદિલ દાતાઓ તથા સભ્યો ને વિનંતી કરવામાં આવે છે કે આપણા સમાજના ભામાશા તેવા પૂજય દેવકરણ મુળજી સંઘવી નાં ઉચ્ચ શિક્ષણ શ્રેષ્ઠ શિક્ષણ ના આયામ ને સર કરવા માટે આપ સર્વ દાતા ઓ અમારી ઉપરોકત ડોનેશન ની સ્કીમમાં દાનની સરવાણી વહેવડાવશો એવી આશા અસ્થાને નથી.

લી.
મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પરેશ એમ. શેઠ
તથા સમગ્ર ટ્રસ્ટી ગણ
Mobile : 9920787842

# Sheth Devkaran Mulji Saurashtra Vishashrimali Jain Boarding

# શેઠ દેવકરણ મુળજી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન બોર્ડીંગ

RAJKOT TRUST REGD NO : A - 368

Vora Bhavan "Mehta Trust Building",
Airport Road, B/h. Mahakaleshwar Temple
Rajkot - 360 007. Mo. +91 6354619719
E-mail : devkaranmuljijainhostel@gmail.com

Managing Trustee
Shri Paresh Sheth
Mob.: + 91 99207 87842

Mumbai C/o.:
909 - Filix Tower, 9th floor, LBS Road,
Opp. Asian Paints, Bhandup West,
Mumbai - 400 078

જૈન સમાજ શિક્ષીત બને તે માટે ખુબજ આગવી સુઝબુજ સાથે ૧૧૦ વર્ષ પહેલાં બોર્ડિંગ સ્કૂલના સ્થાપક તેમજ પ્રણેતા અને અનેક જૈન પરિવારો ના ઉદ્ધારક એવા આપણા પુજ્ય શ્રી દેવકરણ મુળજી સંઘવી ના સ્વપ્ને ને જૈન સમાજ નાનામાં નાના માણસ સુધી ઉચ્ચ શિક્ષણ ના વ્યાપ વધે તેમજ જૈન સમાજના ઉચ્ચ મૂલ્યોની જાણવણી થાય તે માટે રાજકોટ ખાતે નવું ભવન (રહેવા જમવાની વ્યવસ્થા સાથે) જૈન યુવાનો તેમજ યુવતીઓ માટે IAS-IPS કે **કલેક્ટર, ક્લાસ** ૧ ઓફિસર, ક્લાસ ૨ ઓફિસર તેમજ દરેક Government Exam નું સેન્ટર બનવા જઈ રહ્યું છે. મિત્રો આજે જૈન સમાજને જરૂર છે જૈન વહિવટકર્તાઓની, જૈન નીતિ નિર્માતાઓની. રાજકોટ ખાતે દેવકરણ મુળજી એસ. વિ. જૈન બોર્ડિંગ "જૈન ફોર જૈન" ના સ્વપ્નને સાકાર કરવા જઈ રહ્યું છે.

સોરઠ વિશાશ્રીમાળી જૈન પરિવાર સમગ્ર ભારતભરના જૈન યુવાનો માટે રાજકોટ ખાતે UPSC-GPSC-IAS-IPS પરીક્ષાઓની તૈયારીઓ માટે આધુનિક હોસ્ટેલ સુવિધાની સાથે કોચિંગ સેન્ટર Administrative Services Centre ની શરૂઆત કરવા જઈ રહ્યો છે. ભારતભરના સમગ્ર જૈન સંઘો સુધી આ માહિતી પહોંચાડો. આપના આસપાસના મિત્રોને, આપના સંઘના ગ્રુપમાં આ મેસેજ પહોંચાડો જેથી વધુમાં વધુ યુવાનો આ પહેલમાં જોડાઈ શકે.

આપ દરેક સભ્યોને જાણ કરતા ખુશી થાઈ છે કે આ ભવન આપણા સમાજની શાનમાં ઉત્તરોતર વધારો કરશે અને તેમજ જણાવવાનું કે આ ભવન નિર્માણ માં થનાર ખર્ચ ને પહોંચી વળવા માટે એક સરસ યોજના તૈયાર કરવામાં આવેલ છે. સમાજના દાતાઓ, સંસ્થાના સભ્યો તથા સંસ્થાના શુભચિંતકો ને વિનંતી કરવામાં આવે છે કે પૂજ્ય શ્રી દેવકરણ બાપા ના સ્વપ્ન ને સાકાર કરવા માટે આપનો સહયોગ હમેંશા રહ્યો છે અને રહેશે આવી આશા સાથે યોજનાની વિગત નીચે મુજબ આપેલ છે.

| ક્રમ | શ્રેણી | રકમ | દાતાના અધિકારો અને લાભ |
|---|---|---|---|
| ૧ | મુખ્ય દાતા અથવા મુખ્ય ડોનર | ૭,૦૦,૦૦,૦૦૦ સાત કરોડ કે તેનાથી વધુ રકમ | • નવા ભવન ઉપર પૂ. બાપાના નામની સાથે દાતાની ઇચ્છા મુજબ યોગ્ય જગ્યા ઉપર નામ લખવામાં આવશે.<br>• નવા ભવનમાં દાતા પરિવાર તરફ સૂચવેલ જગ્યા ઉપર 3 X ૪ અથવા 3 X ૫ ની આરસની તખ્તી ઉપર ગોલ્ડન અક્ષરે નામ<br>• સંચાલન સમિતીમાં પ્રમુખ તરીકે હોદ્દો, (શ્રી સૌ. વિ. જૈન હોવા જરૂરી છે) નિર્ણયો બહુમતી એ પસાર થશે.<br>• ૭ (સાત) સીટ ફ્રી (Free) માં રહેવા જમવા માટે (૩૦ વર્ષ માટે)<br>• ૮ (આઠ) સીટ લવાજમ સાથે પ્રથમ પસંદગી આપવામાં આવશે. વહેલા તે પહેલાના ધોરણે.<br>• બે (૨) વ્યક્તિના ફોટા દાતાએ સુચવેલ જગ્યા ઉપર મુકવામાં આવશે.<br>• ઉપરના બધા અધિકારો ૩૦ (ત્રીસ) વર્ષ માટે અબાધિત રહેશે. |

# Sheth Devkaran Mulji Saurashtra Vishashrimali Jain Boarding
# શેઠ દેવકરણ મુળજી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન બોડીંગ

RAJKOT TRUST REGD NO : A - 368

Vora Bhavan "Mehta Trust Building",
Airport Road, B/h. Mahakaleshwar Temple
Rajkot - 360 007. Mo. +91 6354619719
E-mail : devkaranmuljijainhostel@gmail.com

Managing Trustee
Shri Paresh Sheth
Mob.: + 91 99207 87842

Mumbai C/o.:
909 - Filix Tower, 9th floor, LBS Road,
Opp. Asian Paints, Bhandup West,
Mumbai - 400 078

| ક્રમ | શ્રેણી | રકમ | દાતાના અધિકારો અને લાભ |
|---|---|---|---|
| ૨ | સહાયક ડોનર | ૩,૦૦,૦૦,૦૦૦ ત્રણ કરોડ કે તેનાથી વધુ રકમ | • નવા ભવન ઉપર કિચન-સટોરરૂમ તથા ઓડીટોરીયમ માં 3 X 3 કે 3 X ૪ ની આરસની તખ્તી ઉપર નામ ગોલ્ડન અક્ષરે કંડારવામાં આવશે.<br>• નવી સંચાલન સમિતીમાં એક વ્યક્તિની નીમણુંક કરી શકશે. (શ્રી સૌ. વિ. જૈન હોવા જરૂરી છે)<br>• ૩૦ વર્ષ સુધી ૩ (ત્રણ) સીટ ઉપર ફ્રી (Free) માં રહેવા - જમવા વિદ્યાર્થીઓને આપવામાં આવશે. |
| ૩ | કોન્ફરન્સ રૂમ (Conference Room) | ૨૫,૦૦,૦૦૦ પચીસ લાખ | • દાતાની ઇચ્છા મુજબ રૂમની બહારનો ભાગ તથા રૂમની અંદરની સાઇડ ૨X૨ ની તખ્તી ઉપર ગોલ્ડન અક્ષરે નામ લખવામાં આવશે. |
| ૪ | કોમ્પ્યુટર રૂમ (Computer Room) | ૩૦,૦૦,૦૦૦ ત્રીસ લાખ | • દાતાની ઇચ્છા મુજબ રૂમની બહારનો ભાગ તથા રૂમની અંદરની સાઇડ ૨X૨ ની તખ્તી ઉપર ગોલ્ડન અક્ષરે નામ લખવામાં આવશે. |
| ૫ | રીસેપ્શન એરિયા | ૨૫,૦૦,૦૦૦ પચીસ લાખ | • દાતાની ઇચ્છા મુજબ રીસેપ્શનના ભાગમાં તથા રીસેપ્શન એરીયાના અંદરની સાઇડ ૨X૨ ની તખ્તી ઉપર ગોલ્ડન અક્ષરે નામ લખવામાં આવશે. |
| ૬ | વી.આઇ.પી. લોંજ | ૧૫,૦૦,૦૦૦ પંદર લાખ | • વી.આઇ.પી. લોંજની ઉપર તેમજ અંદરના ભાગમાં ૨X૨ ની તખ્તી ઉપર ડોનરની ઇચ્છા મુજબ નામ લખવામાં આવશે. |
| ૭ | ઓફીસ | ૧૫,૦૦,૦૦૦ પંદર લાખ | • ઓફીસના બહારના ભાગમાં તેમજ અંદરના ભાગમાં ડોનરની ઇચ્છા મુજબ ૨X૨ ની તખ્તી ઉપર નામ લખવામાં આવશે. |
| ૮ | ગર્લ્સ રીડીંગ રૂમ | ૧૫,૦૦,૦૦૦ પંદર લાખ | • ગર્લ્સ રીડીંગ રૂમના ઉપરના ભાગે તેમજ અંદરના ભાગે ડોનરની ઇચ્છા મુજબ ૨X૨ ની તખ્તી ઉપર નામ લખવામાં આવશે. |
| ૯ | બોઇઝ રીડીંગ રૂમ | ૧૫,૦૦,૦૦૦ પંદર લાખ | • બોઇઝ રીડીંગ રૂમના ઉપરના ભાગે તેમજ અંદરના ભાગે ૨X૨ ની તખ્તી ઉપર નામ લખવામાં આવશે. |
| ૧૦ | લાયબ્રેરી | ૧૫,૦૦,૦૦૦ પંદર લાખ | • લાયબ્રેરીના ઉપરના ભાગે તેમજ અંદરના ભાગે ૨X૨ ની તખ્તી ઉપર નામ લખવામાં આવશે. |
| ૧૧ | રૂમના દાતા | ૧૧,૦૦,૦૦૦ અગિયાર લાખ | • રૂમના ઉપરના ભાગે 3 X ૨ ની તખ્તી ઉપર નામ લખવામાં આવશે. |
| ૧૨ | સીટના દાતા | ૧૧,૦૦,૦૦૦ અગિયાર લાખ | • કુલ ૫૦ (પચાસ) સીટ ના લાભાર્થી લેવાના છે.<br>• લાભાર્થીને ૩૦ વર્ષ સુધી એક સીટ ફાળવવામાં આવશે. તે સીટ ઉપર સંસ્થાના ધારા - ધોરણે મુજબ પ્રાયોરીટી એડમીશન અપાવી શકશે. |

# શેઠ દેવકરણ મુળજી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન બોર્ડીંગ ની સર્વ સાધારણ સભાના યાદગાર સંભારણા













# શેઠ દેવકરણ મુળજી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન બોર્ડીંગ ની સર્વ સાધારણ સભાના યાદગાર સંભારણા

















## ડિસેમ્બર માસના મુખપત્રના ''સૌજન્ય દાતા''

## સમાજ પ્રત્યે સેવા, નિષ્ઠા અને સમર્પણ

# સ્વ. શ્રી ગીરધરલાલ જીવનભાઈ વોરા



કુશાગ્ર બુદ્ધિચાતુર્ય, સાહસ, ધૈર્ય અને વ્યવહારકુશળતા દ્વારા એક પછી એક પ્રગતિના શિખરો સર કરીને જેમણે જબ્બર સફળતા, પ્રતિષ્ઠા અને ખ્યાતિ મેળવી હતી. એવા મુરબ્બી સ્વ. શ્રી ગીરધરલાલ જીવનભાઈ વોરા આપણા સમાજના અગ્રીમ હરોળ ટોચના આગેવાન હતા.

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજની રચના થઈ અને તેને સંગઠિત સ્વરૂપ મળ્યું ત્યારથી માંડીને અત્યાર સુધી તેમણે સમાજની અપ્રતિમ સેવા કરી હતી. અને સમાજને એક યા બીજી રીતે સહાયભૂત થઈ રહ્યા હતા. તેઓ આપણા સમાજના ખૂબ જ જાણીતા, સંનિષ્ઠ, સજ્જન અને કર્તવ્યપરાયણ વ્યક્તિ હતા. કોઈપણ કાર્યમાં બીજાને ઉપયોગી થવું અને જરૂર જણાય ત્યાં વિના સંકોચે સહાયભૂત થવું એ તેમનો જીવન સાથે વણાયેલો સ્વભાવ હતો.

સ્નેહસંમેલનથી માંડીને અન્ય પ્રવૃત્તિઓ સુધીનું શ્રી ગીરધરલાલ વોરાનું સમાજ પ્રત્યેનું યોગદાન અવર્ણનીય છે. સમાજમાં કોઈપણ જગ્યાએ કોઈપણ જાતના હોદ્દા વગર સમાજની વિવિધ પ્રવૃત્તિઓ સાથે તારતમ્ય સાધીને તેને પ્રગતિના રાહ પર લઈ જવાનું ચિંતન અને તેને માટે બનતું બધું કરી છૂટવાની ભાવના તેમના મનમાં હંમેશાં રહી છે. તેઓ મૃદુભાષી હતા. જરૂર સિવાય બોલવાનું ગમતું નહીં. જે બોલે તે વિચારીને સમજીને બોલતા અને તેમનો એક એક શબ્દ અર્થપૂર્ણ રહેતો.

મુરબ્બી શ્રી ગીરધરલાલનો જન્મ ૨૬મી એપ્રિલ ૧૯૧૯ માં થયો હતો. તેમણે દે.મુ.જૈન બોર્ડિંગ જૂનાગઢ ખાતે મેટ્રિક સુધીનો અભ્યાસ કરીને મુંબઈને પોતાની પ્રવૃત્તિનું ક્ષેત્ર બનાવ્યું હતું. પ્રારંભિક નોકરી પછી પોતાના સ્વતંત્ર બાંધકામના વ્યવસાયમાં ઝંપલાવ્યું હતું અને અનેક કેમિકલ, કાઉન, કોર્ક, મેટલ પ્રિન્ટિંગ તથા કોમ્પ્યૂટર ઈન્ડસ્ટ્રીઝ ચાલુ કરી હતી. આ બધામાં તેમને સુપુત્રો શશિકાંતભાઈ, દિનેશભાઈ, પ્રદીપભાઈ, જિતેન્દ્રભાઈ, મનોજભાઈ અને અશ્વિનભાઈનો સાથ મળ્યો હતો. સુપુત્રી મંજુલાબેન અને જમાઈ દીપકકુમાર જયંતીલાલ શાહ તેમની પ્રગતિના દૃષ્ટા બન્યા હતા. ધર્મપત્ની સમજુબેનની ભલી લાગણી અને પ્રેરણાથી પ્રગતિના પથ પર આગળ વધવામાં અનેરો સાથ મળ્યો હતો. આ બધી પારિવારિક શક્તિઓએ ગીરધરલાલને હૂંફ બક્ષી હતી અને તેમની વિજયયાત્રા ખૂબ આસાન બની હતી.

શ્રી ગીરધરલાલે રાજકોટ ખાતે દે.મુ.જૈન બોર્ડિંગની નવરચનામાં તન, મન અને ધનથી મહત્ત્વની સેવા બજાવી હતી. અને વર્ષો સુધી બોર્ડિંગના મેનેજિંગ ટ્રસ્ટી પદે રહ્યા હતા. તેઓ ખૂબ જ વ્યવહારકુશળ હતા. તેમનું અનુભવનું જ્ઞાન અદ્‌ભુત હતું. તેમનું ગણિત સીધું સાદું હતું. કોઈપણ કામનું પરિણામ આવવું જોઈએ. પરિશ્રમ વગર સફળતા મળે નહીં અને કોઈપણ કામ કરતા પહેલાં તેના તમામ પાસાઓ અંગે વિચાર કરવો અને પછી તેમાં ઝંપલાવવું, નિષ્ફળતાથી ડરવું નહીં, સફળતા માટેના પ્રયાસો ચાલુ રાખવા આ બધા તેમના જીવનના સફળતાના મંત્રો હતા.

સ્વ. શ્રી ગીરધરલાલ જુદા જુદા વિષયોના અભ્યાસી હતા. ધર્મ, જીવન અને વહેવાર અંગેનું તેમને જ્ઞાન ઊંડું હતું. તેમનામાં દરેક પ્રશ્નને ખરા અર્થમાં સમજવાની શક્તિ હતી. દિલાવર દિલ નેક ભાવના, મિલનસાર સ્વભાવ અને મૈત્રીપૂર્ણ વહેવારથી તેમણે સમાજમાં ખૂબ જ ચાહના મેળવી હતી અને લોકપ્રિયતા હાંસલ કરી હતી.

**''તેમનું જીવન સૌના માટે દીવાદાંડીરૂપ છે.''**

## ડિસેમ્બર માસના મુખપત્રના ''સૌજન્ય દાતા''

## પ્રેમ અને સ્નેહની સરવાણી

# સ્વ. શ્રીમતી સમજુબેન ગીરધરલાલ વોરા



સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજની સ્નેહસંમેલનની કાયમી યોજનામાં પ્રેરણાદાતા સ્વ. શ્રીમતી સમજુબેન ગીરધરલાલ વોરા પરિવારના સૌજન્યમૂર્તિ હતા. તેમનામાં નામ એવા ગુણ હતા. તેમનું નિર્દંભ, નિખાલસ અને નિરાભિમાન વ્યક્તિત્વ, શાંત સૌમ્ય પ્રકૃતિ, ધીરજ અને સહિષ્ણુતા હંમેશા યાદ રહેશે.

૧૯૯૧ની પહેલી ડિસેમ્બરે ૭૦ વર્ષની વયે તેમના દેહવિલય થયો હતો. તેમનું સમગ્ર જીવન સમર્પણની ભાવનાથી વણાયેલું હતું. તેઓ મીતભાષી હતા. સામા માણસને સમજવાની અને તેને મુલવવાની તેમની અદ્‌ભુત શક્તિ હતી.

તેમણે પ્રેમ, સ્નેહ અને સમજદારીથી કુટુંબમાં ઉચ્ચ સિંચન કર્યું. સુખ-સમૃદ્ધિ છતાં વિનમ્રતા, આદર અને સરળતા રાખીને તેઓ સૌના સ્નેહના અધિકારી બન્યા હતાં. કુટુંબમાં સ્વતંત્રતા સાથે શિસ્ત અને સંયમ, ઉદારતા સાથે દયા અને કરુણા, વિનય સાથે આદર સત્કાર, ધર્મ સાથે નિર્દંભતા અને વહેવાર સાથે પ્રામાણિકતા અને ભાવપૂર્વક આગતાસ્વાગતા કરવી, તેમનું અભિવાદન કરવું એ તેમની આગવી વિશિષ્ટતા હતી.

સમજુબેન જીવનના હર પ્રવાહને તેના યથાર્થ સ્વરૂપમાં સમજી શક્યા હતાં. સુખ તેમને છલકાવી શક્યું નહોતું અને દુઃખ તેમને વિચલિત કરી શક્યું નહોતું. જીવનના આ બંને સમાન ધ્રુવો વચ્ચે તેમણે અજબનું સમતુલન જાળવી રાખ્યું હતું. સમગ્ર સમાજને તેઓ પરિવાર જેવો ગણાતા હતા અને સૌ પ્રત્યે તેઓમાનની નજરે જોતાં હતાં.

પરિવાર તરફથી જે કોઈ સામાજિક અને ધાર્મિક કાર્યો અને અનુષ્ઠાનો થયા તેમાં સમજુબેનની પ્રેરણા રહેલી હતી. કુટુંબ પરિવાર તેમના હૃદયની ઈચ્છા અને ભાવનાને સાકાર કરવા માટે માનવતા, દયા અને કરુણાના અનેક કાર્યો કર્યા હતાં.

સમજુબેનને પિતાશ્રી ઝીણાભાઈ અભેચંદ મહેતા અને માતુશ્રી હરખબેન તરફથી જે પાયાના સંસ્કારો મળ્યા હતા તે સંસ્કારો, વિનય અને વિવેકને તેમણે કુટુંબમાં બળવત્તર બનાવ્યા હતા. સંતાનો માટે તેઓ જન્મદાત્રી અને સંસ્કારદાત્રી હતાં. પરિવારમાં માતાનું સ્થાન, ઘરમાં ગૃહિણીનું શું સ્થાન છે તે તેમણે પોતાના જીવન દ્વારા સમજાવ્યું હતું અને આ જવાબદારી સુપેરે નિભાવી હતી.

આદર્શ ગૃહિણી, પ્રેમાળ માતા અને પરિવારના મોભી તરીકે તેમણે સૌ પ્રત્યે પ્રેમ અને સ્નેહ વર્ષાવ્યો હતો, બીજાનું દુઃખ જોઈને તેઓ દ્રવી ઉઠતાં હતાં અને પોતાનાથી બનતું બધું કરી છૂટતા હતાં. પરિવારની સફળતાનો યશ તેમને ફાળે જાય છે એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી.


આવા પ્રેમ, દયા અને કરુણાના મહાસાગર જેવા સમજુબેન ગીરધરલાલ વોરાને માનભરી અંજલિ. તેમનું સમાજ અને કુટુંબ પ્રત્યેનું તર્પણ ભૂલાશે નહીં.

''તેમની સ્મૃતિ સદૈવ અંકિત રહેશે''

## ડિસેમ્બર માસના મુખપત્રના ''સૌજન્ય દાતા''

# સ્વ.શ્રી કાંતિભાઈ ધરમશી પારેખ

## ''પિતૃ દેવો ભવ''



''નામ તેવા જ ગુણને સાર્થક કરવું ધુપસળીમય જીવન, સંયુક્ત કુટુંબને કેમ સાચવી શકાય અને કુટુંબનો આધારસ્તંભ કઈ રીતે બની શકાય તેનું ઉદાહરણ એટલે કાંતિભાઈ ધરમશી પારેખ.''

શ્રી કાંતિભાઈનો જન્મ જૂનાગઢ સરદારગઢમાં થયો હતો. કાંતિભાઈ પારેખ નમ્ર, મિલનસાર અને પરોપકારી ભાવનાવાળા સંનિષ્ઠ વ્યક્તિ હતા. તેઓ ૧૯૫૧માં મુંબઈ આવી ૧૯૫૪માં પોતાના બન્ને ભાઈઓ સાથે ટુલ્સનો વ્યાપાર શરૂ કરી, દીર્ઘદ્રષ્ટિ અને મહેનતથી  શૂન્યમાંથી સર્જન કરી નાગદેવીમાં આગવું સ્થાન ગ્રહણ કર્યુ હતું. અને આજેપણ તેમની સ્થાપેલ કંપની તેમના બન્ને દીકરાઓ ખૂબજ સુંદર રીતે ચલાવીને પ્રગતિ કરી રહ્યા છે.

શ્રી કાંતિભાઈ ઓછું બોલીને વધારે કામ કરતા અને કોઈપણ જાતની મોટાઈ, માન અભિમાન કે પદવીના આગ્રહ વિના હંમેશાં કામ કરતા. તેઓ ધાર્મિક કાર્યમાં પણ લક્ષ્મીનો સદ્‌ઉપયોગ કરતાં. જૂનાગઢમાં તેમનાં પત્નીના નામે 'મંજૂષા' હોલ બનાવ્યો છે. શંખેશ્વર, ઈડર, શાહપુરમાં પણ રૂમો બનાવી છે. તથા સાંતાક્રુઝ ઉપાશ્રયમાં પણ તેમણે યોગદાન આપેલ છે.

તેઓ સાંતાક્રુઝના કુંથુનાથ જિનાલયમાં પણ ટ્રસ્ટી હતા અને આયંબિલ શાળામાં પણ તેઓ તન-મન-ધનથી યોગદાન કરતા.

કહેવાય છે કે શ્રી કાંતિભાઈને બે જ મિત્રો હતા. એક તેમનાં પત્ની 'મંજુલાબેન' અને બીજું નાગદેવીનું કામ. મંજુલાબેન સાથે ૪૨ વર્ષના લગ્નજીવનમાં એમણે ભરપૂર જિંદગી માણી હતી. તેમના જીવનનો એક જ મંત્ર હતો - 'સેવા કરો પણ ફળની આશા ન કરો, માનવ સેવા એ જ સાચો ધર્મ છે.'

આવા વિરલ વ્યક્તિ આજે સમાજે ગુમાવેલ છે. તેમની ગેરહાજરી કુટુંબીઓની સાથે સમાજને પણ સાલશે. પણ ઈશ્વર પાસે કોઈનું ચાલતું નથી.

આજે તેમના આદર્શોને ધ્યાનમાં રાખીને તેમના પુત્ર શ્રી ગીરીશભાઈ પારેખ આપણા સમાજના ભૂતપૂર્વ પ્રમુખ છે. તેઓ પણ સુંદર રીતે સમાજ સેવા કરી રહેલ છે.

ૐ શાંતિઃ ૐ શાંતિઃ ૐ શાંતિઃ

# ભાવભરી શ્રધ્ધાંજલી....



જન્મ :
૧૧-૦૮-૧૯૩૪

અરિહંત શરણ
તા. ૧૦-૧૨-૨૦૨૪

## સ્વ. શ્રી મણિલાલ નાથાલાલ શેઠ

મૂળ વતન : છોડવડી ❖ હાલ : મુલુંડ - મુંબઇ

**શેઠ શ્રી દેવકરણ મુળજી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન બોર્ડિંગ-રાજકોટ
ના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી પરેશભાઇ શેઠના પિતાશ્રી ને ભાવભરી શ્રદ્ધાંજલિ**

એવી નજર ક્યાંથી લાવવી કે તમને યાદ કરીએ ને દર્શન થઇ જાય.
હજુ જરૂર હતી તમારી અમને, ત્યાં કુદરત લઇ ગયો તાણી.
હે કુદરત એ અમાનત અમારી છે, રાખજે તું એમને સંભાળી,
તારા માટે એ આત્મા હશે પણ એ જ જીંદગી અમારી હતી.
અરિહંત પરમાત્મા એમના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

**શેઠ શ્રી દેવકરણ મુળજી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન બોર્ડિંગ-રાજકોટ ટ્રસ્ટી
મંડળ તથા સ્થાનિક વ્યવસ્થાપક સમિતિ રાજકોટના સર્વ મેમ્બરો**

ચિંતનની પળે

# તું જિંદગી સામે ફરીયાદો કરવાનું બંધ કર તો સારું !

– કૃષ્ણકાંત ઉનડકટ

**જગતમાં આપનાથી કયાં કોઇ સારી હવેલી છે,**
**પરંતુ કેમ એને ત્યાં હવા ઉપર ચણેલી છે ?**
**મને સમજાય એ પહેલાં એ સમજી જાય છે વાતો,**
**કે મારી લાગણી મારાથી બહુ સારું ભણેલી છે.**

- ગુંજન ગાંધી

દરેક માણસને પોતાની જ જિંદગી વિશે કયારેક ને કયારેક સવાલો થતા જ હોય છે. મારી સાથે કેમ આવું જ થાય છે ? ગમે એટલા પ્રયાસ કરૂં તો પણ કેમ મારી લાઇફમાં પ્રોબ્લેમ જ ઉભા થાય છે ? માંડ માંડ બધું સેટ કરું ત્યાં કંઇક એવું થાય છે કે બધું ઊંધું ચત્તું થઇ જાય છે. દરેક માણસને જિંદગીમાં એક સમયે એવું પણ લાગે છે કે, હવે બધું સેટ થઇ ગયું છે. બધા કેલ્કયુલેશન કરીને વિચારે છે કે, હવે કોઇ વાંધો નહીં આવે. સમય કયારેય એકસરખી શાંતિ કે સુખ લેવા દેતો નથી. સમય એવો ઘૂમે છે કે માણસને ચક્કર આવી જાય. જિંદગીમાં એક વખત તો એવો સમય આવે જ છે જયારે માણસનું કયાંય ધ્યાન ન પડે. કોઇ પણ વડીલને પૂછજો કે, તમારી જિંદગીમાં એવો તબક્કો કયારે આવ્યો હતો જયારે તમારી દશા ખરાબ થઇ ગઇ હતી ? ઘણાંની જિંદગીમાં તો એક વખત નહીં, પણ અનેક વખત એવો સમય આવ્યો હોય છે જયારે એમની મુંઝવણનો કોઇ પાર રહ્યો ન હોય. એમની વાત સાંભળીને આપણને એમ થાય કે, આના તો નસીબ જ વિચિત્ર છે. એકમાંથી બહાર આવ્યા ન હોય ત્યાં બીજી ઉપાધિ આવી જાય છે ! એક પછી એક પડકાર આવે તો માણસ હજુયે એને ઝીલી લે છે, પણ કયારેક તો સમસ્યાઓ બટાલિયન મોઢે આવે છે. એકસાથે એટલું બધું સામે આવીને ઊભું રહી જાય કે કોઇ દિશા જ ન સુઝે. આપણાથી બોલી જવાય કે, હે ભગવાન ! તું શું કરવા ધારે છે ? આટલી કસોટી તે કંઇ હોતી હશે ? જિંદગી કયારેક આંખે અંધારા લાવી દે છે. કંઇ સુઝે નહીં. અઘરા અને કપરા સમયનું એક સોલ્યુશન એ છે કે, આ સમય શાંતિથી પસાર કરી લેવો. કોઇ ખોટા ઉધામા ન મચાવવા. જિંદગીમાં કયારેક સમય અને સ્થિતિના સાક્ષી બનીને જીવવું પડતું હોય છે. એક ભાઈ મુશ્કેલીમાં મુકાઇ ગયા હતા. ચારે બાજુથી સંકટો જ ત્રાટકતાં હતાં. તેના એક સ્વજને પૂછ્યું કે, તું આ સમય કેવી રીતે પસાર કરે છે ? એ માણસે કહ્યું કે, જે થાય છે એ થવા દઉં છું. કંઇ જ કરતો નથી. આપણે માનીએ કે ન માનીએ, પણ કયારેક આપણે જિંદગીની કમાન ઉપરવાળાના હાથમાં સોંપી દેવી જોઇએ. તમે જયારે કંઇ કરી શકો એમ ન હોવ ત્યારે બધું ધરાર પકડી રાખવાનો કોઇ મતલબ નથી હોતો. ઘણા લોકોથી તો પોતાની પરિસ્થિતિ કંટ્રોલમાં ન હોય એ જ સહન નથી થતું. એક ભાઈની આ વાત છે. તે સખત મહેનતું હતા. બધા એમને માન આપતા હતા. ધંધો ધમધોકાર ચાલતો હતો. કોઇની એવી હિંમત નહોતી કે, તેમની સામે બોલે. સમયે પલટી મારી, ધંધામાં ખોટ જવા લાગી. બહુ વિચારીને કરેલા નિર્ણયો પણ ઊંધા પડવા લાગ્યા. નબળો સમય આવે ત્યારે લોકો પણ મોકો જોઇને મનમાં આવે એમ બોલતા હોય છે. ઘણાએ તો ત્યાં સુધી કહ્યું કે, એ તો એના નસીબ સારાં હતાં એટલે અત્યાર સુધી ચાલ્યું, બાકી એનામાં કંઇ હીર હતું જ નહીં. તેણે પત્નીને કહ્યું કે, મારા વિશે અગાઉ કોઇ આવું બોલ્યું નથી. મારાથી સહન થતું નથી. એક તો ધંધાના કોઇ ઠેકાણાં નથી રહ્યાં અને ઉપરથી નજીકના લોકો જ નબળી વાતો કરે છે. પત્ની ડાહી અને સમજુ હતી. તેણે કહ્યું કે, કોઇ વાત દિલ પર ન લો. ધંધાની ચિંતા ન જ કરો. લોકો બોલે છે એની જરાયે પરવા ન કરો. સમય ફરશે અને બધું સરખું થશે એટલે આ લોકો જ પાછા ગુણગાન ગાવા લાગશે ! સંસારનો તો એ નિયમ છે કે નબળું ભાળે એટલે દબાવવા લાગે. સબળું થાય એટલે સલામ ઠોકવા લાગે !

જિંદગી વિશે એક વાત ગાંઠ બાંધીને રાખવા જેવી એ છે કે, કયારેક તો કપરો સમય આવવાનો જ છે. જિંદગી ફજરફાળકા જેવી છે, જે ગોળ ગોળ ફરે છે, કયારેક આપણને ઉપર લઇ જાય છે તો ક્યારેક નીચે લઇ આવે છે. ઉપર હોઇએ ત્યારે એ વાત યાદ રાખવાની કે નીચે જવાનું જ છે. નીચે હોઇએ ત્યારે

તો એ વાત ખાસ યાદ રાખવાની કે, ઉપર પણ જવાનું જ છે. માણસનું ડહાપણ, માણસની સમજણ, માણસની બુદ્ધિ અને માણસનું જ્ઞાન એના પરથી જ મપાતું હોય છે કે, એ દરેક સમયને કેવી રીતે ટેકલ કરે છે? સારા સમયને પણ સંભાળતા અને સાચવતા આવડવું જોઇએ. જે સારા સમયને સાચવી શકતા નથી, એ ખરાબ સમયમાં એકલા પડી જતા હોય છે. સારા સમયમાં માણસ કેટલો સારા રહે છે એના પરથી તેની ખરી સારપ છતી થતી હોય છે. એક યુવાન સંત પાસે ગયો. તેણે સંતને સવાલ કર્યો કે, જિંદગીમાં ખરાબ સમય કેમ આવે છે? સંતે કહ્યું, ખરાબ સમય ન આવતો હોત તો આપણને જિંદગી વિશેની સાચી સમજ કોઇ આપત? ખરાબ સમયના અનુભવો જ એ વાત સાબિત કરે છે કે, કોણ આપણા છે અને કોણ પરાયા છે? આપણા પોતાનામાં પણ દરેક પરિસ્થિતિમાં ટકવાની કેટલી તાકાત છે એ ખરાબ સમયમાં ઓળખાતી હોય છે.

ઘણા લોકો ખરાબ સમયમાં રોદણાં રડવા લાગ્યા હોય છે. કંઇ ન સૂઝે તો છેલ્લે એવા લોકો પોતાના નસીબને દોષ દે છે. મારાં નસીબ જ ખરાબ છે. મારા ભાગે જ બધી પીડા લખી છે. એક યુવાનની નોકરી ચાલી ગઇ. મગજ ઠેકાણે રહેતું નહોતું એટલે ઘરમાં પત્ની સાથે પણ ઝઘડા થતા હતા. એક વખત તેણે પિતાને વાત કરી કે, મારી હાલત ખરાબ છે. મારી જિંદગી જ મને ભારે લાગે છે. બધા મને હેરાન કરવા જ બેઠા છે. પિતાએ બધી વાત સાંભળીને કહ્યું કે, સૌથી પહેલાં તો તું જિંદગી સામે ફરિયાદો કરવાનું બંધ કર તો સારું! તું જેને પ્રોબ્લેમ કહે છે એ કામચલાઉ આવેલ મુશ્કેલી છે. નોકરી તો પાછી મળી જશે. એક નોકરીથી બીજી નોકરી વચ્ચેનો ગાળો આપણને માપે છે કે, આપણે કેટલામાં છીએ! તું ફરિયાદો કરીને અને બૂમમરાડા પાડીને તારી અણસમજ છતી કરે છે. ટકવાનું હોય ત્યારે તૂટી જવું પાલવે નહીં. કોની જિંદગીમાં ખરાબ સમય નથી આવ્યો? દરેકે દરેક માણસે મુશ્કેલીઓનો અનુભવ કર્યો જ હોય છે. મુશ્કેલીમાં પણ મજામાં રહેતા જેને આવડે છે એ જ જિંદગીનો સાચો જાણકાર હોય છે. ગમે તેવી મુશ્કેલી હોય તો પણ એક વાત યાદ રાખવાની કે, કશું જ કાયમી નથી, આ સમય પણ બદલવાનો છે અને સરવાળે બધું સારું જ થવાનું છે!

છેલ્લો સીન :

અમુક લોકોને વાત વાતમાં વાંધા પડે છે. પ્રોબ્લેમ એવા લોકોમાં જ હોય છે. વાંધો પણ વાજબી અને યોગ્ય હોવો જોઇએ. ખોટા વાંધા સંબંધ અને પ્રેમનું પતન નોતરે છે.

- કેયુ (સોજન્યઃ સંદેશ)

**- પાના નં-૧૬ પરથી**

હચમચાવી દે એવો હતો. એ દીકરીએ કહ્યું કે એને ભણવું હતું જયારે એનાં માતા પિતા એનું ભણતર છોડાવી લગ્ન કરાવવા પાછળ પડ્યા હતા. દીકરીનાં ઘણું સમજાવવા છતાં જયારે એનાં માતાપિતા માન્યાં નહીં ત્યારે દીકરીએ પોતાની જાતે જ રેઝર વડે પોતાના માંથામાંથી બધા વાળ ઉતારી નાખ્યાં! ખરેખર, એ દીકરીની ભણતર પ્રત્યેની કેવી તડપ હશે કે એણે પોતાનાં શૃંગાર અને સુંદરતા સમ વાળ જ ભણતર માટે કુરબાન કરી દીધા! ખાન સરે ખૂબ સુંદર પંક્તિ એ સમયે કહેલી,

**''કૌન કહેતા હૈ કી હંમેશા કફન સફેદ રંગ કા હોતા હૈં?**
**મેને બહુત સી લડકીયોં કો લાલ લહેંગેં મેં દફન હોતે દેખા હે!''**

કેટલીક કરૂણ વાત એમણે આ પંક્તિ દ્વારા સમજાવી છે સમાજને ઘણી દીકરીઓ લગ્ન બાદ એ ગમે તેટલી આવડતવાળી હોય કે ભણવા આગળ ઇચ્છતી હોય, પરંતુ લગ્ન બાદ એનાં હાથમાં ફક્ત રસોડું અને ઘરકામ જ આવે છે, કલમ નહીં! ખાન સરે ત્યારે ખૂબ સુંદર વાત કરી હતી કે ''કયારે બધાં સમજશે કે દીકરીઓને પણ ભણાવવી ખૂબ જરૂરી છે. આઝાદીથી અત્યાર સુધી આપણે પુરૂષો એકલા જ વિચારી રહ્યા છીએ કે દેશને આગળ લઇ જઇએ, પણ દેશ આગળ નથી વધી રહ્યો! સ્રીઓ જો સાથે આવી જશે ને તો પાકુ આ દેશ આગળ વધશે.'' ખરેખર, કેટલી સહજ વાત એમણે ખૂબ સહજતાથી કરી દીધી.

ઉપર બેઠા બેઠા ઇશ્વરે દરેકને તમામ હક એક સરખા જ આપ્યા હતા બસ એની વહેંચણી આપણે નીચે બેઠાં બેઠાં કરી દીધી કે કોનાં ભાગે શું આવશે!

દીકરીઓને ભણાવવાનો વિરોધ દુનિયા કરે શાને?
ભણતર, રોજગારી છોડાવવી બસ લગ્નનાં બહાને!
કહે ખાન સર, જે કરે છે સ્રીનાં ભણતરનો વિરોધ,
અધિકાર નથી એને સ્રી ડોકટર શોધવાનો દવાખાને.

**નવું સરનામું :**
Chetan Chhabildas Vasa
401, RBIES Jaidatta CHSL,
Near Haridas Nagar Circle, Kastur Park,
Shimpoli Road, Boivali (W), Mumbai-400092.

**નવું સરનામું :**
Sanjiv Nagindas Sanghavi
203, Zen Enclave Amrapali CHSL.,
Near Royal Veg. Treat Restaurant,
CKP Coloy, Eksar Road, Boivali (W),
Mumbai-400092. Mob.: 9820243389

## શ્રદ્ધાંજલીના શ્રદ્ધાસુમન



જન્મ :
તા.: ૨૯-૧-૧૯૫૮

અરિહંત શરણ :
તા.: ૧૬-૧૨-૨૦૧૪


# સ્વ. શ્રી કિરીટભાઈ વૃજલાલ વોરા (ધોરાજી)

**હાલ : રાજકોટ**

હૃદય અમારાં રડી પડે છે, જોઈ તસવીર આપની,
હૈયું માનવા તૈયાર નથી કે, નથી હયાતી આપની,
હૃદયમાં વાસ આપનો, ક્ષણ ક્ષણ ભુલાતો નથી,
સમતા અને મમતા, નમતા અને ખમતા,
સહનશીલતા અને સમજણપૂર્વક આપનાં કાર્યો કદી નથી ભુલાતાં.
પ્રભુ આપનાં આત્માને પરમશાંતિ અર્પે એવી હૃદયપૂર્વક પ્રાર્થના

**લિ. સ્વ. વૃજલાલ જગજીવનદાસ વોરા પરિવાર**

**સ્વ.વિજયાબેન વૃજલાલ વોરા**



| | | |
|---|---|---|
| પત્ની | : | ગીતાબેન કિરીટભાઈ વોરા |
| પુત્ર | : | કેવીન |
| પુત્રવધૂ | : | ખ્યાતિ |
| પૌત્ર | : | યુગ, વિહાન |
| ભાઈ-ભાભી | : | શૈલેષભાઈ - રૂપલબેન |
| ભાઈ-ભાભી | : | કૈલેશભાઈ - નીતાબેન |
| ભાઈ-ભાભી | : | રાજેશભાઈ - બીનાબેન |
| બહેન - બનેવી | : | સ્વ. જ્યોતિબેન - રાજેન્દ્રકુમાર |
| ભત્રીજા-ભત્રીજી | : | કેવલ-કાજલ, આગમ-પુજા, હેનલ, પ્રિયા |

Kayami - December

# ભાઈબીજ સ્નેહ સંમેલન અહેવાલ - ૨૦૨૪

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈ દ્વારા રવિવાર તા.૦૩-૧૧.૨૦૨૪ ના રોજ ભાઈબીજ સંમેલન અસ્પી ઓડીટોરીયમ મલાડ ખાતે યોજવામાં આવ્યું હતું.

આજે સંપન્ન થયેલા ભાઈબીજ સમ્મેલને એક ઇતિહાસ બનાવી દીધો.

સંમેલનની શરૂઆતમાં મંત્રીશ્રી આશિષ મહેતાએ આજના અતિથિ વિશેષ શ્રી ભરતભાઈ મહેતા, શ્રી ધીરૂભાઈ મહેતા, શ્રીમતી તુલાબેન મહેતા, શ્રી પ્રદીપભાઈ મહેતા તથા શ્રીમતી પ્રીતિબેન વસાને મંચ પર લઇ આવવા સમાજના હોદ્દેદારોને વિનંતી કરી હતી. ત્યારબાદ સહુએ દીપ પ્રાગટ્ય કર્યું હતું.

સભ્યોની પાંખી હાજરીને કારણે કાર્યક્રમ નિર્ધારીત સમય કરતાં અડધો કલાક મોડો શરૂ કરવામાં આવ્યો હીતો. દીપ પ્રાગટ્ય પછી વર્ષ દરમ્યાન દિવંગત થયેલા સભ્યો માટે બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.

શ્રી જયંતભાઈ દોશીએ સુમધુર સ્વરમાં નવકાર મંત્ર અને પછી સરસ્વતિદેવી વંદનાનું પઠન કર્યું હતું.

કાર્યક્રમના સંચાલક મંત્રીશ્રી આશિષ મહેતાએ પ્રમુખશ્રી કિરીટભાઈને સ્વાગત પ્રવચન માટે વિનંતી કરી હતી. પ્રમુખશ્રીએ પોતાના વકતવ્યમાં પ્રથમ સર્વે હાજર રહેલા સભ્ય પરિવારજનો, અતિથિ વિશેષ તથા દાતાઓનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. ત્યારબાદ તેમણે ત્રણ અગત્યની જાહેરાતો કરી હતી.

૧) કેળવણી સહાય યોજના માટે દરેક દાતા પરિવાર ૧૮૦૦૦/ રૂપિયા આપી એક છાત્રને એક વર્ષ માટે દત્તક લઇ શકે અને જો ૩,૬૦,૦૦૦/ આપે તો તેના વ્યાજમાંથી ૨૦ વર્ષ સુધી દત્તક લઇ શકે.

૨) સમાજના નેજા હેઠળ સમસ્ત મુંબઈ મહિલા મંડળની સ્થાપના કરવી.

૩) એવી જ રીતે ભવિષ્યમાં સમાજના યુવકમંડળની સ્થાપના કરવી.

પ્રમુખશ્રીના વકતવ્ય બાદ અતિથિ વિશેષ શ્રી ભરતભાઈ મહેતાનો પરિચય શ્રી રાજેન્દ્રભાઈ પુનાતરે આપ્યો હતો. ભરતભાઈ સમાજના ટ્રસ્ટી પણ છે અને એ રૂએ પોતાની લાક્ષણિક છટાથી સહુને શૈક્ષણિક સહાય માટે ઉદાર હાથે ફાળો લખાવવા ટહેલ નાખી હતી. પોતાની તરફથી ૬ છાત્રોને દત્તક લેવા માટે ૧,૦૮,૦૦૦/ ના ફાળો લખાવ્યો હતો. જોત જોતામાં લગભગ ૧૨ લાખ જેટલો ફાળો ભેગો થયો હતો.

ત્યારબાદ બીજા અતિથિ વિશેષ શ્રીમતી તુલાબેન કમલેશભાઈ મહેતાનો પરિચય શ્રી કિશોરભાઈ રામાણી એ આપ્યો હતો. શ્રીમતી તુલાબેને અતિથિ વિશેષ તરીકે સમાજે જે માન આપ્યું તે બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને સમાજના કાર્યોની પ્રશંસા કરી હતી.

ત્રીજા અતિથિ વિશેષ શ્રી ધીરજલાલ મણીલાલ મહેતાનો પરિચય પણ શ્રી કિશોરભાઇ રામાણીએ આપ્યો હતો. ચોકલેટ કાકા ના હુલામણા નામથી જાણીતા શ્રી ધીરૂભાઈએ સમાજની વિવિધ પ્રવૃત્તિઓની સરાહના કરી હતી.

ચોથા અતિથિ વિશેષ શ્રીમતી પ્રીતિબેન ચેતનભાઈ વસાનો પરિચય શ્રી કિર્તીભાઈ વસાએ આપ્યો હતો. સામાજિક તથા અન્ય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા શ્રીમતી પ્રીતિબેન પણ સમાજની સામાજિક પ્રવૃત્તિઓથી પ્રભાવિત થયા હતા.

પાંચમા અતિથિ વિશેષ શ્રી પ્રદીપભાઈ નૌતમલાલ શાહનો પરિચય શ્રી જયેશભાઈ એસ. વસાએ આપ્યો હતો. શ્રી પ્રદીપભાઇ એ સમાજનો આભાર વ્યક્ત કર્યો હતો.

અતિથિ વિશેષોના વકતવ્ય પછી શૈક્ષણિક તથા ધાર્મિક પારિતોષિક વિતરણનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. આ વરસે સમાજના અગ્રગણ્ય પરિવારના મોભી શ્રી ભોગીભાઈ ઝવેરચંદ વસા અને શ્રીમતી અન્સુયાબેન ભોગીભાઈ વસા પરિવાર તરફથી દરેકના હૃદયમાં અંકિત થઇ જાય તેમ તેમના ટ્રસ્ટ દ્વારા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ માં ૮૫ ટકા થી વધુ ગુણ મેળવનારા પ્રથમ ૧૦ વિદ્યાર્થીઓને અનુક્રમે રૂા.૧૦,૦૦૦/ અને રૂા.૧૨,૦૦૦/ ના ચેક આપવામાં આવ્યા હતા જેનો હોલમાં બેઠેલ દરેક જણે તાળીઓના ગડગડાટથી વધાવી લીધો હતો. પ્રમુખશ્રી કિરીટભાઈ તથા રીટાબેન મહેતાએ દાતા પરિવારનું શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું.

ભાઇબીજ સંમેલનના દાતા પરિવાર તરફથી શ્રી ધર્મીલભાઈ પ્રદીપભાઈ વોરા, શ્રીમતી જયોતિબેન દિનેશભાઈ વોરા અને શ્રીમતી ભારતીબેન મનોજભાઈ વોરા ઉપસ્થિત રહ્યા હતા જેમનું પ્રમુખશ્રી દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું.

ધોરણ ૧ થી ૯ તથા સ્નાતકો અને અનુસ્નાતકોના પારિતોષિક અતિથિ વિશેષના હસ્તે આપવામાં આવ્યા હતા.

ધાર્મિક પારિતોષકોના નામો શ્રી સંજયભાઈ મહેતાએ જાહેર કર્યા હતા અને દરેકને કાર્યક્રમ પત્યા પછી પોતાના ઇનામો મેળવી લેવાની વિનંતી કરી હતી.

ધોરણ ૧ થી ૯, ઉચ્ચ ક્રમાંક સિવાયના બાકી રહેલા ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ તથા સ્નાતકો અને અનુસ્નાતકના તથા ધાર્મિક પારિતોષિક ના રૂપિયા ૫૧,૦૦૦/- દાતા શ્રીમતી ચંદનબેન અરવિંદભાઈ મહેતાનું બહુમાન કારોબારીના સભ્યો શ્રી

- અનુસંધાન પાના નં-૪૩

શ્રી આદિનાથાય નમઃ

# ભાવભીની શ્રદ્ધાંજલી



જન્મ :
તા.: ૦૩-૧૨-૧૯૭૧

અરિહંત શરણ :
તા.: ૧૩-૧૨-૨૦૨૦

## સ્વ. વિપુલભાઈ પ્રફુલ્લચંદ્ર મહેતા

**વડાલ (સોરઠ) નિવાસી, હાલ બોરીવલી, મુંબઈ**

દિલની વાત હોઠ પર આવીને અટકી ગઈ, શબ્દો ખૂટ્યાને લાગણીઓ ગૂંચવાઈ ગઈ...
જીંદગી હતી ટૂંકી અને માયા મોટી લગાડી ગયા, છાના ખૂણે રડી લઈશું જ્યારે આવશે યાદ
ક્યારેય કલ્પી ન શકાય તેવી તમારી ઓચિંતી વિદાય, કાળજુ અમારૂ કંપાવી ગઈ
અંજલિ આપતા હૈયુ ફાટે છે, શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે
પરમાત્મા આપના પ્રેમાળ આત્માને શાંતી અર્પે એજ પ્રાર્થના

શ્રદ્ધાંજલિ સહ શોકાતુર

**પિતા** : સ્વ. ડૉ. પ્રફુલચંદ્ર જે. મહેતા
**મોટાભાઈ** : ડૉ. નિમેષ પી. મહેતા
**માતા** : રસિલાબેન પી. મહેતા
**ભાભી** : ડૉ. અલ્પા એન. મહેતા
**પત્ની** : જિજ્ઞાબેન વી. મહેતા
**ભત્રીજી** : દ્રષ્ટિ
**ભત્રીજો** : દર્શન

**સ્વ. જેચંદ કાલિદાસ મહેતા પરિવાર**

Eye 2 Eye
DIVYADRASHTI EYE CARE CENTRE
i5 opticals
Dr. P. J. Mehta Memorial Charitable Trust
022-28955555 / 28931927
Kayami - December

# વાંચ્યું... ગમ્યું... છાપ્યું...

હંમેશા મુજબ સાંજે ૬.૦૦ વાગ્યે ઓફીસથી નીકળી ઘરે પાછા જવા ૬.૩૦ની ભાયંદર ફાસ્ટ પકડી ઘરે જવા નીકળ્યો. રસ્તા માં મારા મિત્ર પ્રથમનો ફોન આવ્યો કે ફાઉન્ટન પાસે ઊભો રહેજે મને થોડું કામ છે. હું ત્યાં તેની રાહ જોઇ બાજુમાં બનેલા પાર્કીંગની રેલીંગ પર બેઠો હતો.

એક ૭૦-૭૫ વર્ષના વૃદ્ધ જેને જાડા ચશ્મા પહેરેલા હતા અને મેલાં-ઘેલા કપડાં પહેર્યા હતાં તે મારા પાસે આવી મારા પગ પકડીને બોલ્યાઃ ''સાહેબ બહુ ભુખ લાગી છે એક વડાપાવ ખવડાવશો ?'' તે કોઇ ભિખારી હોય તેવું લાગતું ન હતું કે તેને ભિક્ષા માંગવાની આદત હોય તેમ પણ લાગતું ન હતું. અચાનક પગ પકડવાથી હું હડબડીને નીચે ઉતરી ગયો. આ વ્યક્તિ ને જોઇ મને સંકોચ થયો. મેં કહ્યું ''કાકા ભુખ લાગી છે ?'' ને પછી ખીસામાં હાથ નાખી ૫૦ની નોટ કાઢી તેમના હાથમાં મુકી તો તેઓએ તરતજ પાછી આપી કહેઃ ''નહી ભાઇ આટલા બધા નહીં મને ફક્ત વડાપાઉ જેટલાં જ પૈસા આપો''. હું જઇને બે વડાપાઉં લઇ આવ્યો. કાકા ત્યાં જ નીચે બેસીને ખાવા લાગ્યા.

મેં પૂછ્યું, ''કાકા ક્યાંથી આવો છો ? કયાં જવું છે ? કોઇ ને શોધવા નીકળ્યા છો કે શું ?'' તેમણે જવાબ આપ્યોઃ ''હું પુના પાસેના એક ગામથી આવું છું. તારા જેવડો મારો પુત્ર અહીં કોઇ મોટી કંપનીમાં એન્જિનીયર છે. બે વર્ષ પહેલાં તેને મુંબઈમાં લવમેરેજ કરેલાં. તેની ભણેલી પત્નીને અમારા ગામડીયા સાથે રહેવું ગમતું નથી એટલે છોકરો અહીં તેની સાથે છેલ્લા બે વરસથી અલગથી રહે છે. પરમ દિવસે તેનો અમારા પર ફોન આવ્યો હતો કે અમેરિકામાં નોકરી મળી છે. પત્નીને લઇને ૧૦ વર્ષ માટે અમેરીકા જાય છે. મુંબઈથી તો વરસે દિવસે એકાદવાર મળવા આવી જતો હતો પણ હવે આટલું દૂર પરદેશ જતાં પહેલાં એકવાર તો મળીને જો'',,, કહ્યું તો કહે ''જલ્દી જાવું છે એટલે સમય નથી.'' મને થયું ૧૦ વર્ષ હવે જીવન હશે કે નહીં કોને ખબર ? એટલે હું જ મળી આવું. પોડોશી પાસે ઉછીના પૈસા લઇને ટિકિટની વ્યવસ્થા કરી. હવે મારી પાસે પૈસા નથી. બે દિવસથી મુંબઇમાં ફરું છું. પણ લોકો કહે છે કે અહીં ફાઉન્ટનમાં એરપોર્ટ નથી એ તો અંધેરીમાં છે. પરંતુ મારા પુત્રએ તો મને આ જ સરનામું લખાવ્યું હતું.''... કહીને તેણે ખીસ્સા માંથી એક ચબરખી કાઢી બોલ્યા, ''આ મોબાઇલ પણ ખરાબ થઇ ગયો લાગે છે. બે દિવસથી મારા દિકરાનો એક પણ ફોન નથી આવ્યો.''

મેં પૂછ્યુંઃ ''તમે કેમ ફોન કરીને પૂછી નથી લેતાં ?''

તો કહે, ''મને ફોન કરતા નથી આવડતું.''

મેં તેમનો ફોન લઇ રિસીવ્ડ કોલનું લીસ્ટ કાઢીને બે દિવસ પહેલાં આવેલા એકમાત્ર નંબર પર ફોન કર્યો તો સામેથી ફોન કટ કરવામાં આવ્યો. મેં વારંવાર પ્રયત્ન કર્યો પણ રિઝલ્ટ તે જ આવ્યું.

છેવટે મેં તેમની પાસેથી ચબરખી લઇ સરનામું વાચ્યું. આતંર રાષ્ટ્રીય હવાઇ મથક-ફાઉન્ટન, ફોર્ટ, મુંબઈ. મને સમજાઇ ગયું હતું કે માં-બાપ ને ટાળવા માટે જ તેણે ખોટું સરનામું લખાવ્યું હતું અને હવે ફોન ઉપાડવાનું પણ ટાળતો હતો.

મને સમજાઇ ગયું હતું કે જે દિશામાં તેનું વિમાન ગયું હતું તેના પાછા ફરવાની શક્યતા ઘણી ઓછી હતી. અથવા તો એનો પુત્ર અહીં મુંબઈમાં જ રહે છે પણ પિતાને મળવા, સાચવવા નથી માંગતો. મને સમજાઇ ગયું હતું કે પુત્ર તરફથી થઇ રહેલી ઊપેક્ષા તેને સમજાતી નહોતી અથવા તો જે સમજાય રહ્યું હતું કે તેનો પોતાનો પુત્ર તેને અવગણી રહ્યો છે તે સ્વીકારવા તેમનું મન તૈયાર નહોતું.

મેં કહ્યું, ''કાકા હવે તો વિમાન નીકળી ગયું હશે તમે પાછા ગામડે તમારા ઘરે જાવ... કાકી તમારી રાહ જોતાં હશે.'' તેમના હાથમાં રહેલી જુની થેલી પર તેણે હાથ ફેરવ્યો મેં જોયું, ડબ્બા જેવું લાગ્યું મે પૂછ્યું, ''કાકા આમાં શું છે.''

તેઓ બોલ્યા આતો મારા દિકરાને મોહનથાળ બહુ ભાવે એટલે તેની માં એ બનાવી ને મોકલ્યો હતો.''..!!

મારા દિલ માં એકદમ ધ્રાસ્કો પડ્યો..!!

મને પારાવાર વેદના થઇ. મને થયું કે તેમના નાલાયક દિકરાની હકીકત તેમને સમજાવું પણ મારી હિંમત ખલાસ થઇ ગઇ હતી.

મારા કાળજાના કટકા થઇ રહ્યા હતા. હું નિઃશબ્દ બની તેમની સામે જોઇ રહ્યો હતો...! મેં કહ્યુંઃ ''કાકા હવે પુના જાવ મોડું થઇ જાશે વિમાન તો હવે જતું રહ્યું.'' રડતી આંખે તેઓ ત્યાંથી વિદાય થયાં. ભારે પગલે હું ત્યાંથી ચાલતો થયો. થોડે આગળ ગયા પછી મને સમજાયું કે તેઓની પાસે તો પુના બસ કે ટ્રેનમાં જવા માટે પણ પૈસા નથી.


હું ઝડપથી પાછો ગયો અને મનાવીને મારા ઘરે લઇ આવ્યો કહ્યું કે એક દિવસ રોકાઇને આવતી કાલે તમે પુના જજો. ટિકિટની વ્યવસ્થા હું કરી આપીશ.

તે દિવસે મોડી રાત સુધી મને ઊંઘ ના આવી. બાજુના રૂમમાં કાકાની પણ આ જ હાલત હતી... રહી રહી ને મને એક જ વિચાર આવતો હતો કે ભુખના માર્યા એક વડાપાવ માટે કાકલૂદી કરતાં એ વૃધ્ધ શું પુત્ર માટે લાવેલા પોતાની પાસેના ડબ્બામાંથી એક મોહનથાળ નું બટકું નોતા ખાઇ શકતા!!? પણ એ મોહનથાળ તો માતા એ એના દિકરા માટે બનાવ્યો હતો ને... બાપ તે થોડો ખાઇ શકે ?

આટલો બધો પુત્ર પ્રેમ...!!!

બીજા દિવસે હું તેને પુનાની ટ્રેનમાં મુકી આવ્યો... ઘરે આવ્યો તો પત્ની એ કહ્યું કે કાકા મોહનથાળ નો ડબ્બો ભુલી ગયા છે... મેં કહ્યું એ ભુલી નથી ગયા પણ આપણા બન્ને માટે ઇરાદાપૂર્વક રાખીને ગયા છે.

## ભાવભીની શ્રદ્ધાંજલી



# સ્વ. શ્રી રમણીકલાલ ગોકળદાસ સંઘવી (જુનાગઢ)

**જન્મ તા.: ૧૧-૩-૧૯૩૬ / સ્વર્ગવાસ : તા.૧૨-૧૨-૨૦૧૮**

સળગે છે ગુણોની ધુપસળી, સુવાસ ચોમેર ફેલાય છે,
સરીતા સાગર ને મળવા જાય છે, સ્વજનોની આંખો છલકાય છે,
ન ઓળખી શક્યા અમે આપને આજ તમારા ગુણો અણમોલ થાય છે,

**પરમ કૃપાળુ પરમાત્મા તમારા દીવ્ય આત્માને**
**શાંતી પ્રદાન કરે એવી હૃદયપૂર્વકની પ્રાર્થના**

**શ્રદ્ધાંજલી સહ**

**ધર્મપત્ની** : લીલાવંતીબેન

**પુત્ર-પુત્રવધુ** : અશોક - સંગીતા / મુકેશ - દીપ્તી

**દીકરી-જમાઈ** : હીના - કીરીટ / ઈલા - કમલેશ

**પૌત્ર-પૌત્રવધુ** : નીરવ - નીધી / નૈમીષ - પાર્થ - રાજ નૈમીષી - માધુરી

**પ્રપૌત્રી** : ધાર્મી

**સમસ્ત સંઘવી પરિવારનાં જય જીનેન્દ્ર**

Kayami - December

# વિદ્યાર્થી માતા-પિતાનાં વ્યક્તિત્વનો અભ્યાસ કરે તો શું થાય ?

**આ અભ્યાસથી મમ્મી-પપ્પાએ તેમના જીવનમાં શું કર્યું, નથી કર્યું તેમાંથી બોધ લીધો. વડીલની ભૂમિકાનું મહત્ત્વ સમજયા.**

**– ડો. અશોક પટેલ**

કોઇ વ્યક્તિને પૂછીએ કે, તમે તમારાં પપ્પા કે મમ્મીનો પરિચય આપો. તો તે વ્યક્તિ સંપૂર્ણ અને સાચો પરીચય આપી શકશે ખરી? આમ તો આપણે સૌ આપણાં મમ્મી-પપ્પાને ઓળખીએ છીએ ખરાં? હા, તેમનાં વિષે ઘણું ઘણું જાણતા હોઇશું, પણ જાણવું અને ઓળખવું એક અલગ બાબત છે.

અમદાવાદની એસ.યુ.જી. બી.એડ. કોલેજે આવી તક તેના તાલીમાર્થીઓને આપી. બી.એડ. ના અભ્યાસક્રમના ભાગરૂપે તાલીમાર્થીઓએ અભ્યાસ કરવાનો હાયે છે. મોટેભાગે વ્યક્તિ અભ્યાસમાં કોઇ સંસ્થા કે વિશિષ્ટ વ્યક્તિનો વિવિધ પાસાંને ધ્યાનમાં રાખીને અભ્યાસ કરાવવામાં આવે છે. પણ અહીં આ કોલેજે તમામ તાલીમાર્થીઓને તેમના પપ્પા કે મમ્મીનો અભ્યાસ કરવાનું કહ્યું.

મમ્મી કે પપ્પાનો અભ્યાસ કરાવવાનો મુખ્ય હેતુ શૈક્ષણિક તો હતો, પણ સાથે સાથે દરેક તાલીમાર્થી સાચા અર્થમાં ઉંડાણથી પોતાનાં મમ્મી કે પપ્પા વિષે જાણકારી મેળવે, તેમને સમજે તેમના માટે ગૌરવ અનુભવે અને તેમના જીવનમાંથી બોધપાઠ લે.

આ માટે તાલીમાર્થીઓએ વિવિધ પાસાં જેવાં કે, જન્મ, બાળપણ, શિક્ષણ, લગ્ન, આર્થિક-સામાજિક પરિસ્થિતિ, નોકરી કે ધંધા માટેના આદર્શો, જીવનમાં આવેલી સમસ્યાઓ અને તેના ઉકેલો, પસંદ-નાપસંદ બાબતો, ગુણ-અવગુણ, અવનવા સ્વપ્નો અને તે માટેના પ્રયત્નો જેવી અનેક બાબત પર મમ્મી કે પપ્પા સાથે વાતચીત કરીને માહિતી મેળવી. તાલીમાર્થીઓએ પોતાના અનુભવો જણાવતા કહ્યું કે, અમે કેટલીક બાબતમાં ક્રોસ ચેકીંગ પણ કરેલું! ચોક્કસ માહિતી માટે અન્ય સગાં કે તેમના મિત્રો પાસેથી પણ માહિતી લીધી.



તાલીમાર્થીઓએ માહિતી મેળવવા માટે સરેરાશ ૬૦ થી ૮૦ કલાક જેટલો સમય આપ્યો હતો અને લગભગ ૧૨૦ કરતાં પણ વધુ પ્રશ્નો પૂછ્યા હતા. તાલીમાર્થીઓને આનંદ એ વાતનો થયો કે, મમ્મી કે પપ્પા સાથેની આ મુલાકાત કે અભ્યાસથી અમને એવી ઘણી બાબતો જાણવા મળી કે જે અમે આ પહેલાં જાણતા ન હતા. અત્યાર સુધી અમે પપ્પાને પપ્પા તરીકે જ જોતા હતા, પણ આ અભ્યાસ પછી અમને પપ્પા એ કેવા વ્યક્તિ છે તેનો અહેસાસ થયો. હવે અમે કોઇ નવી વ્યક્તિ કે જેનો અમારા ઉપર કે સમાજ પર પ્રભાવ છે તેનો પણ અભ્યાસ કરવા માંગીએ છીએ, અભ્યાસ દરમિયાન બધા જ તાલીમાર્થીઓનું કહેવું એવું હતું કે, અમને સાચી માહિતિ જ આપવામાં આવી છે. કોઇ પણ પપ્પા કે મમ્મીએ માહિતી છુપાવી નથી કે ખોટું બોલ્યા નથી એવું અમે માનીએ છીએ. આ અભ્યાસ પછી અમને અમારાં મમ્મી પપ્પા માટે જે ગૌરવ અને માન હતાં તેમાં ઘણો વધારો થયો. તેમાં પણ મમ્મી-પપ્પાએ તેમનાં જીવનમાં શું કર્યું અને નથી કર્યું તેમાંથી અમે ઘણો બોધ લીધો છે.

ઘરમા વડીલની ભૂમિકાનું શું મહત્વ છે તે અમને સમજાયું જીવનમાં કેવી સમસ્યાઓ આવી શકે અને તેમાંથી બહાર નીકળવા શું કરવું જોઇએ એ પણ શીખ્યા. એ પણ શીખ્યાં કે બધાં સગાં આપણાં નથી હોતાં અને કેટલાંક આપણાં હોય છે. પણ એ સગાં નથી હોતાં.

આ અભ્યાસ દરમિયાન આપણી પ્રાચીન સંસ્કૃતિ, સમાજના રીતરિવાજ કે પરંપરા વિષે વધુ માહિતી મળી જેના કારણે સમાજમાં કોને, કયાં અન્યાય થતો હતો તે પણ જાણ્યું અને તેમાંથી શીખ્યાં કે ભવિષ્યમાં આપણે શું કરવું કે ના કરવું.

પપ્પા-મમ્મીમાં રહેલા ગુણ અને વિશેષતા પણ જાણવા મળી. તેઓ અત્યાર સુધી અમારાં મમ્મી-પપ્પા જ હતાં, પણ હવે એમ લાગે છે કે તેઓ અમારા મમ્મી-પપ્પા ઉપરાંત એક આદર્શ વ્યક્તિ કે વિશિષ્ટ વ્યક્તિ છે, જે આ અભ્યાસ પછી જાણવા મળ્યું.

મોટા ભાગના તાલીમાર્થીઓનું કહેવું એવું હતું કે, આ અભ્યાસનો વિષય લઇને અમે સૌપ્રથમ જયારે મમ્મી-પપ્પાને કહ્યું કે તમને વિવિધ બાબતે પ્રશ્ન પૂછીશ, મારે તમારા વ્યક્તિત્વનો અભ્યાસ કરવાનો છે. ત્યારે મોટાભાગના વાલીઓએ નવાઇ પામવાની સાથે જણાવ્યું કે કોલેજ આવું કરાવે છે તે માન્યામાં નથી આવતું. આ ખૂબ જ સારી બાબત છે.

શાળા કોલેજની ભૂમિકા માત્ર પુસ્તકિયું જ્ઞાન આપવાની



નથી. પુસ્તકિયું જ્ઞાન તો ઘેર, પડોશ કે ટ્યૂશન કલાસ પણ આપી શકે છે. આજના ટેકનોલોજી અને છેતરપિંડીના યુગમાં બાળકનો સર્વાંગી વિકાસ થાય અને તે સાચા અર્થમાં સામાજિક બને તે માટેના પ્રયત્નો શાળા-કોલેજે કરવા પડશે.

આજે વૃદ્ધાશ્રમની સંખ્યા વધતી જાય છે. માણસ કહેવાય છે સામાજિક પ્રાણી, પણ તે સામાજિક ફરજો કેટલી બજાવે છે? ઘર અને સમાજમાં શાંતિ નહિ હોય તો વ્યક્તિ કયાંથી શાંતિ અનુભવી શકશે? તેવા વાતાવરણ વચ્ચે આજનાં સંતાનોને તેમનાં માબાપ માટે આદર ઊભો થાય તેવા પ્રયત્નો સમાજ અને શાળા-કોલેજે કરવા પડશે. એક બી.એડ.કોલેજે વ્યક્તિ અભ્યાસમાં પોતાના મમ્મી -પપ્પાનોજ અભ્યાસ કરવાનું કહ્યું તે જગતની પ્રથમ ઘટના હશે. આ ઘટના નો ચેપ જેટલો વહેલો અને વધુ લાગે તે સમાજના હિત માં છે.

**અશોકી :** મા-બાપ પર એટલો વિશ્વાસ રાખો જેટલો વિશ્વાસ દવા પર હોય છે. હા, ક્યાંક કડવાશ હશે પણ તમારા ફાયદા માટે જ હશે.

**- પાના નં-૩૮ પરથી**

અતુલભાઈ વસા અને શ્રી જયેશભાઈ એસ. વસાએ કર્યું હતું.

મુખપત્રના માજી તંત્રીશ્રી મહેન્દ્રભાઈ પુનાતર દ્વારા સમાજ તથા મુખપત્રના કાર્યમાં સહકાર બદલ શ્રી પ્રવીણભાઈ વોરાના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું.

આરોગ્ય સહાય યોજનાના ડાયમંડ દાતાઓ શ્રી શ્રીકાંતભાઈ એસ વસા અને શ્રીમતી ઇન્દુબેન એસ વસા પરિવાર તરફથી શ્રી શિરીષભાઈ વસા અને શ્રીમતી તનુબેન વસા ઉપસ્થિત રહ્યા હતા અને તેમનું બહુમાન શ્રી મહેશભાઈ વોરા અને શ્રીમતી પ્રીતિબેન વોરાએ કર્યું હતું.

શ્રી પ્રકાશભાઈ રમણીકલાલ મહેતા નું બહુમાન શ્રી ભરતભાઈ અને શ્રીમતી દક્ષાબેન મહેતા એ કર્યું હતું. અનિવાર્ય સંજોગોને આધીન શ્રીમતી વીણાબેન પ્રકાશભાઈ મહેતા હાજર રહી શક્યા ન હતા.

શ્રી હસમુખભાઈ ગુલાબચંદ મહેતા નું બહુમાન શ્રી પ્રેમલભાઈ અને શ્રીમતી કલ્પનાબેન મહેતાએ કર્યું હતું. અનિવાર્ય સંજોગોને અનુસાર શ્રીમતી વર્ષાબેન હસમુખભાઈ મહેતા હાજર રહી શકયા ન હતા.

શ્રી કિરીટભાઈ અને શ્રીમતી રીટાબેન મહેતાનું બહુમાન શ્રી પંકજભાઇ અને શ્રીમતી રેખાબેન વોરાએ કર્યું હતું.

પ્રમુખશ્રીએ પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે ગયા ભાઈબીજના સંમેલનના સભ્યોની પાંખી હાજરીને કારણે આ વખતે નાનો (૫૦૦ વ્યક્તિઓની ક્ષમતાવાળા) હોલમાં આયોજન કરવામાં આવ્યું હતું પણ હાજરી બમણી થઇ ગઇ તેનો વિશેષ આનંદ છે પણ સભ્યોને થોડી અગવડતા ભોગવવી પડી તેનો રંજ છે. દાતાઓનો સુંદર પ્રતિસાદ મળ્યો તે બદલ તેમનો ખૂબ ખૂબ આભાર.

આભાર વિધિ દ્વારા મંત્રીશ્રી પરિમલ ભીમાણીએ સર્વે અતિથિ વિશેષ, કારોબારીના સભ્યો, હાજર રહેલા સહુ સભ્યો તથા મલાડ મંડળનો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંત્રીશ્રી આશિષ મહેતાએ કર્યું હતું.

બમણી હાજરીથી જમણવારમાં સભ્યોને થોડી અગવડ પડી પણ કેટરર શ્રી ચિરાગ વોરાએ છેલ્લે સુધી ગરમાગરમ રસોઇ પીરસીને રંગ રાખ્યો. સ્વાદિષ્ટ ભોજનની વિવિધ વાનગીઓની પસંદગી શ્રી શૈલેષભાઈ વોરાએ કરી હતી જે એકાસણું/બેસણું કરનાર સભ્યો પણ વાપરી શકે. શૈલેષભાઈનો ખૂબ ખૂબ આભાર. જમણવારની સંપૂર્ણ જવાબદારી મલાડ મંડળે ખુબજ સુપેરે પાર પાડી હતી તે બદલ મંડળનો ખૂબ ખૂબ આભાર. સભ્યોએ પણ પરિસ્થિતિને અનુકૂળ શિસ્ત જાળવી હતી.

સ્વાદિષ્ટ ભોજન જમીને સહુ છૂટા પડ્યા એક યાદગાર સંમેલનની ક્ષણો દિલમાં સંકેલીને.

## શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

### અનાજ માસિક તિથિ યોજનાના સહાયક દાતા



**પૂજ્ય પિતાશ્રી ગીરધરલાલ જીવનભાઈ વોરા**

(૧૭મી પુણ્યતિથિ ૦૭/૧૦/૨૦૦૭ )

### આર્થીક સહાય માસિક તિથિ યોજનાના સહાયક દાતા



**પૂજ્ય માતુશ્રી સમજુબેન ગીરધરલાલ વોરા**

(૩૩મી પુણ્યતિથિ - ૦૧/૧૨/૧૯૯૧)

# બાકી ફક્ત શિરામણું છે, તુ હવે તો આવ

– ડૉ.શરદ ઠાકર

**ડૉ. યાદવ પહેલેથી વિચારી રાખેલી વાત એવી રીતે રજુ કરી રહ્યા, જાણે આ વિચાર એમના દિમાગમાં સાવ અત્યારે જ આવ્યો હોય, 'આપ ચાહો તો મેરા એક કામ કર સકતે હો. અગર આપકો તકલીફ ન હો તો...' એમને લાગ્યું કે અહીં એમણે થોડીવાર માટે અટકવું જોઇએ એટલે અટકી ગયા.**

ઘરે વિઝિટ ઉપર આવેલા ડો.યાદવે દર્દીની નાડ તપાસીને ટેવ વશ જાહેર કરી દીધું. 'અચ્છા હૈ ! ફિકર કરને કી કોઇ બાત નહીં હૈ. તાઉજી અચ્છે હો જાયેંગે. મેં ઇન્જેક્શન લગા દેતા હું' વૃદ્ધ કાકાની મોટી વહુ તપેલીમાં ગરમ પાણી લઇને આવી. ડૉ.યાદવે કોણ જાણે કેટલા વરસ જુની સિરિંજ અને નીડલ ગરમ પાણીમાં ડૂબાડયા અને પછી તરત જ બહાર કાઢી લીધા. કાચની શીશીમાંથી પ્રવાહી દવા સિરિજમાં ખેંચતાં ખેંચતાં મોટી વહુના મુખમંડળ તરફ જોઇ લીધું. પછી ટેવવશ બોલી ઉઠ્યા, 'અચ્છા હૈ !' વહુને ગમ્યું નહીં. એ તરત જ તપેલી લઇને રસોડામાં ચાલી ગઇ. છેક ડો.યાદવ વિઝિટ ફી લઇને પાછા ગયા, ત્યાં સુધી બહાર ન આવી. અમદાવાદમાં બનેલી સાવ સાચી ઘટના છે. ડો.યાદવ ઉત્તર પ્રદેશના હતા કે બિહાર બાજુના એ રામ જાણે ! ખુદ ડોકટરને પણ હવે આટલા વરસ પછી એ વાત યાદજ નહીં હોય. ગુજરાત એમને સદી ગયું હતું. એમની પાસે એલોપેથી, હોમિયોપથી કે નેચરોપથી જેવી કોઇ જ ડિગ્રી ન હતી. ક્લિનીકની બહાર પાટિયા ઉપર એમના નામની નીચે સી.સી.પી. એવી ડિગ્રી લખેલી હતી, જેનો મતલબ એમ.સી.આઇ. કે ગુજરાતના સરકારના આરોગ્ય ખાતાને પણ માલુમ ન હતો. કેટલાક બુઝુર્ગો કહેતા કે પાંત્રીસેક વરસ પહેલાં આ ડો.યાદવ અમદાવાદમાં પહેલીવાર આવ્યા ત્યારે કાંકરિયા તળાવ આગળ રોજ સાંજે પતરાની પેટીમાં ચના જોર ગરમ વેચતા હતા. એ વખતે એ માંડ પંદર-સોળ વરસના હશે. કપડામાં એમની પાસે માત્ર એક ફાટેલું શર્ટ અને થીગડાંવાળી ચડી હતી. પછી એક જનરલ પ્રેક્ટિસનરને ત્યાં ઝાડુ-પોતાં મારવાનું કામ મળી ગયું. પછી એ કમ્પાઉન્ડર તરીકે બઢતી પામ્યા અને પછી અમદાવાદના પરા વિસ્તારમાં દુકાન ખોલીને બેસી ગયા. પાટિયા પર ડિગ્રી તો લખવી પડે ! ત્યાં એમને યાદ આવ્યું કે વરસો પહેલાં ગામડાની શાળામાં પોતે ચાર ચોપડી પાસ થયા હતા. આમ ડિગ્રી બની ગઇ : સી.સી.પી. ! એક પ્રચલિત દોહામાં કહેવાયું છે કે 'ઢોંગી કો ગુજરાત ભલો' એ જેટલું બનાવટી સાધુઓને લાગુ પડે છે એનાં કરતા વધુ તો ડિગ્રી વગરના ડોકટરોને લાગુ પડે છે. ગામડાંની વાત જવા દો ! અમદાવાદ જેવા શહેરમાં જ સેંકડોની સંખ્યામાં બોગસ દવાખાનાં ધમધમે છે. એમ.સી.આઈ. ની જગ્યાએ નવી રચાયેલી સમીતિ જેટલી ચીકાશ મેડિકલ કોલેજોને માન્યતા આપવાના મામલે કરે છે એનાથી સોમા ભાગની તપાસ આવા ઊંટવૈદો માટે કરતી હોય તો કેટલું સારું ! ડો.યાદવ પાસે ભલે કોઇ પણ શાખાની 'પથી' ન હતી, પણ એમની પાસે 'સિમ્પથી' ભારોભાર હતી. વિનમ્ર વર્તન, મીઠી જબાન અને ઓછી ફી એમના સદ્ગુણો હતા. દુકાન સરસ ચાલતી હતી. ખાસ વાત એ હતી કે એ વિસ્તારમાં અન્ય ડોકટરો દર્દીના ઘરે વિઝિટ માટે જવાની ના પાડી દેતા હતા, ત્યારે ડો.યાદવ હંમેશા એના માટે તૈયાર રહેતા હતા. એમની વિઝીટ ફી પણ કંઇ વધારે ન હતી. ઉપર જે દર્દીની વાત ટાંકી એ અમથાકાકાને લાગલગાટ ત્રણ દિવસ સુધી ઇન્જેકશનો આપવાનાં હતાં. બીજા દિવસે પણ ડો.યાદવ જઇ પહોંચ્યા. કાકાનું કાંડુ પકડ્યું. પલ્સ પકડી, પછી ટેવ મુજબ જાહેર કર્યુ, 'અચ્છા હૈ. સબ જલ્દ સે જલ્દ ઠીક હો જાયેગા.' આ વખતે ગરમ પાણીની તપેલી લઇને નાની વહુ આવી. ડો.યાદવ રંગમાં આવી ગયા. ટેવની માત્રા કરતાંયે વધારે બોલી ઊઠ્યા, 'આજ તુમ આઇ હો ? વાહ ! કયા બાત હૈ ! આજ તો કલ સે ભી જયાદા અચ્છા હૈ...' પછી વહુ સામે જોઇને લુચ્ચુ હસ્યા, 'પાની કાફી ગરમ હૈ ઔર તુમ ભી..!' છેલ્લા શબ્દો એ ધીમેકથી બોલ્યા જેથી અમથાકાકા સાંભળી ન શકે. હવે દડો નાની વહુના મેદાનમાં હતો. જો એણે ધાર્યું હોત તો એની જેઠાણીની જેમ એ પણ રસોડામાં ભરાઇ ગઇ હોત. પણ એણે એવું ન કર્યું હસીને, હોઠ મચકોડીને, કમર મટકાવીને એણે જવાબ આપ્યો, 'તમને કેમ ખબર પડી કે હું ગરમ છું. ? તમે તો મને હાથ પણ અડાડયો નથી!' આવો ફૂલટોસ દડો ફેંકાય પછી કોઇ સિક્સ ફટકારવાનું ચૂકે ખરો ? ડો.યાદવે સિક્સ ફટકારી દીધી, 'હું તો હાથ અડાડવાની ફિરાકમાં જ છું, મગર

તુમ હા પાડો તો બાત આગે બઢે ને ?' ડો.યાદવે ભાંગી-તુટી ગુજરાતીમાં મનની ઇચ્છા વ્યક્ત કરી દીધી. ભાષા ભલે ભાંગી-તૂટી હતી, પણ મનની મુરાદ અખંડિત અને અકબંધ હતી. જવાબમાં નાની વહુ પોતે તો કશું પણ બોલી નહીં, પણ એનાં સંકેતો ઘણું બધું બોલી રહ્યા. પાંપણોનું ઝૂકી જવું ! હોઠોનું કંપી જવું, કાનની બૂટનું લાલ થઇ જવું, પગમાં પહેરેલા ઝાંઝરનું ધીમા, મંજુલ સ્વરે ઝણકી જવું ! આ એક જવાબ હતો જે નિછાવર થવા માટે તડપતી સ્ત્રી જ બોલી શકે અને આ એ જવાબ હતો જે એને ઝીલવા માટે તત્પર પુરૂષ જ સમજી શકે. ડો. યાદવે જાહેર કરી દીધું, 'અમથાકાકા, ત્રણ દિવસમાં તમને સારું તો થઇ જશે, પણ તમારું બ્લડપ્રેશર બહુ હાઇ છે. માટે તમારે પંદર દિવસ માટે પથારીમાં સૂઇ રહેવું પડશે. હું રોજ ઘરે આવીને તમારું બી.પી. માપી જઇશ.' સરસ મજાની વ્યવસ્થા ગોઠવાઇ ગઇ. ડો.યાદવ રોજ જુદા જુદા સમયે વિઝિટ માટે આવતા હતા. કયારેક એવા સમયે જયારે પુરુષ વર્ગ હાજર હોય, કયારેક એવા સમયે જયારે ઘરમાં માત્ર નાની વહુ આશા એકલી જ હોય. આવું એમણે એટલા માટે નક્કી કર્યું હતું જેથી ઘરમાં કોઇને એમના ઇરાદાઓ ઉપર શંકા ન જન્મે. પદંર દિવસ પૂરા થયા, એટલે અમથાકાકાના મોટા દીકરા વિનોદભાઈએ પૂછ્યું, 'યાદવ સાહેબ, આપની ફી ?' આપ સે કયા લેના ? ઇતને દિનોં મેં પૂરી ફેમિલી સાથ ઇતના પ્યારા નાતા બન ચૂકા હૈ કિ બસ, પૈસે કી તો અબ બાત હી મત કીજીયે. 'અરે એવું તે કંઇ ચાલે ? તમારા આ ઉપકારનો બદલો અમે બીજી કઇ રીતે... ?' હા, વો બાત હૈ ! ડો.યાદવ પહેલેથી વિચારી રાખેલી વાત એવી રીતે રજુ કરી રહ્યા, જાણે આ વિચાર એમના દિમાગમાં સાવ અત્યારે જ આવ્યો હોય, 'આપ ચાહો તો મેરા એક કામ કર સકતે હો. અગર આપકો તકલીફ ન હો તો...' એમને લાગ્યું કે અહીં એમણે થોડીવાર માટે અટકવું જોઇએ એટલે અટકી ગયા. 'નહીં! નહીં! અમને કશી જ તકલીફ નહી નડે. તમે બોલી નાખો !' વિનોદભાઈ ડોકટરના અહેસાનનો બદલો વાળી આપવા માટે જાણે જીવ ઉપર આવી ગયા હતા ! 'બાત એવી છે કે હું રહતા હું સિટી મેં... ઔર મારું આ દવાખાનું છે ઇધર! રોજ દુપહર મેં મૈં દો ઘંટે કે લિયે આરામ ફરમાને કિ લિયે... તમારા ઘર બડા હૈ... અગર એક કમરા.. લેકિન આપકો તકલીફ નહીં પડની ચાહિયે !' તકલીફ હોય તો પણ એને જણાવવાની હિંમત જ હવે કોની પાસે હતી ? આમ ડો.યાદવ રોજ બપોરે બેથી પાંચ વાગ્યાના સમયગાળામાં આરામ ફરમાવવા માટે અમથાકાકાના ઘરના એક ઓરડામાં ગોઠવાઇ ગયા.

## પ્રેરણાસ્રોત

માં ના મૃત્યુ બાદ બારમા તેરમાંની ક્રીયા પૂર્ણ થતા બહેન નમ આંખે ભાઈ પાસે પોતાના ઘરે જવા માટે રજા માંગે છે. અને કહે છે. ''બધું કામ પૂરું થઇ ગયું છે. ભાઈ.. હવે હું ઘરે જવા માટે રજા લઇ શકું ?''

આટલું તો માંડ બોલાયું. ત્યાં આંખ ભરાઇ આવે છે. પણ ભાઈ તેને ત્યાંથી જ રોકતા કહે છે. ''ના બહેન હજુ એક કામ બાકી છે'' અને માં ની અલમારીની ચાવી આપતા કહે છે. ''બહેન આલે માં ની અલમારીની ચાવી તારી પસંદની દરેક વસ્તુ તું લઇ જા'' પણ બહેને ચાવી લેવાની વાતનો અસ્વીકાર કરી ભાભીને અલમારીની ચાવી આપતાં કહ્યું કે ''ભાભી તમે જ અંત સુધી માંની સેવા કીર છે. મારા કરતાં પણ તમે એમની નજીક હતાં.ભાઈની અનુમતિથી ભાભી અલમારી ખોલે છે. જેમાં કિંમતી ઘરેણાં, કપડાં વગેરે વસ્તુઓ છે. ભાઈ/ભાભી બહેનને કહે છે કે માં ની બધી વસ્તુ સાથે લાગણી જોડાયેલી છે. આમાની તમને ગમતી કોઇપણ વસ્તુ તમે લઇ જાવ. ત્યારે બહેન ભાભીને સંબોધિને કહે છે. ''ભાભી તમે અંતિમ સમય સુધી દીકરી બનીને માં ની સેવા કરી છે. તમે જ આ ચીજ વસ્તુઓ ભોગવવાના સાચાં હકદાર છો. વધારે નહીં બોલવા જતાં આંખ ભરાઇ આવે છે. આમ છતાં માંડ માંડ એટલું બોલાયું ''જો તમે મને લેવાં માટે કહીં જ રહ્યા છો તો આ તમામ ચીજ વસ્તુઓથી પણ કિંમતી વસ્તુ છે જે મારે જોઇએ છે આપો તો લઇ જાઉં.'' ભાઈને આશ્ચર્ય થયું કે તારી સામે તો અલમારી ખોલી!!! હવે કઇ એવી વસ્તુ છે કે જે તેને જાણ બહાર હોય. ? જે છે તે તારી સામે જ છે. પરંતુ સમજદાર ભાભી તુરત જ પતિને રોકતા કહે છે તમે નહીં સમજો. એમને શું જોઇએ છે હું સમજી શકું છું. એ જે કિંમતી ચીજ માંગે છે એ દુનિયાની દરેક દીકરી ચાહે છે. એટલું કહેતાં ભાભી બહેનને ગળે લગાડીને રડી પડે છે. અને કહે છે. ''દીદી તમારી વેદનાં હું સમજી શકું છું. માના ગયા બાદ પણ તમારૂં પિયર સલામત રહેશે. એ ચિંતા ન કરો. ભાઈ/ભાભીના રૂપમાં અમે માતા/પિતા જ છીએ. છતા પણ તમે માંની નિશાની સ્વરૂપે કઇ તો લેતાં જાવ. બહેન... ભાભીને ગળે લગાડીને કહ્યું કે ''ભાઈ/ભાભીના રૂપમાં માતા/પિતા મળે તો એનાથી કિંમતી બીજું શું હોય શકે ? છતાં પણ તમે કોઇ નિશાની લઇ જવા માટે કહો છો તો હું મારા પિયરના હસતાં ખેલતા પરિવારની તસવીર લઇ જવા માગું છું. ભાઈ/ભાભીના રૂપમાં પિયર સલામત છે તો મારે કોઇ કિંમતી વસ્તુની જરૂર નથી. જે મને માં ન હોવાનો અહેસાસ કયારે પણ નહીં થવા દે. એટલું કહી પુરા પરિવારની તસ્વીર લઇ બહેન ત્યાંથી નમ આંખે વિદાય થાય છે.

**અને છેલ્લે...**

ઉંમર સાથે કંઇ લેવા-દેવા નથી, એકબીજાનાં વિચારો મળે ત્યાં જ દોસ્તી થાય છે.

# શ્રદ્ધાંજલી

જન્મ :
તા.: ૧૫-૧૧-૧૯૨૧



અરિહંત શરણ :
તા.: ૨૭-૧૨-૧૯૯૨

## સ્વ. શ્રી ન્યાલચંદ કપૂરચંદ પારેખ

**મૂળ વતન : સરદારગઢ**

સ્વ. શ્રી ન્યાલચંદ કપૂરચંદ પારેખના જન્મ સોરઠના સરદારગઢ ગામે સને ૧૯૨૧માં થયેલો હતો. તેઓ સ્વ. શ્રી રાયચંદ વેલજી વસા, પાટણવાવવાળાની સુપુત્રી ગુલાબબેન સાથે લગ્નગ્રંથી જોડાઈ અને ૧૯૪૩ની સાલમાં મુંબઈ આવીને ઘાટકોપર ખાતે કુટુંબીજનો સાથે વસવાટ કર્યો. મિલનસાર, શાંત અને મૃદુભાષી સ્વ. શ્રી ન્યાલચંદ કપૂરચંદ પારેખને પરિવારમાં ત્રણ સુપુત્રીઓ અને બે સુપુત્રો છે. તેમના પરિવારની આજની તારીખે કુલ ૪૨ જણાનાં પરિવારમાં તેમણે તેમના જીવનમાં અભ્યાસ, કરકસર, નિયમિતતાનાં સંસ્કારનું સિંચન કરેલ અને જેના પરિણામ રૂપે તેમના કુલ ૪૨ જણાનાં પરિવારમાં ૨૧ ડૉક્ટર, ૨ ચાર્ટડ એકાઉન્ટન્ટ અને ૫ એન્જીનિયર છે.

ત્રણ સુપુત્રી શ્રીમતી હસુમતીબેન ભોગીલાલ સંઘવી, શ્રીમતી કુસુમબેન જશુભાઈ લાખાણી (સીએ-યુ.એસ.એ), ડૉ.સરલાબેન પિયુષભાઈ કોઠારી (યુ.એસ.એ), બે સુપુત્રો શ્રી ધીરેન્દ્રભાઈ પારેખ - મુંબઈમાં અને ડૉ. જયંત પારેખ યુ.એસ.એ.માં વસવાટ કરે છે.

**સદ્‌ગતના આત્માને શાંતિ આપે એવી પ્રભુ પાસે પ્રાર્થના**

**સ્વ.ગુલાબબેન ન્યાલચંદ પારેખ પરિવાર**

| | |
|---|---|
| **શ્રી ધીરેન્દ્ર ન્યાલચંદ પારેખ** | **ડૉ. જયંત ન્યાલચંદ પારેખ (યુ.એસ.એ)** |
| **શ્રીમતી કોકિલા ધીરેન્દ્ર પારેખ** | **ડૉ. અરુણા જયંત પારેખ (યુ.એસ.એ)** |
| **શ્રી મયંક ધીરેન્દ્ર પારેખ** | **શ્રી નિરજ જયંત પારેખ (યુ.એસ.એ)** |
| **શ્રીમતી વૈભવી મયંક પારેખ** | **શ્રીમતી સરીથા નિરજ પારેખ (યુ.એસ.એ)** |
| **કુમારી હીયા મયંક પારેખ** | **શ્રી મિલન જયંત પારેખ (યુ.એસ.એ)** |

**હિના પરાગ પટની, પરાગ કે. પટની, સાગર પરાગ પટની અને સ્મિત પરાગ પટની**

મહાલક્ષ્મી એપાર્ટમેન્ટ, બંગલો - બી, કામા લેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૮૭

મોબાઈલ : ૯૮૨૧૦૭૧૩૨૭

Kayami - December

# વડીલો જરા સાચવજો હવે, આ દુનિયા તમારી રહી નથી થોડા માનપાન ઓછાં થાય, કોઇ ભાવ પૂછે નહીં તો ખોટું લગાડશો નહીં

સમયની સાથે બધું બદલાઇ ગયું છે. ગઇકાલે જે હતું તે આજે નથી અને આજે જે છે તે આવતીકાલે રહેશે તેનો ભરોસો નથી. જેમ જેમ સમય બદલાય છે તેમ તેમ લોકો પણ બદલાઇ રહ્યાં છે. આની સૌથી મોટી અસર કુટુંબ જીવન પર થઇ રહી છે. સ્વાર્થ, લોભ, લાલચ અને મારાપણાની ભાવના ઉત્તરોતર વધી રહી છે. પ્રમે દયા, માયા, સાથ, સહકાર એકબીજાને ઉપયોગી થવાની અને જેવું છે તેવું ચલાવી લેવાની ભાવના ધીરે ધીરે નષ્ટ થઇ રહી છે. સંયુક્ત કુટુંબો લુપ્ત થયાં છે. સૌને પોતાની રીતે અને પોતાના ખ્યાલો મુજબ જીવવું છે. બે પેઢીઓ વચ્ચેનું અંતર વધ્યું છે. મોટાં ઘરો હવે નાનાં પડવા લાગ્યા છે. માત પિતા કે ઘરના વડીલો હવે આડાં આવવા લાગ્યા છે. જે માત પિતા પાસે કશી મૂડી કે મિલ્કત નથી તેમની હાલત કફોડી છે. તેઓ શટલ સર્વીસની જેમ બે કે ત્રણ પુત્રો વચ્ચે અથડાયા કરે છે. માબાપની જવાબદારી કોઇ પ્રેમથી ઉઠાવતું નથી. લોક લાજે, શરમે અને લાચારીથી થોડું ઘણું થતું હોય છે. માત પિતા અને સંતાનો વચ્ચે અંતર અને ઘર્ષણ વધ્યું છે. આના ઘણાં બધાં કારણો છે. વડિલો એ પણ સમજવું જોઇએ કે હવે પહેલાંના જેવો સમય રહ્યો નથી. નવી અને જૂની પેઢી વચ્ચે વૈચારિક અંતર વધ્યું છે. જુના વિચારો, વહેવારો અને રસમો હવે કામ આવે તેમ નથી. થોડું ચલાવી લેતાં શીખવું જોઇએ. અપેક્ષાઓ ઓછી કરવી જોઇએ. કેટલીક વખત સંતાનો થયાં પછી આ પ્રેમ વધુ વિભાજિત થાય છે. માબાપને એમ લાગે છે કે હવે દીકરો પહેલાંના જેવો રહ્યો નથી. દીકરાની પણ પોતાની જવાબદારી છે એ સમજી શકાય તેમ છે. જે પ્રેમ માત પિતાનાં હિસ્સામાં બચ્યો છે તેનું સરખી રીતે જતન થાય તો પણ ઘણું છે. આ સંતાનોની ફરજ છે. પૈસાના અભાવે માતપિતાની સંભાળ અને કાળજી લેવાતી નથી એવું નથી. સંતાનો ધારે તો ટાંચા સાધનોમાં પણ માત પિતાને સાચવી શકે છે. સુખી પૈસાદાર કુટુંબોમાં પણ માત પિતા નાની ઓરડીમાં કેદ થઇ જાય છે. તેમને એરકન્ડિશન રૂમ કે નોકર ચાકર કરતાં પરિવારનો પ્રેમ અને સ્નેહની વધું જરૂર છે. દીકરો સાંજે આવીને. મા બાના ખબર અંતર પૂછે, બે ઘડી તેમની સાથે વાતચીત કરે તો માબાપનું અડધું દુઃખ દૂર થઇ જાય. પુત્ર ફરજ બજાવે અને પ્રેમ કરે તેમાં ઘણો ફરક છે. ફરજ પૈસાથી બજાવી શકાય છે. તેમના માટે કહેવાતી સુખ સગવડો ઊભી કરી શકાય છે. પણ પૈસાથી પ્રેમ થઇ શકતો નથી. ગમે તેવો શ્રીમંત દીકરો હોય પણ જયારે માતા કે પિતાનાં માથા પર હાથ મૂકીને માથું હળવે હાથે દબાવે અને પ્રમેથી વાત કરે ત્યારે તેમને સ્વર્ગ જેવું લાગે છે.

માત પિતા અને વડીલોની પણ ફરજ છે કે નવા વિચારો અને આવિષ્કારોનો સ્વીકાર કરવો. હવે જૂની પરંપરાઓ અને અક્કડ વલણ ચાલી શકે એવું નથી. હવે દરેક જગ્યાએ એડજસ્ટ થવું પડે છે.

મા બાપની પાયાની જરૂરિયાત દીકરાઓ પૂરી પાડે પછી વધારે અપેક્ષા રાખવી જોઇએ નહીં. દીકરાઓનો પણ પોતાનો પરિવાર છે. એના પ્રત્યેની પણ તેની જવાબદારી છે. તેથી કાંઇ ઉણપ વર્તાય તો ખોટું લગાડવું નહીં. શાંતિથી સમજણથી રહેવું. હસતું મોઢું રાખવું. સમજવું બધું પણ બને ત્યાં સુધી બોલવું નહીં. થોડી દુરંદેશી રાખવી અને સમયને ઓળખવો. પુત્ર કરતા પુત્રવધુ સાથે સારા પ્રેમાળ સંબંધો રાખવા, તેને સહકાર આપવો, તેનાં માટે સારું બોલવું. તેની આડે ન આવવું. આટલું કરશો તો સહાય એની મેળે આવશે અને સુખ શાંતિથી રહી શકશો. પરંતુ હકીકત એ છે કે માત પિતાને પુત્રવધુ સાથે જ વાંકું પડે છે. માત પિતા માને છે કે બધા દુઃખની જડ એ જ છે. તે દીકરાને ખોટું ભરાવ્યા કરે છે. આમ પૂર્વગ્રહ વધતો જાય છે. આમાં પુત્રવધુને બહુ નુકશાન નથી. પણ મા બાપને સહન કરવું પડે છે.


માતા પિતાએ શરૂઆતથી પોતાની સલામતી માટે તૈયારી રાખવી જોઇએ. થોડી મૂડી મિલ્કત પોતાનાં હાથમાં રાખવી જોઇએ. આજનાં જમાનામાં પૈસા સિવાય બીજું કોઇ તમારૂં સાથી નથી. આપણી શક્તિ હોય ત્યારે થોડી મૂડી સાચવી રાખવી. પુત્ર પ્રમેમાં અને આવેશમાં આવીને ભાવુક બનીને બધું સંતાનોને સોંપી દેવું નહીં. નહીંતર પસ્તાવાનો વારો આવશે. માટે ભાગના માત પિતા પુત્રોને મદદ કરવા માટે પોતાની અંગત મૂડી આપીને દુઃખી થાય છે પછી પૈસા પણ મળ્યા નથી અને પ્રેમ પણ મળ્યો નથી.

મોટી ઉંમરે થોડા માનપાન ઓછાં થાય, કોઇ ભાવ પૂછે નહીં, સલાહ માને નહીં તો ખોટું લગાડવું નહીં. કારણકે આ દુનિયા હવે તમારી રહી નથી.

પુત્રો અને સંતાનોએ પણ માત પિતા પ્રત્યેનું ઋણ અદા કરવું જોઇએ. તમે જેવું કરશો તેવું તમારાં સંતાનો પાસેથી મેળવશો. સંતાનો તમારૂં બારિક નિરીક્ષણ કરતાં હોય છે. બધું અહીંનું અહીં છે. આપણા કર્મો કદી આપણને છોડતા નથી. માત પિતા અને પરિવાર માટેનો પ્રેમ જડીબુટ્ટી જેવો છે. તેને સાચવી રાખશો. આવી તક ફરીથી મળશે નહીં.

## બીજી પુણ્યતિથિએ ભાવાંજલી

**વિશ્વાગમન :**
**૦૮-૦૨-૧૯૨૮**



**દેહવિલય**
**૦૨-૧૨-૨૦૨૨**





# સ્વ. શ્રી મનસુખલાલ હેમચંદ ભીમાણી

આપનો સદાય હસમુખો, મિલનસાર સ્વભાવ, આપની કુટુંબવાત્સલ્યતા
અમારી આંખોની પાંપણો વચ્ચે સતત દર્શનીય રહેશે. મોભી મુરબ્બી તરીકે સમગ્ર પરિવારને સસ્મિત
પ્રફુલ્લિત ચહેરાથી એક સૂત્રે જોડીને પ્રેમાળ
પ્રતિતી થકી ''સબસે ઊંચી પ્રેમ સગાઈ'' ના મંત્રને સાર્થકતા અર્પણ કરી છે.
આપની અપાર આત્મીયતા અને આપ્તજનજો માટેની સહૃદય ખેવના
આપના જીવનના અગત્યના માઈલસ્ટોન રહ્યા છે.
જીવનની પ્રત્યેક ક્ષણે આપનું સકારાત્મક અભિગમ ધરાવતું
વ્યક્તિત્વ અવિરતપણે સંસ્કાર સૌરભ મહેકાવતું રહેશે

**પરિવારની ભાવભીની અભિવંદના...**

**પુત્ર** : સ્વ.વિરેન્દ્ર મનસુખલાલ ભીમાણી, પરીમલ મનસુખલાલ ભીમાણી
મુકેશ મનસુખલાલ ભીમાણી, પિયુષ મનસુખલાલ ભીમાણી
**પુત્રવધુ** : અ.સૌ.પ્રેરણા વિરેન્દ્ર ભીમાણી, અ.સૌ.દર્શના પરીમલ ભીમાણી
અ.સૌ.નિશીતા મુકેશ ભીમાણી, અ.સૌ.અલ્કા પિયુષ ભીમાણી
**બેન** : અ.સૌ.રેખા રોહિત દોશી / **બનેવી** : રોહિતકુમાર ચંદુલાલ દોશી
**પૌત્ર** : અમિષ પરીમલ ભીમાણી, ક્તિેષ પિયુષ ભીમાણી, દિપેશ પિયુષ ભીમાણી
**પૌત્રવધુ** : અ.સૌ.ભક્તિ અમિષ ભીમાણી, અ.સૌ.નિષ્ઠા ક્તિેષ ભીમાણી
**પૌત્રી** : અ.સૌ.કાવ્યા તેજશ શાહ, અ.સૌ.વૈશાખી કલ્પેશ મહેતા
અ.સૌ.હિલોની રીતેશ દોશી, અ.સૌ.ધારા પારસ મહેતા
**દોહિત્ર** : જીનેશ રોહિત દોશી / **દોહિત્રવધુ** : અ.સૌ.હેમાંગી જીનેશ દોશી
**દોહિત્રી** : અ.સૌ.પૂજા હાર્દિક પારેખ
**પ્રપૌત્ર/પ્રપૌત્રી** : મોક્ષ, નિવાન, પ્રિશા, આશ્વી, વિયાન, આરવ
**પ્રદોહિત્રી** : હેઝલ

# શ્રી સોરઠ વિસાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈ

આયોજિત

## શ્રી તારાચંદ ધનજી મહેતા પરિવાર પ્રેરિત

**સમૂહ લગ્નોત્સવમાં જોડાવા**

## ભાવભર્યું નિમંત્રણ

**તા. ૨૩-૦૨-૨૦૨૫**

સમૂહ લગ્નોત્સવ એટલે સ્વજનો સાથે સમસ્ત સમાજનાં મંગલમય આશીર્વાદથી થતું દામ્પત્ય જીવન. સમૂહલગ્ન એ સમાજની એકતા અને બંધુતાનું મહત્ત્વનું પરિબળ છે. સમાજની એકતા સામૂહિક પ્રસંગોમાં રચાયેલી છે. સમૂહ લગ્નોત્સવમાં ભાવાત્મેકતા સાથે પારંપારિક મૂલ્યોનું જતન થાય છે. સમય અને સંપત્તિના બચાવ સાથે વિકાસનું કદમ છે. ક્રાંતિકારી માર્ગ છે. સમાજ સમયની સાથે તાલ મિલાવવા સમૂહલગ્નો યોજે છે. તો એ તાલમાં આપણે તાલ મિલાવીએ.

આ વર્ષે વિ.સંવત ૨૦૮૧ મહા વદ દશમ, તા.૨૩-૦૨-૨૦૨૫ રવિવારના રોજ શુભદિવસે યોજવાનું નક્કી કરેલ છે. સમાજના લગ્નોત્સુક યુગલોને જોડાવવા ભાવભર્યું નિમંત્રણ છે. તાઃ ૨૩-૦૧-૨૦૨૫ સુધીમાં ફોર્મ ભરીને સમાજની ઓફિસમાં નામ નોંધાવી જવા. બે યુગલો કે તેનાથી વધુ યોગલો જોડાશે તો જ સમૂહ લગ્ન શક્ય બનશે.

જે પરિવારોમાં લગ્નોનો શુભ પ્રસંગ છે તે સર્વે પરિવારોને સમૂહ લગ્નોત્સવમાં જરૂર જોડાવવા ભાવભર્યું નિમંત્રણ...

**કિરીટકુમાર પી. મહેતા - ૯૮૨૦૨ ૨૯૦૩૬**

**સમૂહ લગ્ન અને પરિચય મિલન સબ - કમિટી**

**કિશોર એલ. રામાણી - ૯૩૨૧૯ ૮૮૩૭૩**

**શૈલેષ વી. વોરા - ૯૮૨૧૦ ૪૫૪૨૨**

**જયેશ સી. વસા - ૯૮૩૩૪ ૫૨૧૧૦**

**યોગેશ વી. વોરા - ૭૯૭૭૭ ૭૯૭૧૩**

## ડિસેમ્બર માસના મુખપત્રના ''સૌજન્ય દાતા''

# શ્રીમતી જયાબેન ધીરજલાલ મનજી મહેતા



''ઝરણું પ્રેમનું વહેવડાવી હૃદયમાં,
ખીલવ્યા ઉપવન સંબંધના,
નિર્મળ સ્ફટિક સમા સ્નેહ થકી
ખમાવ્યા પરિતાપો સંબંધના,
જિંદગી પરિવારની શણગારી
ધર્મ સિંચનથી''

''આપના જીવનથી પરિવારજનોના
જીવનમાં ખીલી પૂનમ
ધર્મથી બનાવ્યો આખા
પરિવારને મધુવન''

શ્રીમતી જયાબેનનો જન્મ તા.૨૩-૪-૧૯૨૯ના રોજ થયો હતો. તેઓ શાંત, સરળ સ્વભાવ, વ્યવહાર કુશળતા, ઉત્તમ કુટુંબ ભાવના ધરાવતા અને દરેકની સાથે હળવું - મળવું, સરસ વાણી - વર્તન વહેવાર કેમ સાચવવો તેની સૂઝ ધરાવતાં હતાં. આપણાં સમાજમાં અને ઘાટકોપરના વડીલો અને મંડળમાં આગવી પ્રતિભા ધરાવતાં હતાં. તેમાં પિયર તથા શ્વસુર પક્ષ, બંનેમાં લાડલા હતા.

તેમના પરિવારમાં બે પુત્રો જયેશ અને વિરલ, પુત્રવધૂઓ પુનમ અને મધુરિકા, ત્રણ દીકરીઓ ચંદનબેન, આશાબેન અને શિલ્પાબેન, પૌત્ર પુનિત જયેશભાઈ, પૌત્રવધૂ દેવલ પુનિતભાઈ તેમજ ત્રણ પૌત્રી પૂજા, વિધિ અને રચના.

પ્રેમાળ માતા, આદર્શ ગૃહિણી અને પરિવારના મોભી તરીકે તેમણે સૌ પ્રત્યે પ્રેમ અને સ્નેહ વર્ષાવ્યો હતો. તેઓનો સ્વર્ગવાસ તા.૧૫-૪-૧૯૯૯ના રોજ થયેલ હતો.

પ્રેમ, દયા અને કરુણાના મહાસાગર જેવા જયાબહેન ધીરજલાલ મહેતાને માનભરી અંજલી. આવા પરિવારના માતુશ્રીને કોટી કોટી વંદન....

– ધીરજલાલ મનજી મહેતા પરિવાર

PUBLISHED ON 20TH OF EVERY MONTH • RNI - 22805 / 1973 • SORATH VISASHRIMALI (Guj. Monthly)
• POSTING UNDER THE REGISTRATION NO. MCS / 140 / 2024-2026 • POSTED AT MALAD WEST SO (ND)
MUMBAI - 400064. ON the 24TH & 25ST OF EVERY MONTH

## ડિસેમ્બર માસના મુખપત્રના ''સૌજન્ય દાતા''

### વ્હાલસોયા ભાઈ

### સ્વ. શ્રી રશેષને શ્રદ્ધાંજલિ





## સ્વ. શ્રી રશેષ મધુબેન વિનોદરાય મહેતા



**જન્મ : તા.૨૯-૧૨-૧૯૭૫**

**સ્વર્ગવાસ : ૨૯-૧૨-૨૦૦૪**

ચિ.ભાઈ રશેષ મધુબેન વિનોદરાય મહેતાની ૧૯મી
પુણ્યતિથીની સ્મૃતિરૂપે



''સોરઠ વિસાશ્રીમાળી'' મુખપત્રને ડિસેમ્બર
માસના સૌજન્યદાતા તરીકે યોગદાન મળેલ છે.

**શ્રીમતી પુનિતા જનક દેસાઈ પરિવાર (યુ.એસ.એ.)**
**માતુશ્રી મધુબેન વિનોદરાય મહેતા (મુંબઈ)**

Printed & Published by Jayesh S. Vasa on Behalf of Shri Sorath Visashrimali Jain Samaj, Printed at Lucky Printers, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shri Sorath Visashrimali Jain Samaj, Tarachand Dhanjibhai Mehta Karyalaya, Devkaran Mansion, Block No.7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Editor : RAJENDRA O. PUNATAR